णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

આગમોદ્ધારક-સંગ્રહ : ૨૦

# આગમોદ્ધારકની અમૃતદેશના


દેશનાકાર : પૂ. આગમોદ્ધારક આચાર્યપ્રવરશ્રી

આનંદસાગરસૂરીશ્વરજી મહારાજ



—: પ્રકાશક :—

શ્રી જૈન પુસ્તક પ્રચારક સંસ્થા, સુરત.

વીર સં૦ ૨૪૯૬ વિક્રમ સં૦ ૨૦૨૬ આગમોદ્ધારક સં૦ ૨૯

: પ્રાપ્તિસ્થાન :

જૈન આનંદ પુસ્તકાલય

ગોપીપુરા, સુરત.

મુલ્ય રૂા. ૨-૦૦



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## પૂ. આગમોદ્ધારક આચાર્ય દેવશ્રી આનંદસાગરસૂરીશ્વરજીના અંતેવાસી શિષ્ય મુનિરાજ શ્રી ગુણસાગરજી મ. ની શુભ પ્રેરણાથી

# દ્રવ્ય સહાયકોની નામાવલી

૧૨૫-૦૦ પ. પૂ. આગમોદ્ધારક આચાર્યદેવ શ્રીઆનંદસાગરસૂરીશ્વરજી મહારાજના અનન્ય-પટ્ટધર વર્તમાન શ્રતના જ્ઞાતા ગચ્છાધિપતિ આચાર્ય ભગવાન્ શ્રી માણિક્યસાગર સૂરીશ્વરજી મહારાજ આદિ વિશાલ સાધુ સમુદાય સાથેનું સુરત નવાપરા જૈનઉપાશ્રયમાં સંઘની વિનંતિથી સં૦ ૨૦૨૫માં થએલ ચાતુર્માસની અંદર અનેક ધાર્મિક કાર્યો તપસ્યાઓ વગેરે થએલ તેમાં સુરત નિવાસી ક્ષાત્રિકુળ-ભૂષણ જયંતીલાલ ગણપતરામ વખારીયાના ધર્મપત્ની કંચનબેને કરેલ અઠ્ઠાઈની તપસ્યા નિમિત્તે તેમના સુપુત્રો તરફથી.

૧૦૧-૦૦ સુરત નિવાસી સ્વ૦ ગોમાજી મોતીજીના સ્વ૦ સુપુત્રો કસ્તુરભાઈ તથા વીરચંદભાઈના શ્રેયોથે વીરચંદ હરજીવનદાસ એન્ડ બ્રધર્સ તરફથી.

૧૦૧-૦૦ અંકલેશ્વર નિવાસી સ્વ. પ્રતાપચંદ મૂળચંદ ચોકસીના ધર્મપત્ની સવિતાબેનના સુપુત્ર શીવલાલભાઈએ કરેલ સિદ્ધિતપની તપસ્યા તથા પુત્રવધુ પાર્વતીબેને કરેલ ૫૧ ઉપવાસની મહાન્ તપસ્યા નિમિત્તે.

૧૦૧-૦૦ મુંબઈ નિવાસી ચીમનલાલ માણેકચંદ જરીવાલાના સ્વ. ધર્મપત્ની લીલાવતીબેનના શ્રેયોર્થે તેમના સુપુત્ર કીર્તીકુમાર તથા સુપુત્રી ઈન્દીરાબેન તથા અંજનાબેન તરફથી.
હ. અમીચંદ ગોવિંદજી એડવોકેટ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૧૦૧-૦૦ સુરત નિવાસી સ્વ. પ્રેમચંદ નાનાભાઈના શ્રેયોર્થે તેમના ધર્મપત્ની લીલાબેન તથા તેમના સુપુત્ર. ડૉ. પ્રબોધચંદ્ર તથા પુત્રવધુ રસીલાબેન તથા પૌત્ર નૈતિનકુમાર–ધીરેન્દ્રકુમાર–હરેન્દ્રકુમાર તરફથી,

૧૦૧-૦૦ સુરત નિવાસી સ્વ. મોહનલાલ દલીચંદ ચોકસીના શ્રેયોર્થે તેમના ધર્મપત્ની ચંચળબેન તથા તેમના ભાઈ મગનલાલભાઈ તથા ભત્રીજા રમેશચંદ્ર તરફથી.

૧૦૧-૦૦ સ્વ. પ. પૂ. આચાર્યદેવશ્રી વિજયકેશરસૂરીશ્વરજી મહારાજના સમુદાયના કાર્યદક્ષ વિદુષી સાધ્વી નેમશ્રીજી મ. કરેલ અઠ્ઠાઈ, વિદુષી સાધ્વી ત્રિલોચનાશ્રીજી મ. કરેલ માસક્ષમણ, વિદુષી સાધ્વી વારિષેણાશ્રીજી મ. કરેલ અઠ્ઠાઈ તથા વિદુષી સાધ્વી રત્નત્રયાશ્રીજી મ. કરેલ નવ ઉપવાસની તપસ્યા નિમિત્તે.

૧૨૫-૦૦ વિદુષી સાધ્વી શ્રીતિલકશ્રીજી મ. ના સુશિષ્યા સાધ્વી શ્રીમૃગેન્દ્રશ્રીજી મ. આદિ ઠાણાએ ૨૦૨૫માં નવાપરા ઉપાશ્રયે ચાતુર્માસ કરેલ તેમાં થયેલ જ્ઞાનખાતાની ઉપજમાંથી બેસનાર બેનો તરફથી.

૧૦૧-૦૦ સ્વ. વિદુષી સાધ્વી સૂર્યકાન્તાશ્રી મ. ના શિષ્યા પદ્મલતા શ્રી મ. ના શિષ્યા મયણાશ્રી મ.ની શુભ પ્રેરણાથી સૂર્યશીશુ સ્નાત્રભક્તિમંડળ કટક (ઓરીસ્સા)ની બહેનો તરફથી.

૧૦૧-૦૦ સુરત નિવાસી મૂળચંદભાઈના ધર્મપત્ની અ. સૌ. કંકુબેને કરેલ ઉપધાનતપની આરાધના નિમિત્તે. વિજય સાયકલ સ્ટોર્સ તરફથી.

---

મુદ્રક : વસંતલાલ રામલાલ શાહ, પ્રગતિ મુદ્રણાલય,
ખપાટિયા ચકલા સૂરત.

પ્રકાશક : શ્રી પાનાચંદ સાકેરચંદ મદ્રાસી, શ્રી જૈન પુસ્તક પ્રચારક સંસ્થા,
ગોપીપુરા સૂરત.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## પ્રકાશકીય–નિવેદન

અમારી આ **શ્રી જૈન પુસ્તક પ્રચારક સંસ્થા** પૂ. આગમોદ્ધારક આચાર્ય દેવ **શ્રીઆનંદસાગરસૂરીશ્વરજી** મહારાજશ્રીના ઉપદેશથી સ્થાપાયેલી છે. એ પૂર્વાચાર્યોના તેમજ પૂ. આગમોદ્ધારકશ્રીના ગ્રંથોનું પ્રકાશન કરે છે.

પૂ. મુનિરાજશ્રી ગુણસાગરજી મહારાજશ્રીની પ્રેરણાથી આ તથા બીજી સંસ્થા દ્વારા અત્યાર સુધીમાં નીચેના ગ્રંથો પ્રકાશિત થયા છે.

આ પુસ્તકમાં પૂ. આગમોદ્ધારકશ્રીએ આપેલાં તત્ત્વથી ભરપુર વ્યાખ્યાનો પ્રસિદ્ધ કરીએ છીએ.

| | |
|---|---|
| સિદ્ધચક્ર માહાત્મ્ય | ઉપદેશ રત્નાકર |
| સુધાસાગર ભા. ૧–૨ | (મૂળ તથા ભાવાર્થ) |
| સાગરસમાધાન ભા. ૧–૨ | શ્રી પ્રજ્ઞાપના વ્યાખ્યા ભા. ૧ લો |
| શ્રીનવસ્મરણાનિ ગૌતમરાસશ્ચ | શ્રી પ્રજ્ઞાપના (હારિભદ્રીય) ભા ૨ જો |
| સૂયગડાંગ સૂત્ર (વ્યાખ્યાન) | તાત્ત્વિક–પ્રશ્નોત્તર |
| પર્વદેશના | આનંદસુધાસિંધુ ભા. ૨ |
| ઉપાંગ પ્રકીર્ણક વિષયાનુક્રમાદિ | નવપદ–માહાત્મ્ય |
| સ્થાનાંગસૂત્ર | તાત્ત્વિકપ્રશ્નોત્તર (સંસ્કૃત) |
| (વ્યાખ્યાન સંગ્રહ ભા. ૧) | આરાધનામાર્ગ ભા. ૧ |
| ષોડશક પ્રકરણ ,, ભા. ૧ | (સભાવાર્થ) |
| આગમીય. સૂક્તાવલ્યાદિ | આચારાંગસૂત્ર અ. ૪ |
| લઘુસિદ્ધપ્રભા વ્યાકરણ અને | (વ્યાખ્યાન સંગ્રહ ભા. ૧) |
| લઘુતમ નામકોષ | તીર્થંકરપદવી સોપાન |
| પ્રશમરતિ અને સંબંધકારિકા | (વિંશતિસ્થાનકના વ્યાખ્યાનો) |
| (વ્યાખ્યાનસંગ્રહ) | આગમોદ્ધારક–લેખસંગ્રહ |
| આરાધના માર્ગ ગુજરાતી | આગમોદ્ધારકની અમૃતવાણી. |
| આગમોદ્ધારકની અમોઘદેશના | આગમોદ્ધારકની અમૃતદેશના |

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આ પુસ્તકનું સંશોધનાદિકાર્ય પૂ. આગમોદ્ધારક આચાર્યશ્રી **આનંદસાગરસૂરીશ્વરજી મહારાજના અનન્ય-પટ્ટધર શ્રી** સમેતશિખરજી મહાતીર્થમાં શ્રી રાજગૃહી મહાતીર્થમાં અને મૂળી તથા કપડવંજમાં અંજનશલાકા પ્રતિષ્ઠા કરાવનારા તથા તીર્થંકર ભગવંતોની કલ્યાણક ભૂમિઓની તીર્થયાત્રાઓ કરીને બંગાલ-બિહાર-ઉત્તરપ્રદેશ મધ્યપ્રદેશ-ખાનદેશ-મહારાષ્ટ્ર આદિ પ્રદેશોમાં વિચરીને ઘણા જ વર્ષે પાલીતાણા શહેરમાં પધારી ત્યાં શ્રી વર્ધમાન જૈન આગમમંદિર સંસ્થાની વિશાલ જગ્યામાં બંધાએલ ગુરૂમંદિરમાં પૂ. આગમોદ્ધારકશ્રીની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવનાર, પૂર્વાચાર્યોના તથા પૂ. આગમોદ્ધારકશ્રીના રચેલા ૨૦૦ ઉપરાંત ગ્રંથોનું સંપાદન કાર્ય કરનાર, વર્તમાનશ્રુતના જ્ઞાતા વિદ્યાવ્યાસંગી મૂળીનરેશપ્રતિબોધક શાંતમૂર્તિ ગચ્છાધિપતિ આચાર્ય અગવાન્ **શ્રીમાણિક્યસાગરસૂરીશ્વરજી મહારાજના** પરમ વિનયી શિષ્યરત્ન શતાવધાની ગણિવર્ય શ્રી **લાભસાગરજી મહારાજે** કરેલ છે.

આ પુસ્તકના પ્રકાશનમાં મુનિરાજશ્રી અરૂણોદયસાગરજી મ. મુનિરાજશ્રી શશિપ્રભસાગરજી મ. મુનિરાજશ્રી પુણ્યોદયસાગરજી મ. તથા બાલમુનિશ્રી મહાબલસાગરજી મ. અને પ્રેસના દરેક કાર્યોમાં શાંતિચંદ સૌભાગ્યચંદ ચોકસીએ ઘણી જ સેવા આપી છે.

વિક્રમ સં. ૨૦૨૬ લી.

આગમોદ્ધારક ગુરૂ મંદીર પ્રતિષ્ઠા દિન. **મદ્રાસી પાનાચંદ સાકેરચંદ**
મહા સુદી. ૩ રવીવાર **ચોકસી મોતીચંદ કસ્તુરચંદ**
ગોપીપુરા, સુરત-૨. **ઝવેરી શાંતિચંદ છગનભાઈ**

પેજ ૪૭ વ્યાખ્યાન ત્રીજું

**શુદ્ધિપત્રક**

| અશુદ્ધ | શુદ્ધ |
|---|---|
| वचन-द्य | वचनाद्य |
| नुष्ठाना | नुष्ठान |

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# આમુખ

આ ગ્રંથમાં પૂ. આગમોદ્ધારક આચાર્યદેવશ્રીએ આપેલા વ્યાખ્યાનો સિદ્ધચક્ર પાક્ષિકમાં છપાયેલ પણ અત્યારે પ્રસ્તુત વ્યાખ્યાનો આજે દુષ્પ્રાપ્ય જણાતાં આગમોદ્ધારકશ્રીના અંતેવાસી અને તેમના પ્રખર અનુરાગી મુનિશ્રી ગુણસાગરજીએ આ પુસ્તક રૂપે પ્રસિદ્ધ કરવા ભાવના થતાં આ આગમોદ્ધારક સંગ્રહ ૨૦ તરીકે **આગમોદ્ધારકની અમૃતદેશના** વ્યાખ્યાનો બહાર પડે છે.

પૂ. શ્રી.નો પરિચય નીચે પ્રમાણે આપેલ છે.

પૂજ્યશ્રીનું સારૂંય જીવન પ્રાચીન ધર્મગ્રંથોના ઊંડા તલસ્પર્શી અભ્યાસ તથા સંશોધનમાં તેમજ નવીન કૃતિઓની રચનાઓમાં વીત્યું છે. આવા અથાગ પરિશ્રમ ઉપરાંત તીર્થ પર આપત્તિ, શાસન પર આફત વિગેરે પ્રસંગોએ જૈનધર્મની જ્યોત ઝળહળતી રાખી છે. પૂજ્યશ્રીના જીવનનું સૌથી યશસ્વી કાર્ય આગમોના ઉદ્ધાર, સંરક્ષણ વિગેરે માટે થએલ છે, ને તેથી જ તેઓશ્રી 'આગમોદ્ધારક' કહેવાય છે.

'આગમ' શ્રી જિનેશ્વર ભગવંતની વાણી છે. આ કળિકાળમાં પણ શ્રી જિનેશ્વર ભગવંતના વિરહકાળમાં આગમ તારક છે. સંસાર–સમુદ્ર તરવામાં આગમ નાવ સમાન છે. સુદેવ–સુગુરૂ અને સુધર્મ એ તત્ત્વત્રયી–રત્નત્રયીની અખંડ આરાધના માટે આગમ આવશ્યક છે.

આ આગમો ઘણા પૂર્વકાળમાં કંઠસ્થ રહેતા હતા. શક્તિશાળી ગીતાર્થ આચાર્યદેવો અને સમર્થ વિદ્વાન મુનિવરો તે વખતે, એવું સામર્થ્ય ધરાવતાં હતા. પછી કાળની વિષમતાને લીધે પૂર્વવત્ સ્થિતિ ન રહેવાથી તે સમયે સમયના જાણ ગીતાર્થ પૂ. શ્રી દેવર્દ્ધિગણિ-ક્ષમાશ્રમણે આગમોને લિપિબદ્ધ કર્યા. તે આગમો તાડપત્રો તથા હસ્ત-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

લિખિત પ્રતોમાં સેંકડો વર્ષ સુધી જળવાયાં પછી વર્તમાનકાળમાં મુદ્રણકળાના યુગમાં કાગળો ઉપર પણ છપાવા લાગ્યાં. વર્તમાનમાં અને હવે પછીના ભવિષ્યના યુદ્ધો વિગેરેમાં માત્ર કાગળો ઉપર જ આગમો રહે તે સહીસલામતી માટે શંકાસ્પદ ગણાય, માટે ગમે તેવા સંજોગોમાં નજીકના કે દૂરના ભવિષ્યમાં પણ શ્રી જિનાગમો ચોક્કસ સુરક્ષિત રહે જ તેવી યોજના કરવી જ જોઇએ એવું પૂ. આગમોદ્ધારકશ્રીએ દૂરંદેશી બુદ્ધિથી વિચાર્યું.

પરિણામે આગમો સંપૂર્ણ શુદ્ધ સંશોધિત કરી પાલીતાણા (સિદ્ધક્ષેત્ર)માં શ્રી વર્ધમાન જૈન આગમમંદિર જેવું ભવ્ય ગગનચુંબી જિનાલય બંધાવી વિ. સં. ૧૯૯૯માં શીલામાં કોતરાવી સ્થાપિત કરાયા છે. ત્યાર પછી વિશેષ સુરક્ષિતતા માટે તામ્રપત્રમાં કોતરાવીને જરૂર પડ્યે ખસેડી શકાય તેવી છુટી છુટી તક્તિઓ સ્થાપન કરી તે તામ્રપત્રમાં કોતરેલ આગમો સુરક્ષિત જૈનપુરી સુરત (સૂર્યપુર)માં શ્રીવર્ધમાનજૈનતામ્રપત્ર આગમમંદિર નામનું કળાકારીગરીથી ભરપુર ભવ્ય અને સુશોભિત મનોહર જીનાલય બંધાવી તેમાં વિ. સં. ૨૦૦૪માં સ્થાપન કરાયા છે. આ ઉપરાંત સંપૂર્ણશુદ્ધ સંશોધિત આગમો જુદા જુદા પ્રદેશોમાં સુપ્રાપ્ય રહે તે માટે લાંબાકાળ સુધી ટકે તેવા ઉંચી જાતના લેજર પેપર પર છપાવી તેની નકલો દેશના જુદા જુદા ભાગના મુખ્ય મુખ્ય શહેરો તીર્થસ્થાનો વિગેરેમાં રાખેલ છે. આ રીતે આગમોની સુરક્ષિતતા માટે ત્રિવિધ ઉપાયો કરેલ છે.

ખરેખર આ દુઃષમકાળમાં સંસારસમુદ્ર તરવાના બે સાધનો શ્રી જિનબિંબ અને જિનાગમ એ બંનેનો સુભગ મેળ સધાયેલ ઉપર મુજબના બે જિનાલયોની સ્થાપના દ્વારા પૂ. આગમોદ્ધારકશ્રીએ વર્તમાન અને ભાવિ જૈન સંઘની મહાન સેવા કરી છે.

ઓગણસાઠ વર્ષના દીર્ઘ દીક્ષાપર્યાયમાં તેઓશ્રીના ઉપદેશથી અનેકવિધ ધર્મકાર્યો થયા છે, કેટલીએ વિવિધ ધાર્મિક સંસ્થાઓ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સ્થપાઈ છે શ્રી દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર ફંડ, શ્રી આગમોદય સમિતિ શ્રી ઋષભદેવ કેશરીમલજી જૈન પેઢી અને એવી બીજી સંસ્થાઓ દ્વારા અનેક ધાર્મિકપુસ્તકો તથા આગમોનું પ્રકાશન એમની સતત દેખરેખ નીચે થયું છે. શ્રી જૈન પુસ્તક પ્રચારક સંસ્થા દ્વારા શ્રી આગમોદ્ધારક સંગ્રહ નામથી પુસ્તકમાળા પ્રસિદ્ધ થઈ રહી છે. પૂ. સાધુ–સાધ્વીજીઓના અભ્યાસ માટે સુરતમાં શ્રી આનંદસાગરસૂરીશ્વરજી જૈન પાઠશાળા તથા શ્રાવિકાઓમાં જૈન ધર્મના અભ્યાસ માટે શ્રી તત્ત્વબોધ જૈન પાઠશાળા વિગેરે જ્ઞાનાભ્યાસની સંસ્થાઓ તેમના ઉપદેશથી સ્થપાઈ છે સુરતમાં જૈનાનંદ–પુસ્તકાલયમાં એમનો મુદ્રિત અને હસ્તલિખિત પ્રતો–પુસ્તકોનો સંગ્રહ શ્રી જૈનસંઘ માટે સુસમૃદ્ધ પુસ્તકાલય છે. જામનગરમાં શ્રી જૈન આનંદજ્ઞાનમંદિરમાં પણ મુદ્રિત અને હસ્તલિખિત પ્રતો– પુસ્તકોનો સંગ્રહ જૈન સંઘની જ્ઞાનપિપાસા પૂર્ણ કરી રહ્યો છે. પાલીતાણા (સિદ્ધક્ષેત્ર)માં શ્રમણ સંઘ–પુસ્તક સંગ્રહમાં મુદ્રિત અને હસ્તલિખિત પ્રતો–પુસ્તકોનો ઘણો વિશાલસંગ્રહ છે.

પૂ. આગમોદ્ધારકશ્રીએ જુદી જુદી ભાષામાં અનેક ગ્રંથો રચ્યા છે, તથા અનેક ગ્રંથો સંપાદિત કર્યા છે, જીવનના અંત સુધી જ્ઞાન–સાધના ચાલુ હતી. ગ્રંથ રચનાઓ ચાલુ હતી.

આ વ્યાખ્યાનો વાંચી અંતરમાં ઉતારી મુમુક્ષુજીવો ધર્મની આરાધના કરે એ જ ભાવના.

વિ. સં. ૨૦૨૬
શ્રી. વર્ધમાન જૈન તામ્રપત્ર
આગમમંદિર પ્રતિષ્ઠા દિન
મહાસુદ ત્રીજને રવિવાર, સુરત.

પ. પૂ. ગચ્છાધિપતિ આચાર્યશ્રી
માણિક્યસાગરસૂરીશ્વરજી
ચરણકમલ મધુપ
પુણ્યોદયસાગર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પૂજ્યશ્રીની અપૂર્વ ભાવના.

પૂ. ધ્યાનસ્થ ગુરૂદેવશ્રીની ભાવના આગમોમાં આવતી પૂ. મહાપુરૂષોની વાર્તાઓને આરસમાં ભાવવાહી ચિત્રો ચીતરાવીને ભવ્ય અને કલાયુક્ત સચિત્ર આગમમંદિર બંધાવવાની ભાવનાથી આગમો-માંથી વાર્તાઓની નોંધ સુરતમાં શેઠ મંછુભાઇ દીપચંદની ધર્મશાળામાં (લીંમડાનો ઊપાશ્રય) કરાવતાં હતાં, પણ તે નોંધ અધૂરી રહી અને પૂ. **આગમોદ્ધારક–આચાર્યદેવ–શ્રીઆનંદસાગરસૂરીશ્વરજી** મહારાજ તેજ ઉપાશ્રયમાં ૧૫ દીવસ અર્ધપદ્માસને મૌનપણું અંગીકાર કરીને વિ. સ. ૨૦૦૬ ના વૈશાખ વદ ૫ શનીવારે અમૃત ચોઘડીએ ક. ૪. મી. ૩૨ ના નિર્વાણ પામ્યા.

તે થએલ નોંધ ઉપરથી. પૂ. આગમોદ્ધારક આચાર્ય દેવ **શ્રી આનંદસાગરસૂરીશ્વરજી** મહારાજના અનન્ય–પટ્ટધર પૂ. ગચ્છાધિપતિ આચાર્ય ભગવાન્ **શ્રી માણિક્યસાગરસૂરીશ્વરજી મહારાજની** શુભનિશ્રામાં તૈયાર થએલ ૪૨ ભવ્યચિત્રો પાલીતાણા આગમમંદિર નજીક બંધાયેલ 'સ્વાધ્યાય–હોલ' માં પધરાવવામાં આવેલ છે. તેને અંગે આમાં આપેલ. આગમોદ્ધારકકૃત **આગમચિત્રરત્નાવલીની પ્રશસ્તિ વાંચો**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# આગમોદ્ધારકકૃત આગમચિત્રરત્નાવલી

## [પ્રશસ્તિ]

પ. પૂ. આગમોદ્ધારક આચાર્યદેવશ્રી
આનંદસાગરસૂરીશ્વરજી મહારાજે

ચિત્રમય આગમમંદિર બનાવવાના આશયથી સં. ૨૦૦૫માં પોતાની છેલ્લી અવસ્થામાં પૂ. મુનિરાજશ્રી ગુણસાગરજી મહારાજ પાસે આગમોમાં ઉલ્લેખિત વાર્તાઓની નોંધ કરાવતા ૬૪ ચિત્રોની નોંધ થયા બાદ અજ્ઞાત કારણસર તે અધૂરી રહી. [ આ નોંધ ઉત્તરાધ્યયન સૂત્ર અવચૂરિ દે–લા–પુ–ફંડ પ્રકા.માં છપાએલ છે. ] આ નોંધમાંથી યોગ્ય સુધારા વધારા સાથે તેઓશ્રીના **અનન્ય–પટ્ટધર** ગચ્છાધિપતિ આચાર્ય ભગવાન્ **શ્રીમાણિક્યસાગરસૂરી**શ્વરજી **મહારાજ**ની નિશ્રામાં તૈયાર કરી સં. ૨૦૨૬ના મહાવદ ૫ ને ગુરૂવારે મૂકવામાં આવ્યા છે.

પાલીતાણા તા. ૨૬–૨–૭૦

| ચિત્રકાર | સંયોજક–નિર્દેશક |
|---|---|
| **એમ. એ. આંબલે** | પૂ. ગચ્છાધિપતિ આચાર્ય શ્રી |
| ૬૦૦/ડી. સોમવારપેંઠ, | માણિક્યસાગરસૂરીશ્વરજીના લઘુશિષ્ય |
| કોલ્હાપુર. | પુણ્યોદયસાગર. |

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# વિષયાનુક્રમ


| | |
|---|---|
| વ્યાખ્યાન-૧ ... | પૃ. ૧-૧૨ |
| જગતની એબ જોવાય પણ પોતાની એબ જોવાતી નથી. | ૧ |
| દેખતાને પણ અજવાળાનું આલંબન જરૂર જોઇએ | ૩ |
| ચિત્ર સારથીએ પ્રદેશી રાજાને કેવી રીતે સુધાર્યો, | |
| ભાવનાની સ્થિરતા કેવી જોઇએ ? | ૪ |
| ગુરૂમહારાજના ઉપદેશની અસરથી બે ઘડીમાં પરમનાસ્તિક | |
| કેવો આસ્તિક થયો ? | ૮ |
| શ્રી જિનેશ્વરદેવના વચનનો પ્રભાવ અનન્ય છે, અનુપમ છે. | ૧૦ |
| વૈરાગ્યના ત્રણ પ્રકાર : આર્તધ્યાનવૈરાગ્યનું સ્વરૂપ. | ૧૦ |
| વ્યાખ્યાન-૨ ... | પૃ. ૧૨-૪૭ |
| જૈન દર્શન રૂપી દુર્બીન. સ્વરૂપ અને સંયોગો સમજો. | ૧૨ |
| વસ્તુનું જ્ઞાન આપો. જીવતત્ત્વની શોધ કોણે કરી ? | ૧૩ |
| બોલો છો પણ સમજતા નથી. જીવ શબ્દ પ્રવર્તાવે કોણ ? | ૧૪ |
| બંને શંકા સરખી કે જુદી ? ... ... ... | ૧૫ |
| બંને શંકામાં રહેલી ભિન્નતા. જીવ અને દેહ ... | ...૧૬ |
| લાકડાંથી અગ્નિ ઉપજે છે. પાંચ ભૂતોથી ચેતના ઉપજે છે... | ૧૭ |
| વાયુભૂતિની માન્યતા... ... ... | ...૧૮ |
| ઇન્દ્રભૂતિ : વાયુભૂતિ... ... ... | ...૧૯ |
| ઝવેરીએ હીરા શોધ્યા, કે હીરાએ ઝવેરીને શોધ્યો ? | ૧૯ |
| જીવની શોધ સર્વજ્ઞોની છે. ... ... | ૨૦ |
| જીવ શબ્દનો પહેલો ઉપયોગ કોણે કર્યો ?... ... | ૨૧ |
| પદાર્થ પહેલો કે નામ ? ... ... | ૨૧ |
| જીવ બીવ કાંઈ નથી, એતો ફાંફાં ... ... | ૨૨ |
| ભૂતભાઈ ભેગા થાય તો જીવ બને ? ... ... | ૨૩ |


P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

માનવાની ખાતર માનો છો. સાચો હીરો ઓળખો... ...૨૪
સાચો પ્રયોગકાર કોણ? જૈન શાસનની પહેલી શોધ... ...૨૬
જીવનું સ્વરૂપ... ... ... ... ...૨૭
જ્ઞાની જીવાત્માના અજ્ઞાની કામો કેમ? ... ... ...૨૮
આનંદસ્વરૂપ આત્મા... ... ... ...૨૮
બધાએ નકલ કરી છે... ... ... ...૨૯
આત્માની પોતાની મિલ્કત... ... ... ...૩૦
જૈનતત્ત્વજ્ઞાન સમજો. ... ... ... ...૩૦
જાણ્યા વિના બોલવાનો હક નથી. ... ... ...૩૧
આત્માનું સ્વરૂપ ઓળખો... ... ... ...૨૩
કર્મ અને જીવ. કર્મ નથી, જીવ નથી, કાંઇ નથી... ...૩૩
ઇન્દ્રિયગમ્ય જ્ઞાન કેવું છે? ... ... ... ...૩૪
નૈયાયિકો : વૈશેષિકો ... ... ... ૩૫
મોક્ષ કે મૂર્ખાઈ. શું આત્મા નિર્ગુણ છે? ... ૩૬
બૌદ્ધોની બુદ્ધિની બાલીશતા ... ... ... ૩૭
આત્માનો અભાવ તે મોક્ષ ... ... ... ૩૮
હીરા ને ઝવેરી જ જાણે ... ... ... ૩૮
એકલો જીવ જાણે બસ નથી ... ... ૩૯
બાળપણાની ગળથુથી ... ... ... ૪૦
આત્મા અનાદિનો ખરો કે નહિ? ... ... ૪૦
દુર્બીનની જરૂર છે. ... ... ... ૪૧
વિવેકચક્ષુ પણ અહિં નકામા. ... ... ૪૨
જિનેશ્વરના પ્રવચનની મહત્તા ... ... ૪૨
તે ફૂટેલા ભાગ્યવાળો છે. ... ... ... ૪૩
મોક્ષ અને નિગોદ ... ... ... ૪૪
વાંદરાને દુર્બીન ન શોભે, દુર્બીન પછી પડદો આવે તો? ૪૫
દુઃસંસ્કાર ટાળો ... ... ... ૪૬


P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વ્યાખ્યાન-૩ ...
ધર્મ મોક્ષ જ આપે છે, ... ... પૃ. ૪૭-૬૭
એટલું જ નહિં પણ અર્થ કામ પણ આપે છે. ... ૪૭
ધર્મથી મળેલા અર્થકામ, જીવને કદી ફસાવતા નથી... ૪૭
ધર્મપૌદ્ગલિક તથા આત્મીય-ઉભય સુખને આપે છે.... ૪૭
કઠીઆરાનું દૃષ્ટાંત ... ... ... ૫૩
ત્રણ ત્રણ કરોડ સોનૈયા પણ કોઈ મા'જાયો નીકળ્યો ? ૫૬
પચ્ચખ્ખાણ 'સત્'ના કે અસત્'ના ? ... ... ૫૮
શ્લેષ્મ ઉપરની માગી જેવા જીવો ... ... ૬૦
મધ ઉપરની માખ જેવા જીવો ... ... ૬૦
સાકર ઉપરની માખ જેવા જીવો ... ... ૬૨
મ્યુનીસીપાલીટી મેલાની ગાડી. કાયા કલેવર કારમું. ગંદકીનો ગાડવો ૬૪
ધર્મ, માત્ર મેળવી જ આપે છે એમ નથી પણ ફરી ઉત્પાદન
સામર્થ્ય પણ ધરાવે છે. ... ...। ... ૬૬

વ્યાખ્યાન-૪ ... ૬૮-૭૮
આજ્ઞાગ્રાહ્ય પદાર્થને પીછાણવાની રીત, જીવોનુ મૂલસ્થાન,
વિજ્ઞાન ભૂમિકાની વિશિષ્ટતાઓ; ધર્મ રત્ન મેળવવાની અમોઘ કળા ૬૮
આજ્ઞાગ્રાહ્ય પદાર્થ ... ... ... ૬૮
સંસારનગર ખાલી થઈ જશે ... ... ૭૦
વ્યવહારરાશી વેપારની ફરતી મૂડી ... ... ૭૧
ટાંકણી પર આવેલું પાણીનું બિંદુ ... ... ૭૨
જીવનું મૂળ સ્થાન ... ... ... ૭૩

વિજ્ઞાન ભૂમિની વિશિષ્ટતા ... ... ... ૭૪
ધર્મના અંખ્યાત યોગો ... ... ... ૭૭
ધર્મરત્નની માંગણી ... ... ... ૭૭

વ્યાખ્યાન-૫ ...

પડવાના ભયે દીક્ષા ન રોકાય ... ... ૭૮

વ્યાખ્યાન-૬ ...

અપૂર્વ સાધન ... ... ૯૩
શબ્દ પ્રીતિ અને પદાર્થ પ્રીતિ. ... ... ૯૫
સમ્યગપદની વ્યવસ્થા ... ... ... ૯૬
બોલવા સમજવામાં ફરક ... ... ... ૯૭
વિષયપ્રતિભાસાદિત્રણ ભેદ ... ... ... ૯૮
આગમોદ્ધારકશ્રીના અમૃતવચનો. ... ... ૧૦૦

# સુરતના ગુરૂમંદિરના અપૂર્વદશ્યો અને ભવ્ય–પ્રતિમા

## શ્રીઆગમોદ્ધારક–ગુરુમંદિર

આ મંદિર આગમોદ્ધારક આચાર્ય **શ્રીઆનન્દસાગરસૂરીશ્વરજી** ના સ્મરણચિહ્નરૂપે બંધાવવામાં આવ્યું છે.

પરમ પૂજ્ય આગમોદ્ધારક આચાર્યદેવેશ શ્રી આનન્દસાગરસૂરીશ્વરજી મહારાજ વિ. સં. ૨૦૦૬ના વૈશાખ વદ ૫ ને શનિવારના દિવસે સુરત મધ્યે ગોપીપુરાના માળીફળિયામાં આવેલી શેઠ મંછુભાઈ દીપચંદની ધર્મશાળામાં (લીંબડાના ઉપાશ્રયમાં) નિર્વાણ પામ્યા હતા. તેમના દેહનો અગ્નિસંસ્કાર શ્રીઆગમોદ્ધારકસંસ્થાની માલિકીની, શહેરની વચમાં આવેલી જગ્યા ઉપર સરકારી સ્પેશિયલ (ખાસ) પરવાનગીથી કરવામાં આવ્યો હતો. તે જ આ જગ્યા ઉપર **શ્રીઆગમોદ્ધારકગુરૂમંદિર** બાંધી વિ. સં. ૨૦૦૭ના મહા સુદ ૩ ને શુક્રવારના દિવસે પ. પૂ. આચાર્યદેવ **શ્રીઆનંદસાગરસૂરીશ્વરજીની પ્રતિમાજીની** પ્રતિષ્ઠા તેમના અનન્ત–પટ્ટધર આચાર્ય **શ્રીમાણિક્યસાગરસૂરીશ્વરજીના** વરદ હસ્તે કરાવવામાં આવી છે.

આ ગુરુમંદિર બાંધવામાં કુલ ખર્ચ લગભગ અઠ્યાસી હજાર રૂપિયાનો થયો છે.

રંગમંડપમાં પ્રવેશદ્વારની ઉપર **ધ્યાનસ્થ** ગુરુદેવનું તૈલચિત્ર મૂકવામાં આવ્યું છે. તે ચિત્ર આચાર્યદેવ **શ્રીઆનન્દસાગરસૂરીશ્વરજી મ.** નિર્વાણ પહેલાં પંદર દિવસ આગળથી કાઉસ્સગ્ગમુદ્રાએ ધ્યાનમાં રહેલા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેનું છે. તેઓ તે દરમિયાન અઢેલતા પણ ન હતા અને સૂતા પણ ન હતા. જે સ્થિતિમાં ધ્યાનમાં રહ્યા હતા તેનું આબેહૂબ આ તૈલચિત્ર છે.

રંગમંડપના પ્રવેશદ્વારની બંને બાજુએ ગુરુદેવશ્રીના દીક્ષાથી માંડી અંત સુધીનાં **ચાતુર્માસની અને જીવનના મુખ્ય પ્રસંગોની** નોંધ આપવામાં આવી છે.

રંગમંડપમાં દક્ષિણ તરફના દ્વારની ઉપર **શ્રીઆગમોદ્ધારકે** આપેલી **વાચનાનું** દશ્ય છે.

રંગમંડપમાં પશ્ચિમ તરફની બન્ને બાજુની દીવાલો ઉપર **આગમોદ્ધારકના** રચેલા **સંસ્કૃતપ્રાકૃત ગ્રન્થો** અને **સંકલિત ગ્રન્થોનાં** નામો આરસમાં અંકિત કરાવવામાં આવ્યાં છે.

ગભારાના પ્રવેશ દ્વાર ઉપર **રાજપ્રતિબોધનું** દશ્ય છે. આમાં મધ્યે ગુરુદેવશ્રી, ડાબી બાજુએ શૈલાનાનરેશ છે ને જમણી બાજુએ રાજાએ આપેલો અમારી **પડહનો** પટ્ટક છે.

રંગમંડપમાં ઉત્તર તરફના દ્વારની ઉપર (૧) **સ્કંદિલાચાર્યે** આપેલી **માથુરીવાચના** છે ને (૨) **દેવર્દ્ધિગણિક્ષમાશ્રમણે** કરાવેલ પુસ્તકારોહણરૂપ **વલ્લભીવાચના** છે.

રંગમંડપમાં દક્ષિણ અને ઉત્તર તરફના દ્વારોની બન્ને બાજુએ ચાર દશ્યો છે. પૂ. આગમોદ્ધારકઆચાર્યદેવશ્રી આનંદસાગરસૂરીશ્વરજી મહારાજના સદ્ઉપદેશથી સ્થપાયેલ શેઠ દેવચંદ લાલચંદભાઈ જૈન પુસ્તકોદ્ધાર ફંડ તરફથી છપાએલ સચિત્ર 'બારસાસૂત્ર' મૂળ તામ્રપત્ર ઉપર ઉપસાવેલ અક્ષરોથી અલંકૃત કરી સુંદર ફ્રેમમાં તૈયાર કરીને દીવાલ ઉપર લગાડવામાં આવેલ છે. તે એક અદ્ભુત વસ્તુ શ્રીઆગમોદ્ધારક ગુરૂમંદિરમાં દર્શન કરવા લાયક બનેલ છે.

રંગમંડપના ઘુમટમાં ગુરુદેવશ્રીના દેહની જેવી **શ્મશાનયાત્રા** નીકળેલી હતી, તેવી આબેહૂબ તેમાં આલેખવામાં આવી છે.

*

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# आगममन्दिरचतुर्विंशतिका ।

आगमोद्धारकप्रणीता ।

भो भव्या ! निपुणेन शुद्धमनसा स्थानं समालोक्य मा–
ऽऽख्यान्तु प्राप्य समुन्नतं पदतति स्यां लोकवित्ता श्रियै ।
यस्मिन्नेतदुवाच शास्त्रविततिः श्रुत्वा वचस्तादृशं
भव्यैः शाश्वतसिद्धिदानिपुणो दिष्टस्त्वयं 'शैलराट्' ॥१॥

स्थानं नैव परं त्रिलोकवलये कैवल्यबोधान्विते–
र्दृष्टं सेव यतो 'युगादिजिनपो' वारात् परार्धात् पराः ।
अत्रागत्य दिदेश भव्यनतये मोक्षाध्वसेवानिभां
सेवामस्य यतोऽगुरिद्धहिततोऽनन्ताः पदं शाश्वतम् ॥२॥

क्षेत्रप्रभावमसमं 'गिरिराज'सत्कं
श्री'पुण्डरीकगणधारिण'माप्य जातम् ।
भव्यो दधाति हृदये सततं यदत्र
लेभे स मुक्तिपदवीं 'गिरिराट्'प्रभावात् ॥३॥

चित्रं जैनेन्द्रधर्मे स्वबलकृतशिवे 'पुण्डरीको' गणेशः
कोट्युन्मानान् मुनीशाञ्छिवपदमनयत् सार्धमेवात्मना यत् ।
स्थित्वाऽत्रोच्चैः प्रभावाद् 'गिरि'महिमबलाच्छ्री'युगादीश'दिष्टान्
मन्ये लाभं विदित्वा मनसि गणधरोऽस्थाद् गुरुभ्यः पृथक्त्वे॥४॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

कालोऽनुक्षणमुत्तमार्थनिधने वद्धादरस्तत्र किं
स्यात् ते भावि पदं श्रियै इति वचः शास्त्रावलेर्नो मतम्।
आत्मार्थोद्यतधीमतां शिवपदं तीर्थे तृतीयेऽभव-
दारेऽसंख्यतमा गताः शिवपुरं जीवास्तथा नो पुरा ॥५॥

शैलेय्यः प्रतिमाः पुरा न सुलभा वक्रस्वभावे नृपे
स्वच्छो ग्रावचयोऽधुनाऽतिविशदो देशान्तरे प्राप्यते।
तन्मां ग्रावसमुच्चये सुविधिनोत्कीर्यात्र चेत् स्थापये-
दातीर्थं भविनां मनोरथततिं सन्मार्गगां पूरये॥६॥

वैद्योपदिष्टमतिमिष्टमिवातुरोऽद्ः
श्रुत्वा वचः परपदाप्तिसमुद्यतोऽयम्।
सङ्घोऽत्र शास्त्रविततेः स्थिरतां चिकीर्षु-
श्चक्रे सदागमयुतं 'जिनमन्दिरं' द्राक्॥७॥

परो लक्षान् श्लोकान् विशदलिपिनोत्कीर्य विशदे
शिलोच्चये शुभ्रे शिवसुखलभोऽत्रागमततेः।
न्यधत्ताशेषाणां हिततातिकृते तं सुविशदे
कृते चैत्येऽशीत्या शतयुतजिनार्चालिविमले ॥८॥

क्रियात् पवित्रं निजजीवमाशु भव्यो जनस्त्वत्थमुदारवुद्धया।
जिनेशिनामेव पुरस्तदीयाऽऽगमावलीमत्रगतां न्यधत्त ॥९॥

दिव्यानि चैत्यानि पुराण्यशीत्या शतेन युक्तानि जिनेशविम्बैः।
तद्बाणवेदप्रमितानि कृत्वा चतुर्मुखानि व्यदधात् तथाऽत्र॥१०॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

विधिद्वयं श्रीजिनराजिभावे स्यात् केवला विंशतिरिद्धरूपा ।
युता चतुर्भिश्च चतुर्भिराढ्यं युग्मं समन्तात् शुचिविंशतेरिह ॥११॥

तिर्यग्लोके जिनपजननं तन्महार्थं सुरेशाः
स्वर्गादीयुर्निजहितकरं कर्तुमर्हद्विभूनाम् ।
जन्मस्नात्रं शिरसि 'विबुधाद्रे'श्च ते पञ्च शैलाः
मत्वाऽत्राधाद् विबुधसहितः 'पञ्च मेरून्' सुसङ्घः ॥१२॥

न शाश्वतेष्वेषु जिनालयेषु हित्वाऽर्हतां तुर्यमवाप्यतेऽन्यत् ।
नामेति मध्येऽत्र विशालचैत्ये 'चतुर्मुखी शाश्वतनामधेया' ॥१३॥

जगत्यां जीवाद्याः सततभविनो भावनिचया
अतोऽर्थः शास्त्राणां विबुधततिभिर्नित्य उदितः ।
दिशन्तस्तान् भावान् निखिलविदुपाऽऽवेद्य जिनपा
मताः शास्त्राणां ते निरूपणचणा अर्थनिचये ॥१४॥

सूत्राणां ग्रथनं तु तद्वचनतश्चक्रुर्गणेशाः समं
तत्तीर्थं निखिलाङ्कितारणसहं श्रीद्वादशाङ्गात्मकम् ।
तत्पट्टान् गणधारिणां समजिनव्रातस्य सन्मन्दिरे
ह्यासन्ने विदधौ विधानकुशलः सङ्घो गणेशाङ्किते ॥१५॥ युग्मम्

तीर्थमेतदिह पुस्तकावलिं धारयन्नितरथाऽस्ति नैव तत् ।
पुस्तकानि च चकार 'देवयुक् सद्गणी' प्रमितिधाम सर्वदा ॥१६॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

एवं पट्टा गणधरनिलये बाणयुग्माङ्किताश्तान्
काले क्षेत्रे सुकृतपरिमिते यानि सर्वत्र लोके।
पूज्यान्य'हे'त्प्रमुखनवपदीयुक्तसत्सिद्धचक्रा–
न्युद्वेष्ट्याथो परित उपरतो ह्येनसः सङ्घ आधात् ॥१७॥

'मेर्वा'दयो यद्वदमी जगत्यां शश्वद्भवाः शास्त्रकृता सुगीताः।
'सिद्धाद्रि'रेषोऽपि तथैव मानं परं न नित्यं न ततस्तथोक्तः ॥१८॥

यावत् 'तीर्थं'भविकजनतामोक्षसिद्धयै सहायं
'तीर्थं' ह्येतद् बुधजनमतं शुद्ध'शत्रुञ्जयाख्यम्'
मत्वा सङ्घो विमलपदवीप्राप्तिहेतोः सदाऽत्र
भक्तौ प्रह्वो सुविदिततमं ध्यातवांश्चैत्ययुग्मम् ॥१९॥

अधित्यकायां जिनचैत्ययोर्न सुखावहा स्यात् कृतिरुग्रमूल्या।
पयोदकाले श्रमणादिसङ्घो नेयादितीमे विहिते अधस्तात् ॥२०॥

चत्वारिंशत् सहस्री तदपरनिलया यात्रिकाणां क्षणेऽस्मिन्
द्रष्टुं चैत्योत्सवं त 'जिनपतिनिचयार्चावलेरञ्जने'ऽत्र
चैत्येषु स्फुर्तितेषु द्रविणचयकृते'ध्यासितुं जैनमूर्तीः'
प्राप्ता नो तत्र कोऽपि मृतिमुपगतवानुत्सवाहान् नितान्तम् ॥२१॥

शिलोच्चये ये 'शरवेदसङ्ख्या आचारमुख्याः' सुविशुद्धरूपाः।
उत्कीरिताः सन्ति जिनागमास्ते 'स्वर्ये पुरे' 'ताम्रपटेषु' नान्ये ॥२२॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

'भाण्डागारेषु' विज्ञैरनुपममतिभिस्त्वागमानां सुपेटाः
स्थाने स्थाने जिनेशोदिततिममलां रक्षितुं न्यस्तपूर्वाः ।
त्रैधं तद् रक्षितुं श्रीजिनपतिवचनान्यादृतं सङ्घमुख्यै-
र्मत्वैतत् सर्वलोकाः प्रतिपदमनिशं संस्तुवन्त्यागमालिम् ॥२३॥

फलं यत्नाल्लभ्यं बुधततिगदितं वाक्यमेतद् विचिन्त्य
'त्रिधा' धत्ता यत्नो जिनपतिगदितां रक्षितुं 'शास्त्रवीथिम्'
भविष्यन्त्यां सङ्घो जिनवरकथितां शास्त्रवीथिं पवित्रां
न किं रक्ष्यां मत्वा सततमवधृतिं शास्त्रधृत्यै विधाता ॥२४॥

४ ० ० २
वेदखयुग्मकरप्रमितेऽब्दे 'सूर्यपुर'स्थितसुश्रमणाद्यैः ।
भूरिधनैर्निरमायि किलैष चारुमहोत्सव उज्जवलबोधैः ॥*२५॥

---

×'અંજનશાલાકા' વી. સં. ૨૪૬૯, વિ. સં. ૧૯૯૯ના મહાવદ બીજને સોમવારે (તા. ૨૨–૨–૧૯૪૩) પાલીતાણામાં કરાઈ હતી અને 'પ્રતિષ્ઠા' મહા વદ પાંચમને ગુરુવારે (તા. ૨૫–૨–૧૯૪૩) કરાઈ હતી.

*છંદો–ઉપજાતિ–પદ્યાંક–૯,૧૦,૧૧,૧૩,૧૮,૨૦,૨૨. ચંદ્રલેખા–૧૭. દોધક–૨૫. મંદાક્રાન્તા--૧૨, ૧૯. રથોદ્ધતા–૧૬. વસન્તતિલકા–૩, ૭. શાર્દૂલવિક્રીડિત–૧,૨,૫,૬,૧૫. શિખરિણી–૮, ૧૪. શોભા–૨૪. સ્રગ્ધરા–૪,૨૧,૨૩.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

पूज्य-गच्छाधिपति-आचार्य-श्रीमाणिक्यसागरसूरीश्वरप्रणीता

# श्रीवर्धमानजिनागममन्दिर-प्रशस्तिः

श्रीसिद्धभूभृत्तलहट्टिकास्थितं समुन्नतं देवविमानसन्निभम् ।
विलोक्य जैनागममन्दिरं वरं प्रयाति को भव्यजनो मुदं नहि ?॥१॥

सच्चतुःशिखरिचैत्यखार्णव-मानदेवकुलिकाविभूषितम् ।
राजते गगनचुम्बि वन्धुरं यत्र शाश्वतजिनाह्वमन्दिरम् ॥२॥

सिद्धचक्रवरमण्डलाखिल-तीर्थकृद्गणधरादिमूर्त्तियुग् ।
सिद्धचक्रगणभृद्गृहं तथा तद् जिनागमगृहं न कः स्तुते ?॥ युग्मम्

विशाले श्रीतपागच्छे कल्पद्रुमोपमे वरे ।
श्रेष्ठसाधुगणा शाखा समस्ति सागराभिधा ॥४॥

तत्राऽभवन् जिनेन्द्रस्य शासनस्य प्रभावकाः ।
मुनीश्वरा 'जयवीर'-सागरा ज्ञानसागराः ॥५॥ जह्वेरेति प्रसिद्धाः

आसंस्तेषां शिष्यरत्नाः श्रुतसंयमशालिनः ।
आगमोद्धारकाः सूरी-श्वरा आनन्दसागराः ॥६॥

यैर्मुनीनां वाचनादि-सौकर्यार्थं स्वयं समे ।
संशोध्य रम्यपत्रेषु प्रकाशिता जिनागमाः ॥७॥

सिद्धान्तवाचनाः सप्त पुरेषु पत्तनादिषु ।
श्रुतार्थिभ्यो मुनिभ्यो ये प्रायच्छन् ज्ञानवृद्धये ॥८॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

उत्कीर्यन्ते शिलासु चे–दागमाश्चिरस्थायिनः ।
भवेयुरिति सङ्कल्पः सूरीणामेकदाऽभवत् ॥९॥

४ ९ ९ १
युगनिध्यङ्कचन्द्राब्दे वैक्रमे शुभवासरे ।
सूरीणां तीर्थयात्राया उपदेशाद् वराशयौ ॥१०॥

इभ्यौ श्रीपोपटभाई–चूनीलालेति सञ्ज्ञकौ ।
दानवीरौ धर्मिश्रेष्ठौ भूरिश्रमणश्रावकम् ॥११॥

सौराष्ट्रतीर्थयात्रायाः सङ्घं रीपट्कपालकम् ।
निरकासयतां जाम–नगराद् जिनगेहयुक् । त्रिभिर्विशेषकम् ॥१२॥

तत्र सङ्घे सूरिवर्या विहरन्तः पुरात्पुरम् ।
तीर्थं शत्रुञ्जयं नन्तुं पादलिप्तपुरेऽगमन् ॥१३॥

सङ्घेन सह सिद्धाद्रिं रम्यचैत्यालिराजितम् ।
आरुह्य सूरयो नाभि–नन्दनं जिनमस्तुवन् ॥१४॥

ततः सूरिवराः सिद्ध–गिरिप्रभावमद्भुतम् ।
पुनः पुनः संस्मरन्तो गिरिराजादवातरन् ॥१५॥

तत्रागमान् शिलारूढान् निर्मातुं गुरवोऽदिशन् ।
तथा तदागमन्यास–कृते मन्दिरनिर्मितिम् ॥१६॥

श्रुत्वोपदेशं सूरीणां तत्कृते सङ्घशेखराः ।
पोपटभाई–जह्वेर–मोहनभाईमुख्यकाः ॥१७॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

वर्धमानजिनागम–मन्दिराख्यां सुश्रावकाः ।
संस्थामस्थापयन् तत्र पृथक्पृथक्पुरस्थिताः ॥१८॥

आरासरीयशिलासु धवलासु दृढासु च ।
शरवेदान् ततः संस्था सिद्धान्तानुदकीरयत् ॥१९॥

उत्कीर्णागमशिलाभिः सहागमप्रणायिनाम् ।
प्रतिमाः स्युस्तदा भव्य–मिति पूज्यैर्विचारितम् ॥२०॥

ज्ञात्वा विचारं सूरीणां संस्था च निरमापयत् ।
भव्याकृतीस्तथा मानो–पेता मूर्त्तीः परःशताः ॥२१॥

शिलारूढागमानां च प्रतिमानां जिनेशिनाम् ।
संस्थापनाय मन्दिरं संस्थयाऽथ विचारितम् ॥२२॥

आसीत् सूर्यपुरे श्राद्धः फूलचन्द्रेतिसञ्ज्ञकः ।
उदारस्तस्य च्छगन–भाईत्याख्यो वरः सुतः ॥२३॥

जह्वेरी शान्तिचन्द्रोऽस्ति तत्सूनुर्गुरुभक्तिमान् ।
सहस्रैः रूप्यकैस्तस्य बाणलोचनसंमितैः ॥२४॥

क्रीता च तलहट्टिका–समीपस्था वसुन्धरा ।
संस्थयाऽऽगममन्दिर–निर्माणार्थं नृपान्तिकात् ॥२५॥

४ ९ ९ १
वैक्रमीये नदीशाङ्क–नन्देन्दुवत्सरे तिथौ ।
दशम्यां राधशुक्लस्य समहं विधिपूर्वकम् ॥२६॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

उमाभाईसुपुत्रेण पन्नालालेति श्रेष्ठिना ।
संस्था जिनागमसद्म-खातं तत्र व्यधापयत् ॥२७॥ युग्मम् ॥

उत्कीर्णागमशिलानां स्थापनार्थं क्रमेण च ।
संस्था निरमापयत् तत्र भव्यमागममन्दिरम् ॥२८॥

आगमौकसि निष्पन्ने प्रतिष्ठार्थं च मण्डपे ।
संस्थापिताः पीठिकायां जिनेशप्रतिमाः ततः ॥२९॥

९ ९ ९ १
तासां च नवनिध्यङ्क-चन्द्राब्दे वैक्रमे विधौ ।
माघासितद्वितीयायां मुहूर्ते समहोत्सवम् ॥३०॥

शुभाञ्जनशलाकाऽर्हन्मूर्त्तीनां विधिना कृता ।
माणिक्याब्धियुतैः सूरी-श्वरैरानन्दसागरैः ॥३१॥

ततश्च नवनिध्यङ्कचन्द्राब्दे वैक्रमे कृता ।
माघस्य कृष्णपञ्चम्यां प्रतिष्ठागममन्दिरे ॥३२॥

समुत्कीर्णागमाः शिला आगमालयभित्तिषु ।
मुहूर्त्ते योजिताः सम्यग् रत्नानीव गणेशितुः ॥३३॥

तच्चैत्योद्घाटनं राज-नगरस्थेन निर्मितम् ।
धर्मिमाणिकलालेन मनःसुखेभ्यसूनुना ॥३४॥

आरब्धो माघशुक्लैका-दशीदिनाद् महोत्सवः ।
जिनागमालये रम्ये कुम्भस्थापनपूर्वकः ॥३५॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

नवग्रहार्चनमहा-पूजाङ्गरचनादिकः ।
द्वादशान् दिवसान् यावत् प्रावर्त्तत प्रमोदतः ॥३६॥ युग्मम्

प्रत्यहं तत्र स्वधर्मि-वात्सल्यमभवत् तथा ।
प्रभावनादीनि धर्म-कृत्यानि च विशेषतः ॥३७॥

दिवसेऽन्त्ये महास्नात्र-मष्टोत्तरशताह्वयम् ।
जेमयित्वा जनान् सर्वान् ग्रामश्च निर्धूमीकृतः ॥३८॥

प्रतिष्ठावसरे तत्र भूयांसो मुनयो वराः ।
तं महं दृष्टुमायाताः श्रावकाश्च सहस्रशः ॥३९॥

विलोक्य मुदिताः सर्वे प्रशसन्तो महोत्सवम् ।
अदृष्टपूर्व इत्येष स्वस्वस्थानमयुर्जनाः ॥४०॥

इत्युत्सवो महानेष मनुष्यमरणोज्झितः ।
निर्विघ्नं पूर्णतां प्रापत् पादलिप्तपुरे वरे ॥४१॥

आचार्यानन्दसागर-सूरिपट्टधरो मुदा ।
प्रशस्तिमेतामलिखत् सूरिर्माणिक्यसागरः ॥४२॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

णमोऽत्थु णं समणस्स भगवओ महावीरस्स

श्रीवर्धमानजैनताम्रपत्रागममंदिर

## प्रशस्तिः

जिनेन्द्रा यदीयात् प्रभावात्समस्ता,
यतः शाश्वतत्वं जिनेशागमानाम् ।
स्वतः सिद्धभावास्ततः सङ्घसार्थी,
नितान्तं नतिं कुर्वते शुद्धभक्त्या ॥१॥

जनानन्द्याकाङ्क्षा भवति विपुला साऽऽगमतते-
स्ततस्तां देवेशाः स्फुटतरमुदाऽर्हन्ति सततम् ।
समस्तार्थोद्योतां सुरनरनिकायप्रकटिकां,
जगत्यां धर्मोऽयं जयतु सततं ह्यागममयः ॥२॥

श्रीवीरजिनेश्वरस्य २४७४ तमे श्रीविक्रमार्कस्य २००४ हायने माघशुक्लतृतीयायां श्रीसिद्धक्षेत्रीयागममन्दिरानुकृतिमति श्रीसुरत-गोपीपराभूषणे श्रीआगमोद्धारकाख्यसंस्थया कारिते श्रीवर्धमानजैनताम्रपत्रागममन्दिरे विंशत्यधिकशतेन जिनबिम्बानां पञ्चचत्वारिंशता ताम्रपत्रीयागमानां च शोभिते प्रतिष्ठा कारिता श्रीमत्तपोगच्छीयागमोद्धारकानन्दसागरसूरिणा श्रेयसे स्तात्तीर्थम् ॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

श्रीसिद्धक्षेत्रीयश्रीवर्धमानजैनागममन्दिरान्तर्गतशिलोत्कीर्णपञ्चचत्वारिंशदागमानुसृत्यात्र सुरतचन्द्रे श्रीआगमोद्धारकनाम्न्या संस्थया श्रीवर्धमानजैनताम्रपत्रागममन्दिरं कारयित्वा ताम्रपत्रेषूत्कीर्य स्थापितास्ते ॥ आगमोद्धारकाचार्यानन्दसागरसूरीश्वरोपदेशाद् द्वे अपि आगममंदिरे एते जाते श्रीसिद्धक्षेत्रीयं श्रीवर्धमानजैनागममन्दिरं १९९९ वैक्रमीये प्रतिष्ठितं, इदं तु २००४ ॥

---

## શ્રીવર્ધમાનજૈનતામ્રપત્રઆગમમંદિરની પ્રશસ્તિ

સુરતવાસ્તવ્ય ઉપકેશ જ્ઞાતીય સ્વર્ગસ્થ રાવબહાદુર શેઠ નગીનચંદ ઝવેરચંદ ઝવેરીના સુપુત્ર શા સોભાગચંદ નગીનચંદના પુત્ર ગુલાબચંદના સ્મરણાર્થે તેમના માતુશ્રી સુશ્રાવિકા રતનબાઇએ આગમોદ્ધારક તપોગચ્છીય ૧૦૦૮ શ્રી **આનંદસાગરસૂરીશ્વરજીના** ઉપદેશથી તામ્રપત્રઆગમમંદિર બાંધવા આ જમીન શ્રીઆગમોદ્ધારક સંસ્થાને વિક્રમસંવત્ ૨૦૦૨ના ભાદરવા વદ ૪ને શનિવારે ભેટ કરી છે.

શ્રીતપોગચ્છીય આગમોદ્ધારક આચાર્યદેવ શ્રીઆનંદસાગરસૂરીશ્વર મહારાજે સુરત શહેરમાં ગોપીપરામાં શ્રીઆગમોદ્ધારક સંસ્થાએ કરાવેલા તિર્ચ્છાલોકમાં આવેલા શાશ્વતા ચૈત્યને અનુસરતા એકસો વીસ જિનબિંબથી શોભતા અને શ્રીસિદ્ધક્ષેત્ર શ્રીવર્ધમાનજૈનઆગમમંદિરમાં આરસમાં કોરાવેલા પીસ્તાલીશ આગમોને અનુસારે તામ્રપત્ર પર કોરાવેલા આગમોથી શોભતા શ્રીવર્ધમાનજૈનતામ્રપત્રઆગમમંદિરની વીરસંવત્ ૨૪૭૪ વિક્રમસંવત્ ૨૦૦૪ના મહાશુદી ૩ને શુક્રવાર તા. ૧૩–૨–૪૮ના રોજ પ્રતિષ્ઠા કરાવી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स
આગમોદ્ધારક–આચાર્ય–પ્રવર–શ્રીઆનંદસાગરસૂરીશ્વરેભ્યો નમઃ

# આગમોદ્ધારકની અમૃતદેશના

દેશનાકાર :
આગમોદ્ધારક–આચાર્ય–શ્રીઆનંદસાગરસૂરીશ્વરજી મહારાજ

## વ્યાખ્યાન પહેલું

### જગતની એબ જોવાય છે, પણ પોતાની એબ જોવાતી નથી

आर्त्तध्यानाख्यमेकं स्या–न्मोहगर्भं तथापरम् ।
सज्ज्ञानसङ्गतं चेति, वैराग्यं त्रिविधं स्मृतम् ॥१॥

શાસ્ત્રકાર મહારાજા ભગવાન શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ ભવ્ય જીવોના ઉપકારમાટે અષ્ટકજીમાં આગળ સૂચવી ગયા કે દરેક જીવે પોતામાં ચૈતન્ય હોય તો પોતાનું સ્વરૂપ વિચારવાની જરૂર છે. જગતમાં કહે છે કે પોતાનું ન વિચારશે તો પારકું કોણ વિચારશે? સાચો પોતાની પહેલાં બુઝાવે. આપણે પોતાના આત્માને ન જોઈએ, પોતાને પોતે ન ઓળખીએ તો બીજાને શી રીતે ઓળખીશું? જગતમાં આંખ કિંમતી ગણાય છે, તેના ઉપરજ આધાર છે, એ રત્ન છે છતાં આંખમાં એબ છે તે હજી લક્ષ્યમાં આવી નથી. આંખની એબ કઈ? આખા જગતને દેખે પણ પોતે પોતાને ન દેખે એ આંખની એબ છે. આંખમાં કણીયો પડ્યો હોય, ડાઘ પડ્યો હોય તો બીજાને દેખાડવી પડે છે. જિંદગીનું જરૂરી સાધન આંખ જેને રત્ન કહો છો, પણ એમાં એબ છે તે આંખને પોતાને દેખાતી નથી, તેવી રીતે આ આત્મામાં પણ એવી એબ છે કે પોતે પોતાને દેખે નહિ. જન્મથી મરણ સુધી બાયડી, છોકરાં, આબરૂ, ધન વિગેરે

P. P. Ac. Gunratansuriji M.S.    Jin Gun Aaradhak Trust

તમામની ચિંતા કરી, પણ પોતાની ચિંતા કરવાનો આ જીવને વખત મળતો નથી. પોતાનું સુધારવાની કંઈ પણ વાત હોય ત્યાં કહી દે છે કે 'વખત નથી.' ત્યારે બીજાં કામો પુરસદ વગર થાય છે? બાયડી, છોકરાં વગર પુરસદે સંભાળાય છે? પુરસદ પોતાનું વિચારવામાં મળતી નથી. આંખની કારીગીરી બીજા પદાર્થો દેખાડવામાં કામ લાગે છે, તેવી રીતે આ જીવ પારકી પંચાતમાં આખી જિંદગી ગુમાવે છે, પણ પોતાને માટે ઘડી પુરસદ કાઢતો નથી. પોતાનું સ્વરૂપ શું, તે કેમ પ્રગટ થાય, તેના સાધનો કયા તે બાબતનો વિચાર સરખો કરતો નથી. કદાચ વિચાર કરવા બેસે તો ત્યાં એ દુનિયાની પલોજણ તો ખરીજ. પેલા સામાયિક કરનારા શેઠનું ચિત્ત ઢેડવાડે ગયું હતું તેથી કોઇએ પૂછયું હતું કે શેઠ કયાં ગયા છે? ત્યારે વિશિષ્ટ જ્ઞાન ધરાવનાર વહુએ કહ્યું હતું કે ઢેડવાડે ગયા છે. વિચાર કરવાનું ચિંતવાતું નથી, ચિંતવાય છે તો અમલ કરવો મુશ્કેલ છે. આ દશામાં આત્મસ્વરૂપ કોણ પ્રગટ કરી દે? કોઈ માણસ બેંકમાં જતો હોય તો એના ચેક ભેગો તમારો પણ વટાવતો આવે પણ આત્મસ્વરૂપ તમારૂં બીજો કોઈ પ્રગટ કરી શકે તેમ નથી. બીજાની શક્તિ છે છતાં પ્રગટ ન કરે એમ નહિ પણ જગતમાં તેવા પ્રકારની શક્તિ નથી. ચાહે તો કેવળી હોય, ચાહે તો ગણધર હોય કે તીર્થંકર હોય, કોઇથી તે થાય નહિ. આત્માથી પોતાથીજ થાય તેમ છે. ક્ષપકશ્રેણિ વખતે કેવળી અનંતકર્મોને અંતર્મુહૂર્તમાં બાળીને ભસ્મ કરે છે પણ એક જીવનું તેઓ કલ્યાણ કરી શકતા નથી. એક તીર્થંકર કેવળીએ બીજા જીવોના કર્મો લઇને ક્ષય કર્યાં નહિ. ધર્મનું પ્રયોજન કર્મક્ષયાર્થે છે. કર્મોની નિર્જરા કરવી એજ સાધ્ય રાખવાનું છે. એ સિવાય ધ્યેય કે સાધ્ય કે મુદ્દો રાખો તો સ્વરૂપથી ચૂકો છો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શંકા:-તીર્થંકરની સેવામાં કર્મક્ષયનો મુદ્દો રાખવાનું કહો છો, તેમજ તીર્થંકર બીજાના કર્મક્ષય કરતા નથી એમ કહો છો, એ બે વાત કેમ બને ?

એકેયે દીવાએ આંધળાને દેખતો કર્યો નથી તો દેખતો કોના જોરે દેખે છે ? દીવો આંધળાને દેખતો ન કરે છતાં દેખતાને આલંબન છે. તેવી રીતે એકે તીર્થંકરે એક પણ જીવના કર્મનો ક્ષય કર્યો નથી, છતાં તેમના આલંબને ઘણા તરી ગયા. અંધારી ગુફામાં દેખતામાં અને આંધળામાં ફરક નથી પણ દીવો થાય ત્યાં દેખતા એ દેખતા અને આંધળા એ આંધળા. દેખતો (લાયક) તીર્થંકરનું વચન સાંભળીને પોતાનું સ્વરૂપ દેખી શકે છે અને આંધળો (અયોગ્ય) વચનો સાંભળવા છતાં લાભ મેળવી શકતો નથી. જેઓ જિનેશ્વરના વચનનો ઉપયોગ કરનારા નથી તેઓને જિનેશ્વર થયા હોય કે ન થયા હોય તે બધું સરખું જ છે. આંધળાને તો દીવો નકામો છે એ વાત ખરી છે પણ દેખતાને દીવો ન હોય તો અથડાવાનું જ છે. દીવો દેખતાને ઉપકારી છે તેવી રીતે આ જીવ ભવિ હોય છતાં પણ જિનેશ્વર મહારાજનાં વચનરૂપી દીવાના આધારેજ પોતાનું સ્વરૂપ જાણી શકે છે. આંખવાળો દેખતો હોવા છતાં અજવાળાની ખામીને લીધે મોતીમાં અને મગમાં ફરક જાણી શકતો નથી. જિનેશ્વર મહારાજ જન્મ્યા ન હોત, તીર્થ પ્રવર્તાવ્યું ન હોત તો ભવિને પણ લાભ થાત નહિ. હીરા અને કાંકરાનો, આશ્રવ અને સંવરનો વિવેક કોણે બતાવ્યો ?

## દેખતાને પણ અજવાળાનું આલંબન જરૂર જોઇએ.

આ આત્મા ગમે તેવો લાયક હોય, ચાહે તેવો ઉત્તમ હોય, સારી ભવિતવ્યતાવાળો હોય પણ તીર્થંકર મહારાજના વચનરૂપી અજવાળું ન મળે એને માટે સંવર તથા આશ્રવ,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મોક્ષ તથા ભવનાં કારણ એવો કાંઈ ભેદ છે નહિ. એ વિભાગ એણે તીર્થંકરના વચનથી પાડયો. અજવાળું છે, હીરો અને કાંકરો જોડે પડયો છે, પણ આંખ ન ખોલે તો ? અજવાળું પડદાવાળું હોય તો શું થાય ? તેવી રીતે આપણા આત્મામાં શક્તિ તો બે ઘડીમાં મોક્ષ લેવા જેટલી છે; અત્યારે મિથ્યાત્વી હોય અને કાચી બે ઘડીમાં કેવળ પામી મોક્ષે જાય છે. શક્તિ ઓછી નથી પણ આંખની આડે એક દોરાના પાંપણ આવવાથી માઇલો સુધી દેખાવાની શક્તિ દૂર થાય છે તેવીજ રીતે આ આત્મામાં કૈવલ્યસ્વરૂપ પ્રાપ્તિની શક્તિ છે પણ પાંપણની જેમ કર્મપુદ્ગલો આડા આવી જાય તો એ એને લઇને નિરર્થક થાય છે. કર્મપુદ્ગલોને લઈને અનુત્સાહપણું આવી જાય છે. ઉત્સાહવાળો હોવા છતાં જિનવચનરૂપી અજવાળું ન હોય તો શું થાય ? અન્યમતમાં પાપનો ડર નથી એમ નથી પણ મોક્ષ ઇચ્છા નથી. આંખો પ્રયત્ન કરે પણ અજવાળું ન હોય તો હીરા કાંકરાનો વિવેક શી રીતે થાય ? એવી રીતે જિનેશ્વર મહારાજનાં વચનરૂપી અજવાળું ન મળે ત્યાં સુધી મોક્ષનાં કારણો તથા ભવનાં કારણોના વિવેકને સમજી શકાય નહિ.

## ચિત્રસારથિએ પ્રદેશી રાજાને કેવી રીતે સુધાર્યો ? ભાવનાની સ્થિરતા કેવી જોઇએ ?

પ્રદેશી રાજા કેવો હતો ? હંમેશાં એના હાથ લોહીથી ખરડાયેલા રહેતા હતા. દેશદેશાંતરમાં પણ એની જાહેરાત એવી થયેલી કે એ રાજા પરમ હિંસક, નાસ્તિક તથા અધર્મી છે. ચિત્રસારથિ નામના પ્રધાન પોતાને જે કેશી મહારાજા તરફથી ધર્મ પ્રાપ્ત થયો છે તેમને ત્યાં (પોતાના એટલે પ્રદેશીના રાજ્યમાં) આવવાની વિનંતિ કરે છે. કેશી મહારાજ જણાવે છે : 'જો આગેવાન સુધરેલો હોય તો પાછળના નહિં સુધરેલા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પણ સુધરે, આગેવાન સુધરેલો ન હોય તો સુધારેલાને પણ બગાડી મૂકે છે.' ચિત્રસારથિ–'રાજાના ભાગ્ય હશે તો પામશે, એ નહિં પામે તો એનું ભાગ્ય પણ બીજાઓ તો આપના ધર્મોપદેશથી સુધરશે.' આજકાલ ભાવિકો એવા કે વિનંતિ કરી આવે અને આવીને કહી દે કે–'અમે વિનંતિ કરી આવ્યા, મંજુર થઈ ગઈ.' જો મંજુર ન થઇ હોય તો ટોપલો મહારાજના માથે ઓઢાડે. અર્થાત્ ધર્મદૃષ્ટિ જાગૃત થઈ નથી. જીરણશેઠની વાતો રોજ કરીએ છીએ પણ એમનું ધૈર્ય જોયું ? જીરણશેઠ ચાર ચાર મહીનાથી વિનંતિ કરી આવે છે છતાં મનઃપર્યવજ્ઞાની (એ વખતે ચાર જ્ઞાન છે) મહાવીર મહારાજ પારણું ક્યાં કરે છે ? અનાડી અભિનવ શેઠને ત્યાં પારણું કરે છે ને ? એ અભિનવે આદરસત્કાર નથી કર્યો, સન્માન નથી કર્યું, ભિખારીને આપે તે રીતે દાસીના હાથે દાન દેવરાવ્યું છેઃ વિચારો કે આ ઠેકાણે તમે શું બોલો ? 'ચાર ચાર મહીનાથી ધક્કા ખાઈ મરી ગયા, રોજ જઈને બેઠા તોયે ધ્યાનમાં છે ?' આવું બોલોને. તમે સાધુની સાથે ચાર ઘેર ફરો પછી સાધુને ગોચરી આવી જવાથી (પૂરી આવી રહેવાથી) તમારે ઘેર આવવાની ના કહે તો શી પરિણતિ થાય છે એ વિચારો, ચાર મહીના તમે પાછળ ફરો અને સાધુ વિરોધીને ત્યાં વહોરવા જાય તો ? જીરણશેઠ તો અંતઃકરણની ભાવનાવાળો, કાયમ પારણાની સામગ્રી તૈયાર રાખનારો, પારણાને દિવસે આડંબર કરનારો એ છતાં ભગવાન્ અભિનવને ત્યાં પારણું કરે છતાં જીરણશેઠના હૃદયમાં કઈ ભાવના હતી ? જરા કલ્પનાથી તો વિચારો, આ વાત અસીલની માફક જોખમદારીથી પકડો, વકીલની માફક બિનજોખમદારીથી નહિ પકડો. અસીલ ચાહે હારે કે જીતે પણ વકીલને તો ફી લઈ લેવાની, કેસના અંગે એને કશું જોખમ નથી. જીરણશેઠની વકીલાતમાં ન જતા–જીરણશેઠ જે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ભાવનામાં ટકયા તે ભાવનામાં આવું થાય તો તમે ટકો ? એ ભાવિક અને મહાધૈર્યશીલ શેઠે તો બારમા દેવલોકનું ફળ ઉપાર્જન કર્યું. તમારે તો ચડતાં ચાર ઘડી, ઉતરતાં મિનિટ, ન મહારાજ પાસે જવું, ન સામાયિક કરવું; તમારી એક ઘડીની વિનંતિ નિષ્ફળ જતાં તમારી એ દશા થાય જ્યારે જીરણશેઠની ચચ્ચાર મહિનાની વિનંતી નિષ્ફળ ગઈ હશે એમને શું થવું જોઇએ ? છતાં કેટલું ધૈર્ય ? અભિનવ શેઠે પણ લાભ ન મેળવ્યો. કુતરાએ ખીર ખાધી. ધર્મની શ્રદ્ધા વગરનાને ત્યાં સાધુ જાય ત્યારે તમારૂં અંતઃકરણ કઈ દશામાં જાય ? હજી સુધી માનના થાંભલામાં રહી ગાય ચરી રહી છે, આપણે ધર્મ જિંદગી પર્યંત કરીએ છીએ પણ આપણા માનમાં ઉણપ આવવા દેતા નથી.

ચિત્રસારથિ ( સારથિ એ શાખા હતી ) પ્રધાને ભરસભા વચ્ચે કરેલી વિનંતિ આપણે જોઇ, કેશી મહારાજે જે જવાબ આપ્યો તે આપણે જોયો, છેવટે 'જોઇ લેવાશે' એમ કહ્યું : વિચારો કે પ્રધાનને મનમાં શું થવું જોઇએ ? પણ કાંઈ થતું નથી. પ્રધાન સુરભિપુર આવે છે અને બાગના રખેવાળને સૂચના આપી રાખે છે કે મુનિરાજો આવે ત્યારે એમને અવગ્રહ આપવો તથા ખબર આપવી. ફરતા ફરતા કેશી મહારાજ પણ આવે છે, ઉદ્યાનપાળક એમને ઉતારો આપે છે અને ચિત્રસારથિને ખબર આપે છે. મહારાજ પાસે ચિત્રસારથિ સાંજે, રાત્રે કે બીજે દિવસે પણ આવતો નથી. આખું નગર આવે છે પણ ચિત્ર-સારથિ આવતો નથી. ( જો કે એ તો હેતુપૂર્વકજ નથી આવતો. ) આ ઠેકાણે સાધુ પોતાની સ્થિતિ ભૂલે તો શું બોલે ? 'મોટા ઉપાડે વિનંતિ કરવા આવનારનો તો પત્તોયે નથી' એમ બકી દેને ? વારૂ, બીજાએ આવવું એ પોતાના માટે છે કે સાધુ માટે ? શાસ્ત્રકાર માન સન્માનને પરિગ્રહ કહે છે, તો સાધુ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એવી આશા શા માટે રાખે ? 'અમે આમ, અમે તેમ, આમ કરૂં, તેમ કરૂં' એમ વાલભ્યક નામનો મત કહે છે. દીવાને સળગાવવો પડે, મોટો નાનો કરવાથી પ્રયોજન નથી, કાર્યનું પ્રયોજન છે, તેવી રીતે બીજાના આત્માના ઉદ્ધાર વખતે, 'મારે માટે, મારૂં આમ' એ શું ? જે કોઈ શ્રોતા આવે તેને માર્ગ બતાવવો એજ પોતાનું કામ છે. સ્મશાનમાં રાજા અને રંક બેય સરખા છે, તેવી રીતે ધર્મસ્થળે સારા નઠારા, શ્રીમંત, ગરીબ બધા સરખા છે, ધર્મ સંભળાવવા ને તે દ્વારા પમાડવા માટે બધાની લાયકાત છે. 'जहा पुण्णस्स कत्थइ तहा तुच्छस्स कत्थइ' ધર્મનું જે સ્વરૂપ ચક્રવર્તીને કહેવાય તેજ ગરીબને પણ કહેવાય, ભીખારીને પણ કહેવાય. એ વાક્ય સ્વરૂપને બદલે રીતિમાં લઇ જવામાં આવે તો ? શાસ્ત્ર અને શસ્ત્રમાં ફરક માત્ર 'આ' કારનો છે. 'આ' કાર સહિત શાસ્ત્ર, 'આ' કાર રહિત શસ્ત્ર 'આ' કાર ધ્યાનમાં ન રાખવામાં આવે તો એજ શાસ્ત્ર તે શસ્ત્ર બને. ધર્મ જેવો ચક્રવર્તીને કહેવો તેવો દરિદ્રીને કહેવો આ વાક્ય ધર્મના સ્વરૂપના મુદ્દાનું છે, સ્વરૂપદર્શક એ વાક્ય છે. ઉદાયિ રાજાને પૌષધ કરાવવા શિષ્યો સહિત આચાર્ય જાય છે, પણ એથી બધા પોતાને ઘેર પૌષધ કરાવવા આચાર્યને કે સાધુને બોલાવે તો ? સ્વરૂપનું વાક્ય રીતિમાં ઉતારાય નહિ. સ્વરૂપ ન સમજવાથી વાંધો આવે છે. કેશી મહારાજ તો જેઓ આવે છે તેને ધર્મ સંભળાવે છે. વચલા કાળમાં હતું કે ફુલાણાભાઈ ન આવ્યા હોય તો વ્યાખ્યાન શરૂ ન થાય. ચિત્રસારથિના બાગમાં કેશી મહારાજા પધાર્યા છે પણ ચિત્રસારથિનો પત્તો નથી. ચિત્રસારથિ પ્રદેશી રાજાને કહે છેઃ 'સોદાગર જે ચાર ઘોડા આપી ગયો છે તે લેવા છે કે નહિ એનો જવાબ લેવા તે આવશે માટે તે ઘોડાની તપાસ કરી લ્યો.' પ્રદેશી રાજાને એ વાત નવાઈ જેવી નહોતી. એ તો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તૈયાર. ઘોડા ખેલાવતાં જ્યારે થાકયો ત્યારે રાજાને એજ બગીચામાં પ્રધાન લાવે છે.

## ગુરૂમહારાજના ઉપદેશની અસરથી બે ઘડીમાં પરમનાસ્તિક કેવો આસ્તિક થયો?

રાજા પણ આસાયેશ માટે ત્યાં આવે છે. ભાવતું હતું અને વૈદે કહ્યું! કેશી મહારાજા વ્યાખ્યાન વાંચી રહ્યા છે, તે વખતે લોકો કુતૂહળી નહોતા. રાજા બગીચામાં આવે છે, તો પણ કોઇ ઉભું થતું નથી. છેટેથી કેશી મહારાજને ધર્મોપદેશ આપતા જોઇ પ્રદેશી રાજા કહે છે; પેલો બરાડા કેમ પાડે છે? ચિત્રસારથિ-બરાબર છે. પધારો સાહેબ. આપ જાતેજ ખુલાસો કરો. ચાલો સાથે આવું. બન્ને સાથે આવે છે. ત્યાં ચિત્રસારથિ વંદના પણ નથી કરતો. સાધુ મગજના ફરેલા હોય તો અહિં શું થાય? વંદના કરનારો વંદના પોતાના માટે કરે છે કે સાધુ માટે? જો પોતાના માટે હોય તો ગરજ હશે તો કરશે, એમાં સાધુએ વિકલ્પો કરવાની જરૂર શી? વંદના વ્યક્તિને થાય તો ઉચિત કે ગુણને થાય તો ઉચિત? ગુણ પોતામાં નથી એવું માનનાર જગતમાં કોઈ નથી. મારામાં ઉચિત ગુણો નથી એવું કહેનાર જગતમાં કોઈ નથી. પોતાને વંદન કર્યું કે ન કર્યું તે સાધુને તપાસવાનું હોતું નથી. ચિત્રસારથિ સ્તબ્ધ ઉભો છે, પ્રદેશી રાજા સાંભળે છે. પ્રદેશી રાજાના તમામ પ્રશ્નોના ઉત્તર કેશી મહારાજા બરાબર દે છે. પ્રદેશી રાજાને હવે કેશી મહારાજા વંદનીય ભાસે છે. રાજા બે ઘડીમાં ફેરવાઇ ગયો. લોહીથી હાથ ખરડાયેલા રાખનારો કેશી મહારાજાના ઉપદેશથી ધર્મમૂર્તિ બન્યો. જે ધર્મ પાસે એને ભોગ ઉપર કંટાળો આવે છે. પ્રદેશી રાજા ભોગથી એવો કંટાળ્યો કે એને સંસાર નીરસ લાગ્યો અને તે એવો કે જેથી ભોગમાં જ માત્ર રક્ત એવી રાણી સૂર્યકાંતાને એને મારી નાખવાનો વિચાર થયો. સૂર્યકાંતાના વિષયસુખના

ભોગવટામાં વિઘ્ન પડયું ત્યારે એને એ વિચાર થયો. બાયડીનો કલ્પાંત થાય તો ધર્મ ન કરવો એવું કહેનારા આ વાત ધ્યાનમાં રાખે. સૂર્યકાંતા રોઈ હશે, ઝુરી હશે, રોતાં ઝુરતાં કેટલું કંટાળી હશે ત્યારે ઝેર દીધું હશે. રાણીના રોવાને જુએ તો પ્રદેશી રાજા દેશવિરતિ પણ પાળી શકે નહિ. રાણીનું રોવું, ઝુરવું શું પ્રદેશી રાજાના ધ્યાન બહાર હતું ? રાણી રાજાને ઝેર દે છે, પ્રદેશી રાજાને શરીરમાં ઝેર વ્યાપે છે, રાજાને માલુમ પડે છે કે આ ઝેર રાણીએ દીધું પણ 'નખ્ખોદ જજો તે કેશી મહારાજનું કે જેના યોગે રાણીએ મને ઝેર દીધું' આવો વિચાર એક રૂંઆડે પણ આવ્યો નહિં. એવો વિચાર તો નિર્ભાગીને આવે: ભાગ્યશાળી તો વિચારે કે સગાંસંબંધી સ્વાર્થના છે, એટલે સ્વાર્થ સર્યો ત્યાં સુધી ઠીક પછી રાણીએ ઝેર દીધું. પોતાને મારવાનું કારણ રાણીને વિધવાપણું નથી પાળવું એ છે એમ પ્રદેશી રાજા જાણે છે. નાસ્તિક સ્ત્રી ધણીને મારવા માગે તેનું પરિણામ શું હોવું જોઈએ ? રબારીમાં કહેવાય છે કે 'લે છાલી ને હું ચાલી', સૂર્યકાંતાને માત્ર છાલી કાઢવાની ફીકર છે એ વાત રાજાના ધ્યાનમાં આવી. દેશવિરતિધર્મના પાલનમાં આટલી અડચણ આવે તો તેનાથી ઉત્તમોત્તમ (સર્વવિરતિ) ધર્મને અંગે પૂછવું જ શું ? ઝેર ઉતારનાર રત્ન જે તીજોરીમાં છે તેની શોધ થવા લાગી તેથી રાણીએ જાણ્યું કે આ તો બચી જશે એટલે અરરર ! શું થયું" ? એમ બોલતી, રડતી, વાળ છૂટા મૂકીને એ ત્યાં આવી રોતી રોતી રાજાના દેહ ઉપર પડી અને વાળ ફેલાવીને અંગુઠાના નખથી રાજાનું ગળું દાબી દીધું. વિષયભોગની તૃષ્ણા જગતને કેવું વિહ્વલ કરે છે ? રાજાને ધર્મામૃત મળ્યું છે તેથી વિચારે છે કે–મારા અંગે ભલે એ વેર બાંધે પણ હું વેર બાંધું નહિ.' પોતાને ઝેર દઈને તથા છેવટે નખ દઈને મારનાર ઉપર પ્રદેશી રાજા કરૂણા વરસાવે છે, જેના હાથ લોહીથી ખરડાયેલા જ રહેતા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હતા એવો પ્રદેશી રાજા ભોગનો ત્યાગ કરવાથી રાણી એને ઝેર દે છે છતાં આવી સમતામાં રહ્યો. આ પ્રભાવ શ્રીજિનેશ્વરદેવના વચનનો છે.

**શ્રીજિનેશ્વરદેવના વચનનો પ્રભાવ અનન્ય છે, અનુપમ છે.**

અંધારામાં હીરા અને કાંકરામાં ફરક જણાતો નથી. આજ ભવિ જીવ, આજ જગતમાં ભમનારો જીવ, તેવો વિવેક જિનેશ્વરના વચન માત્રથીજ થાય છે. શ્રીજિનેશ્વરદેવ બીજા જીવના કર્મોનો ક્ષયોપશમ પોતે કરી દેતા નથી, છતાં ઉપકારી છે કેમકે એમનાં વચનો કર્મક્ષયનાં સાધનભૂત છે. એ વચનોનું આલંબન ન હોય તો આપણે કલ્યાણ કરી શકતા નથી. અજવાળું છતાં પણ દેખનારાઓએ પ્રયત્ન કરવો જોઈએ. અજવાળા તરીકે શ્રીજિનેશ્વરદેવનું વચન છે. 'હું કોણ? મારી અવસ્થા કઈ?' એ કોઈ દિવસ આપણે વિચાર્યું ? એ વિચારવાની આ જીવને ફુરસદ નથી, ફુરસદ માત્ર રોડાં રમાડવાની છે. માત્ર આત્માના અવલોકનની ફુરસદ નથી. માટે જ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા બુદ્ધિ સુધારવાનું કહે છે. આત્માના સ્વરૂપને જાણો છો, માનો છો, ધ્યેય રાખો છો છતાં કાર્ય આવે ત્યારે ફુરસદ મળતી નથી ? એનું કારણ જીવ દુનિયાદારી તરફ રંગાએલો છે. આત્માને જોવો હોય, બંધનથી છોડાવવો હોય તો આ રંગ ધોઈ નાખો. એનું જ નામ વૈરાગ્ય છે. રોડાં, કુકાની રમતને મૂકી દો. એ છોડવાનું તમને જ્ઞાનદૃષ્ટિએ જણાવવામાં આવે છે. ત્રણ પ્રકારે છોડી શકાય છે. માટે વૈરાગ્યના ત્રણ પ્રકાર છે.

**વૈરાગ્યના ત્રણ પ્રકાર : આર્ત્તધ્યાનવૈરાગ્યનું સ્વરૂપ**

વૈરાગ્યના ત્રણ પ્રકાર છે. (૧) આર્ત્તધ્યાન વૈરાગ્ય (૨) મોહગર્ભિત વૈરાગ્ય (૩) જ્ઞાનગર્ભિત વૈરાગ્ય. ભાઇ પ્રત્યે રાગ થોડો હોતો નથી પણ ભાગલાગની વાત આવે ત્યાં ભાઇ કોનો ? ત્યાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વૈરાગ્ય આવ્યો એ શાનો? પૈસાની પૂજાનો! બાયડી ઉપર રાગ છતાં એ ઘરમાંથી કાંક ઉઠાવી જાય ત્યારે 'મુઈ રાંડ' કહી દ્યો છો ને? તો તે વૈરાગ્ય છે? લક્ષ્મીની લાલચમાં લોભાયા, આનું નામ દુઃખગર્ભિત વૈરાગ્ય, આર્ત્તધ્યાન વૈરાગ્ય: એ વૈરાગ્યવાળાનું લક્ષ્ય આરંભ, પરિગ્રહ, વિષય, કષાયમાં હોય છે. તમે આર્ત્તધ્યાન (દુઃખગર્ભિત) વૈરાગ્યનું સર્ટિફિકેટ કોને દ્યો છો? ચિત્રામણનું સર્ટિફિકેટ આંધળો દે એની કિંમત શું? આંધળો ડ્રોઇંગ માસ્તર હોઈ ન શકે. વૈરાગ્યનાં લક્ષણ જાણ્યા વગરનો મનુષ્ય વૈરાગ્યને અંગે સર્ટિફિકેટ આપી દે તો કેવો ગણાય? ભાગીદારીને અંગે વાંધો પડવાથી રાગ ખસે એટલે વૈરાગ્ય થાય એ વૈરાગ્ય કેવો? આર્ત્તધ્યાન વૈરાગ્ય એટલે એક પદાર્થ પરથી રાગ ખસી બીજામાં રાગ થાય તે. ચિત્ત ઉઠયું તેજ વિરાગ. ધણીના વિયોગથી રાગવાળી વસ્તુ છોડી દીધી તે કેવો વૈરાગ્ય? આત્મા બુઝે તે વખતે આર્ત્તધ્યાન હોતું નથી. ઇષ્ટના વિયોગથી અનિષ્ટના સંયોગથી આત્મઘાત કરવા પણ કોઇ તૈયાર થાય છે. આર્ત્તધ્યાન વૈરાગ્ય ડગલે ને પગલે હોય છે. દુઃખગર્ભિત કિંવા આર્ત્તધ્યાન વૈરાગ્ય, ઇષ્ટના વિયોગ કે અનિષ્ટના સંયોગથી થતા દુઃખથી રાગરહિતપણું થાય તેને કહેવામાં આવે છે. આ વૈરાગ્ય શું કાર્ય કરે છે? અન્યધર્મોની અપેક્ષાએ વિચારીએ તો ધણી પાછળ ખાવાપીવાનો ત્યાગ કરાવે છે. એજ દૃષ્ટાંતને અંગે શ્રી હરિભદ્રસૂરિજી કહે છે કે-'વોસિરે વોસિરે' કરી રાજીનામું આપનારને, રાજીનામું આપ્યા પછી મરનારને એમાં કશું લેવાદેવા નથી. પાછળના કુલેશ કરે તે કુલેશાદિ પ્રવૃત્તિની સાથે તેને કશું લાગતું વળગતું નથી. પાછળનાઓ જેટલા આંસુ સારે (કાઢે) તેટલી વિષ્ટા મરનારને વળગે છે એમ અન્ય મતો માને છે. આર્ત્તધ્યાન તિર્યંચગતિમાં લઇ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જાય છે. શોક કરનારની પોક તિર્યંચગતિ અપાવે છે. હવે આર્ત્તધ્યાન વૈરાગ્ય શાથી થાય ? એકજ કારણથી, તમે તે વસ્તુમાં મુંઝાયા છો. વસ્તુ પેલાના શોકે છૂટી છે. વસ્તુને અસાર માની વસ્તુ છોડી નથી જ્યાં ધાર્યું ન થાય ત્યાં માત્ર તે ખાતર જે ત્યાગ કરો છો ત્યાં જ્ઞાનબુદ્ધિ નથી માટે હરિભદ્રસૂરિજી જણાવે છે કે પોતે પોતાને ખાસ ઓળખવાની જરૂર છે.

*

વ્યાખ્યાન બીજું

## — જૈનદર્શનરૂપી દુર્બીન —

સ્વરૂપ અને સંયોગો સમજો.

શાસ્ત્રકાર મહારાજા, શ્રીમાન્ ન્યાયાચાર્ય યશોવિજયજી ઉપાધ્યાયજી મહારાજ જ્ઞાનસાર પ્રકરણ નામક ગ્રન્થ કરતાં સૂચવી ગયા છે કે જે દરેક ભવ્ય આત્માઓએ, પ્રત્યેક ધર્માર્થીઓએ અને દરેક મોક્ષ મેળવવા માગનારાઓએ પોતે કઈ સ્થિતિમાં છે, કયા સ્વરૂપમાં છે અને કયા સંયોગોમાં મૂકાએલા છે તેનો વિચાર અવશ્ય કરવો જ જોઈએ. આત્મા જ્યાં સુધી પોતે કોણ છે, પોતાનું સ્વરૂપ શું છે, પોતે કઈ સ્થિતિમાં છે અને કયા સંજોગોમાં છે એનો વિચાર કરતો નથી ત્યાં સુધી લૌકિક માર્ગવાળો આત્મા કાર્યની સિદ્ધિ પણ કરી શકતો જ નથી. આ ત્રણ બાબતોનો વિચાર પ્રત્યેક માણસ કરે છે ત્યારે જ તેનું કાર્ય ફળે છે. ઘાંચીની પાસે ઘાણી હોય તે પોતાનું સ્વરૂપ જાણે છે

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

કે પોતે ઘાણી જોડવાની સ્થિતિમાં છે તેની પાસે ઘાણીની સામગ્રીરૂપ બળદો પણ હોય પરંતુ જો રેતીના સ્વરૂપને તે ન જાણે તો ?

**વસ્તુનું જ્ઞાન આપો.**

ઘાંચીરાજ જો રેતીના સ્વરૂપને ન જાણે અને ઘાણીમાં રેતી નાખીને જ તેને પીલ્યા કરે તો ? તો તેની મહેનત જ નકામી જાય કે બીજું કાંઈ ? હવે જુઓ કે આ સંયોગોમાં ઘાંચીએ પોતાની સ્થિતિ વિચારવામાં ભૂલ કરી નથી, તેણે સાહિત્ય સંયોગોમાં ભૂલ થવા દીધી નથી પરંતુ તેની ભૂલ મૂળભૂત વસ્તુનું સ્વરૂપ જાણવામાં રહેલી છે. ઘાંચી રેતીનું સ્વરૂપ નથી જાણતો તેથી તે ચક્કરે ચઢે છે તેજ પ્રમાણે આ જીવ પણ જો પોતાનું સ્વરૂપ ન સમજે તો તે ચક્કરે જ ચઢે છે. સંસારની સ્થિતિનું ભાન તો જીવને હોય છે, પોતાની જન્મસ્થિતિને તો દરેક જ જીવ સમજે છે. જીવાત્મા ગમે તે ક્ષેત્રમાં ગએલો હો તે દેવતા તરીકે જન્મેલો હો, મનુષ્ય યોનિમાં જન્મેલો હો, તિર્યંચ યોનીમાં જન્મેલો હો અથવા તો નારકી તરીકે જન્મેલો હો પરંતુ પ્રત્યેક જીવ આ સંસારમાં પોતાની જન્મસ્થિતિ કેવી છે તે તો બહુ જ સારી રીતે સમજે છે.

**જીવતત્ત્વની શોધ કોણે કરી ?**

પોતાની જન્મસ્થિતિ તો દરેક જ જીવ જાણે છે. વળી તે ઉપરાંત આર્યક્ષેત્રાદિ અનુકૂળ સંયોગો પણ ઘણાને મળેલા હોય છે. આ રીતે ઘણા જીવોને સ્થિતિ અને સંયોગો અનુકૂળ હોય છે, પરંતુ તે છતાં તેઓ ઇષ્ટ વસ્તુને પામી શકતા નથી, કારણ કે તેઓ જીવનું સ્વરૂપ કેવું છે તે જાણતા નથી. જે આવા આત્માઓ જીવનું સ્વરૂપ જાણતા નથી તેઓ કઇ વસ્તુની ઇચ્છા કરે છે તે હવે જુઓ. રેતીનું સ્વરૂપ જે નથી જાણતો, તલના

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સ્વરૂપને જે નથી પીછાણુતો તે માણુસ તલની પેઠે રેતીને ઘાણીમાં નાખીને પણ તેલ ઇચ્છે છે, પરંતુ તેલની પ્રાપ્તિ તેને થવા પામતી નથી. એ જ સ્થિતિ અહીં પણ છે. જીવતત્ત્વને ફક્ત આપણે જૈનો જ માનતા નથી. જીવતત્ત્વને તો તમામ આર્યો માને છે. શૈવ, વૈષ્ણવ, સ્વામીનારાયણ ઇત્યાદિ વિવિધસંપ્રદાયવાળા આર્યો જીવતત્ત્વને માને છે. તે ઉપરાત મુસલમાન અને ખ્રીસ્તિ જેવા પણ જીવતત્ત્વને તો માને છે.

**બોલો છો પણ સમજતા નથી.**

જગતમાં આ રીતે સઘળા જ જીવતત્ત્વને માને છે પરંતુ તેઓ તેટલી માન્યતા માત્રથી જ સત્ય વસ્તુને પામી શકતા નથી, કારણ કે જીવતત્ત્વ બોલ્યા છતાં તેઓ જીવતત્ત્વના સ્વરૂપને જાણુતા નથી. નાના છોકરાઓ વાતવાતમાં હીરો બોલે છે. નાના છોકરાઓ ઉપરાંત અભણ અજ્ઞાન માણસો કાચના કટકાને જ હીરો કહે છે અને ઝવેરીઓ હીરાને જાણીને હીરોશબ્દ બોલે છે. પરંતુ ખરા પ્રમાણભૂત શબ્દો તો પેલા ઝવેરીના જ ગણાય છે અને તે જ હીરાને તેમજ તેના સાચા મૂલ્યને પામી જાય છે કારણ કે ઝવેરી હીરાનું સ્વરૂપ સમજીને પછી તેને હીરા તરીકે બોલે છે. જે છોકરો અથવા જે માણસ હીરાને ઝવેરીએ હીરો કહ્યો માટે પોતે પણ હીરો કહે છે તેને આપણે ઝવેરી કહી દેતા નથી. કાચને અથવા કાચના ટુકડાને તેણે હીરો નથી કહ્યો પરંતુ તે છતાં તેને આપણે ઝવેરી નથી કહ્યો કારણ કે તે હીરાનું સ્વરૂપ જોઈને હીરાને હીરા તરીકે હીરો કહેતો નથી પરંતુ માત્ર હીરો એ શબ્દ જ તે વાપરે છે.

**જીવશબ્દ પ્રવર્તાવે છે કોણ ?**

જેમ બાળકો અજ્ઞાનીઓ અને બીજાઓ હીરાને હીરા તરીકે ઓળખીને તેને હીરો કહેતા નથી, તેમ અન્ય જાતોએ પણ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જીવનું સ્વરૂપ ઓળખી લઈને એ જીવને જીવ કહ્યો નથી ! ઝવેરી હીરાને હીરા કહે એ તે જોઈને ઝવેરીનો છોકરો અથવા અજ્ઞાન ભીલ બાળક પણ તે વસ્તુને–હીરો–કહી દે છે. આ પ્રસંગમાં ખરી રીતે વિચારીશું તો જણાશે કે હીરાશબ્દની પ્રવૃત્તિ ઝવેરીના છોકરાથી થવા પામી નથી પરંતુ ઝવેરી શબ્દની પ્રવૃત્તિ ઝવેરીથી જ થવા પામી છે અને તેના દ્વારા હીરા શબ્દની પ્રવૃત્તિ થવા પછી એ શબ્દને અન્યોએ ગ્રહણ કરી લીધો છે, જેમ હીરા શબ્દની પ્રવૃત્તિ ઝવેરીથી છે તેમ અહીં જીવશબ્દની પ્રવૃત્તિ કોનાથી છે તે વિચારવાની વાત છે.

## બંને શંકા સરખી છે કે જુદી ?

જૈનેતર મતવાળાઓ પણ જીવ કહે છે. જેઓ નાસ્તિક છે તેઓ પણ જીવ કહે છે. પાંચ ભૂતથી જે ચેતના ઉત્પન્ન થાય છે તેને પણ જીવ કહે છે. વળી તત્ જીવ તત્ શરીરવાદી નાસ્તિક મત ગણીએ છીએ. હવે અહીં એક સામાન્ય પ્રસંગની વાત જોઈએ. જો કે આ વાત અતિ સામાન્ય છે તો પણ તે સમજવા જેવી તો છે જ. વીર ભગવાનના પહેલા ગણધર ભગવાન્ એમને એક વાર એવી શંકા થઈ હતી કે જીવ છે જ નહિ. જ્યારે ત્રીજા ગણધર ભગવાન્ એઓશ્રીને એક વાર એવી શંકા થઈ હતી કે તત્ જીવ તત્ શરીર; હવે વિચાર કરો કે આ બંને ગણધરોની શંકામાં તફાવત ક્યાં છે અને શો છે? પહેલા ગણધરની શંકામાં તેઓ માને છે કે જીવ પરલોકગામી નથી જ્યારે ત્રીજા ગણધરની શંકા 'તત્ જીવ તત્ શરીર' એ છે. હવે અહીં એક મુદ્દાનો પ્રશ્ન વિચારવાનો છે. એ પ્રશ્ન એ છે કે પહેલા અને ત્રીજા ગણધરની શંકા એક સરખી છે તો પછી બંનેની શંકા એક જ કહેવાય કે જુદી જુદી ?

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બંને શંકામાં રહેલી ભિન્નતા.

પહેલા ગણધરને પણ શંકા ત્યાંથી જ ઉત્પન્ન થઈ છે કે 'विज्ञानघन एव.' અરે એ જ પદોથી ત્રીજા ગણધર ભગવાનને પણ શંકા ઉત્પન્ન થઇ છે. બંને ગણધર ભગવાનોને શંકા એક જ સ્થળેથી ઉત્પન્ન થઇ છે. શંકાના કારણ અને સ્વરૂપ એક જ છે તો પછી બંનેની શંકાઓ જુદી કેમ હોઇ શકે? છતાં આપણે હવે જોઈશું. અને વિચાર કરીને કબુલ રાખીશું કે બંનેની શંકાઓ જુદી જ છે અને જુદી છે એ જ વ્યાજબી છે. પહેલી વાત તો એ છે કે જો પહેલા ગણધરની શંકા અને ત્રીજા ગણધરની શંકા એક જ હતે, તો તો પહેલા ગણધરની શંકાનું સમાધાન થયા પછી ત્રીજા ગણધર ભગવાનની શંકાનું એની મેળે જ સમાધાન થઈ જતે, પરંતુ પહેલા ગણધરની શંકાનું સમાધાન થવા છતાં ત્રીજા ગણધરની શંકા કાયમ રહે છે એ ઉપરથી પણ એક વાત તો એ સ્પષ્ટ થાય છે કે બંનેની શંકા અવશ્ય જુદી હોવી જ જોઈએ.

જીવ અને દેહ.

પહેલા અને ત્રીજા ગણધર ભગવાન્ બંને તત્ત્વ તરીકે જીવ પરલોકગામી નથી એવી શંકા ઉઠાવે છે. ઈન્દ્રભૂતિ એમ શંકા માને છે કે જીવ એ પંચમહાભૂતથી જુદો છે. ઈન્દ્રભૂતિ જીવ માને છે, જીવને ઉત્પન્ન થએલો માને છે, પરંતુ જીવને પંચમહાભૂતથી જુદો માને છે! જ્યારે ત્રીજા ગણધર શ્રીવાયુભૂતિ પણ જીવને માને છે. પંચમહાભૂતથી જ જીવ ઉત્પન્ન થએલો માને છે, પરંતુ તેઓ જીવને પંચમહાભૂતથી જુદો માનતા નથી. તેઓ પંચમહાભૂતથી જીવ એક જ છે એમ માને છે. ટુંકામાં કહીએ તો ઈન્દ્રભૂતિનો અભિપ્રાય એવો હતો કે પંચમહાભૂતથી જ જીવ ઉત્પન્ન થાય છે, પરંતુ જીવ એટલે ચેતના અને શરીર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જુદાં છે ત્યારે વાયુભૂતિનો એવો અભિપ્રાય છે કે तत् जीव तत् शरीर પંચમહાભૂતથી જ જીવ ઉત્પન્ન થાય છે અને તે અને શરીર બંને એક જ છે જીવ અને શરીર જુદાં નથી; અર્થાત્ એક કહે છે જીવ અને શરીર જુદાં છે, બીજા કહે છે કે જીવ અને શરીર જુદાં નથી.

**લાકડાથી અગ્નિ ઉપજે છે.**

લાકડું સળગાવીએ છીએ એટલે અગ્નિ ઉત્પન્ન થાય છે. અગ્નિનો આધાર જોવા જઈએ તો તે લાકડું છે. લાકડાને આધારે જ અગ્નિ ઉત્પન્ન થાય છે, લાકડાને આધારે જ તેની હસ્તી ટકી રહે છે અને લાકડાને આધારે જ અગ્નિ વૃદ્ધિ પણ પામે છે, પરંતુ અગ્નિ અને લાકડાનો આટલો બધો ગાઢ સંબંધ હોવા છતાં પણ અગ્નિ અને લાકડું બંને એક તો નથી જ, તે બંને જુદા જ છે, કારણ કે સળગતા લાકડાને જોઈને આપણે લાકડું એ અગ્નિ છે અને અગ્નિ એ જ લાકડું છે એમ તો કદાપિ પણ કહી શકતા જ નથી. અગ્નિની ઉત્પત્તિ લાકડાથી છે, લાકડાની ઉત્પત્તિ અગ્નિથી થવા પામી નથી. લાકડાથી જ અગ્નિ ઉત્પન્ન થાય છે, લાકડાથી જ અગ્નિ વધે છે, લાકડાથી જ તે ટકી રહે છે અને લાકડાનો નાશ થાય છે એટલે અગ્નિ પણ નાશ પામે છે. આ બંને–લાકડા અને અગ્નિની સ્થિતિમાં જોશો તો કેટલી બધી સાદૃશ્યતા છે છતાં બંને એકબીજાનો પર્યાય નથી

**પાંચ ભૂતોથી ચેતના ઉપજે છે.**

ઉત્પત્તિ અને અસ્તિત્વનો લાકડાં અને અગ્નિમાં આટલો બધો સંબંધ હોવા છતાં લાકડું તેજ અગ્નિ છે અને અગ્નિ

---

હે જીન ? કેવલજ્ઞાન વગર સ્વરૂપથી સૂક્ષ્મ એવા અનંતકાયો જાણી શકાય તેમ નથી. કેવલજ્ઞાની એવા તમારાથી ત્રસ અને સ્થાવર બધા જીવોને સમાનપણે મનુષ્યો જાણે છે. ॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેજ લાકડું છે એમ આપણે કહી શકતા નથી અને એજ વાદ પહેલા ગણધર ઈન્દ્રભૂતિએ પંચમહાભૂત અને ચેતના પરત્વે પણ લાગુ પડ્યો છે. તેમના મંતવ્ય પ્રમાણે લાકડું એ અહીં પંચમહાભૂતો છે અને અગ્નિ એ ચેતના છે. પાંચ ભૂતોનો સંયોગ થાય છે એટલે ચેતના ઉત્પન્ન થાય થાય છે. અને એ ચેતના કાયમ રહે છે, પરંતુ જ્યાં એ પાંચભૂતોનો સંયોગ ચાલ્યો જાય છે કે ત્યાં ચેતના પણ ચાલી જાય છે. પાંચભૂતના સંયોગથીજ ચેતનાનો ઉદ્ભવ તથા ટકાવ છે પરંતું જેમ અગ્નિ અને લાકડાનો સંબંધ હોવા છતાં અગ્નિ અને લાકડું બંને જુદા છે તેજ પ્રમાણે ચેતના અને પંચ મહાભૂત એ પણ પરસ્પર સંબંધવાળા હોવા છતાં તે બંને જુદાજ છે અર્થાત્ પંચમહાભૂતથી ચેતના જુદી છે એમ ઈન્દ્રભૂતિ માને છે.

## વાયુભૂતિની માન્યતા

હવે ત્રીજા ગણધર મહારાજ વાયુભૂતિનું શું કહેવું છે તે તપાસીએ. તેઓ કહે છે કે અગ્નિ એ લાકડામાંથી ઉત્પન્ન થાય છે તેવો જીવ પંચમહાભૂતથી ઉત્પન્ન થતો નથી પરંતુ જેમ પાણીમાં પરપોટા જન્મે છે તે પ્રમાણે આ જીવનું સ્થાન છે. પાણીમાં પોતાની મેળેજ પરપોટો થવા પામતો નથી પરંતુ પાણીમાં વાયુ મળે છે તેથી જ પરપોટો ઉત્પન્ન થવા પામે છે. વાયુ એકલોજ હોય તો એ વાયુ પરપોટો કરી શકતો જ નથી એને માટે પાણીની સૌથી પહેલી જરૂર છે અને પાણી હોય તોજ પરપોટો થાય છે. પાણીમાં વાયુ મળ્યો એટલે પરપોટો

---

આત્મબોધથી હીન એવા તેઓ, જીવો અનંતા છે એવું પ્રમાણ–સંખ્યા જાણતા નથી તેથી તેઓ કહે છે કે જીવ મોક્ષમાં જઇને પાછો જન્મ પામે છે આ પ્રમાણે લેતાં બીજાઓને ગતિ જ છે-પરિભ્રમણ છે વાસ્તવિક સંસારથી મોક્ષ નથી. ॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

થયો પરંતુ એ પરપોટો તે કાંઈ પાણી સિવાય બીજી કોઈ વસ્તુ નથી. પરપોટો એ પાણી છે અને પાણી એજ પરપોટા રૂપ બનેલું છે. પાણી હોય ત્યાં સુધી જ પરપોટો થાય છે. પરપોટો થયા પછી એ પાણી હોય ત્યાંસુધીજ ટકે છે અને વધે પણ છે. આ બધા ઉપરથી સ્પષ્ટ થાય છે કે પાણી અને પરપોટો બંને જુદા નથી અને પાણી અને પરપોટો જેમ જુદા નથી તેમ શરીર અને જીવ પણ જુદા નથીજ.

ઇંદ્રિભૂતિઃ-વાયુભૂતિ

હવે આ બંને વાદો વચ્ચે ફેર કયાં છે અને શો છે તે તપાસો. પહેલામાં એ વાત છે કે અગ્નિ એ લાકડું કે લાકડું એ અગ્નિ નથી. બીજામાં એ વાત છે કે પાણી એ પરપોટો છે, પરપોટો એ પાણી છે. પહેલામાં એવું કથન છે કે શરીર એ આત્મા નથી, આત્મા એ શરીર નથી. બીજામાં એ કથન છે કે આત્મા એ શરીર છે, શરીર એ આત્મા છે. આત્મા ને શરીર બે જુદા નથી. હવે ઇંદ્રભૂતિનો અને વાયુભૂતિનો વાદ તપાસી જોશો તો માલમ પડશે કે બંનેના કારણુ એકસરખાં છે, ફેર એટલો છે કે ઇંદ્રભૂતિએ જલબુદ્‌બુદ-ન્યાય લીધો છે, જ્યારે વાયુભૂતિએ પાણી અને પરપોટામાં અભેદતા માની લીધી છે, પણ જીવની માન્યતા બંનેની છે ગણધર ભગવાનોની આ આશંકાની વાત છોડી દઈએ તો જોવામાં આવે છે કે નાસ્તિકોએ પણ જીવ તો માની લીધો છે.

## ઝવેરીએ હીરા શોધ્યા, કે હીરાએ ઝવેરીને શોધ્યો ?

અહીં યાદ રાખવાની જરૂર છે કે જીવ માન્યો એટલે દહાડો વળી જતો નથી. કોઈ એમ કહેશે કે ભલે એકે પાંચ મહાભૂતોથી

ચિત્તનું પાપના બંધમાં ઘણું બળ હોય છે. જ્યારે શુદ્ધ શ્રદ્ધા એટલે શ્રદ્ધાવાળું ચિત્ત હંમેશાં શુદ્ધ માર્ગમાં પ્રવર્તે છે. ॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ભિન્ન જીવ માન્યો અને બીજાએ પાંચ મહાભૂતોથી અભિન્ન જીવ માન્યો પરંતુ બંનેએ જીવ તો માન્યોજ છેને ? અહીં સમજવાની જરૂર છે. ઝવેરીના છોકરાઓ પણ રમવાના હીરાને હીરો કહે છે, કોળી કાછીયાના છોકરાઓ પણ કાચના કટકાને હીરો કહે છે, તેમ જ ઝવેરી પણ હીરાને હીરો કહે છે. હવે અહીં એ જોવાનું છે કે હીરાશબ્દની ખરેખરી ઉત્પત્તિ કયાં છે? હીરાશબ્દની ઉત્પત્તિ નથી તો ઝવેરીના છોકરાથી થઇ, નથી તો પેલા કોળી કાછીયાથી થઈ કે નથી બીજા કશાથી થઈ, પરંતુ એની ઉત્પત્તિ–હીરાશબ્દની ઉત્પત્તિ ઝવેરીને ત્યાંથીજ થવા પામી છે. એજ પ્રમાણે જીવશબ્દની ઉત્પત્તિ પણ સર્વજ્ઞ મહારાજોથીજ છે અને તેમણે જીવનું સ્વરૂપ ઓળખીને એ શબ્દને વાપર્યો છે. **જીવની શોધ સર્વજ્ઞોની છે.**

સર્વજ્ઞ મહારાજાએ જીવનું સ્વરૂપ ઓળખ્યું, જીવને જોયો, જીવને જાણ્યો અને વ્યવહારમાં એ શબ્દ વપરાતો કર્યો કે : जीव : આ પછી બીજા નાસ્તિકોએ પણ સર્વજ્ઞ મહારાજાઓનું અનુકરણ કરીને એ શબ્દ પોતે લઈ લીધો. નાસ્તિકોને જ આ જીવશબ્દ લેવો પડ્યો એમ નથી પરંતુ આસ્તિકોને પણ એ જીવશબ્દ અંગીકારવો જ પડ્યો. હવે આસ્તિકો અને નાસ્તિકો જીવશબ્દ વાપરે છે તે બંનેના વપરાશમાં કેટલો તફાવત છે તે જોઈએ. જેમ ઝવેરીનો છોકરો ઝવેરી સાચા હીરાને હીરો કહે છે તે જોઇને પોતે પણ હીરો કહે છે તેમ આસ્તિકો જીવશબ્દ વાપરે છે અને જેમ કોળી કાછીયા કાચના કટકાનેજ હીરો કહી દે છે તેમ નાસ્તિકો જીવશબ્દનો પ્રયોગ કરે છે. આ સઘળામાં

---

બીજાઓ છ કાય ને જાણતા નથી તો તેના વધનો ત્યાગ કેવી રીતે કરે ? તેના–છ કાયના વધના અભાવથી સત્પુરૂષોને માર્ગમાં કેવી રીતે તેઓ પોતાની શાંતિ માટે પ્રવેશ પામે. ॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હીરો નામ પહેલું ક્યાં ઉત્પન્ન થયું એમ પૂછશો તો એ જ જવાબ આપવો પડશે કે હીરો મૂળ નામ ઝવેરીને ત્યાંજ ઉત્પન્ન થયું છે

**જીવશબ્દનો પહેલો ઉપયોગ કોણે કર્યો ?**

જેમ હીરાનું મૂળ નામ પહેલવહેલું ઝવેરીને ત્યાં ઉત્પન્ન થયું છે. તેમ જીવ એ શબ્દ પણ પહેલવહેલો સર્વજ્ઞ ભગવાનોએ વાપર્યો છે. વસ્તુંને ઓળખ્યા વિના વસ્તુનું નામ પાડવાની કદી પ્રવૃત્તિ થએલી આપણે જાણી નથી. જીવના સંબંધમાં પણ એમજ બન્યું છે. પહેલી વસ્તુ હોય અને પછી જ તેનું નામ હોય છે. પહેલાં નામ હોય અને પછી વસ્તુ હોય એમ કદી બનતું નથી. સાબુની બનાવટ હમણાં થોડા સમય ઉપર શોધાઈ છે. પરંતુ યાદ રાખવાનું છે કે પહેલાં 'સાબુ' નામ શોધી કાઢયા પછી કાષ્ટીક અને વોશીંગ સોડા મેળવીને સાબુ તૈયાર કરવામાં આવ્યો નથી. રાસાયનિક સંયોગોથી અમુક વસ્તુ પેદા થઈ એટલે પછી તે વસ્તુના ગુણધર્મોને અનુસરીને તેને ઓળખનારાઓએ તેને સાબુ કહ્યો. એજ પ્રમાણે જીવનું પણ છે. સૌથી પહેલાં સર્વજ્ઞ મહારાજાઓએજ જીવનું સ્વરૂપ જાણ્યું. જીવને ઓળખ્યો, જીવનું અંતરંગ બહિરંગ જાણ્યું, તેને જોયો અને પછી તેને જીવ કહ્યો.

**પદાર્થ પહેલો કે નામ ?**

જે મહાત્માઓ પદાર્થને દેખે છે તેજ મહાત્માઓ તેનું નામ પાડી શકે છે. પદાર્થનેજ–વસ્તુનેજ જોયા વિના તેનું નામ

---

સ્ત્રી સહિત શસ્ત્રને પામેલા એવા બીજાઓના સુભગપણાની બુદ્ધિથી (સારા દેવપણે) ધર્મ કેવી રીતે હોય ? જેની કુબુદ્ધિ અસ્ત થઈ છે એટલે સારી બુદ્ધિવાળા શ્રાવકોને પણ એઓના વ્રતમાં અંશથી પણ હિત માને નહિં. ॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કોઇ પાડવા તૈયાર થતું નથી. નામો હંમેશાં વસ્તુને અંગે કહેવાં પડે છે. જ્યાં સુધી વસ્તુનું જ જ્ઞાન થતું નથી. ત્યાં સુધી તો એ વસ્તુનું નામ બોલવાની જરૂરજ ઉભી થતી નથી. બીજા દર્શનવાદીઓ કે જેઓ પોતે પોતાને આસ્તિક કહે છે તેમણે વિચારવાની જરૂર છે કે તેમણે પણ જીવ જોયો નથી અને જ્યાં સુધી તેમણે જીવ જોયો નથી ત્યાં સુધી તેમને પણ જીવ કહેવાનો અધિકાર નથીજ. ઝવેરીનો છોકરો "મારો હીરો" એવો શબ્દ વાપરે છે તે ઉપરથી પેલું વાક્ય શ્રવણ કરીને કોળી કાછીયાના છોકરાઓ પણ મારો હીરો એ શબ્દ વાપરે છે. એ જ પ્રમાણે આસ્તિકોએ જીવશબ્દનો પ્રયોગ કર્યો છે તે જોઇને નાસ્તિકોએ પણ જીવશબ્દનો પ્રયોગ કર્યો છે અને નાસ્તિકોને પણ જીવ સાબીત કરવાને માંટે પ્રચંડ પ્રયત્નો કરીને મથવું પડયું છે.

**જીવ બીવ કાંઈ નથી, એ તો ફાંફાં.**

નાસ્તિકોની દૃષ્ટિએ વિચારીએ તો તેમના મત પ્રમાણે તો જીવનામક પદાર્થની પાછળ દોડવાની જરૂરજ નથી, કારણ એ છે કે તેઓ માત્ર પ્રત્યક્ષ પ્રમાણનેજ માનનારા છે. જે પ્રત્યક્ષ પ્રમાણ નથી અથવા તો જે વસ્તુ પ્રત્યક્ષ પ્રમાણથી સિદ્ધ થઈ શકતી નથી તેને નાસ્તિકો માનતાજ નથી. પંચમહાભૂતના સંયોગથી જે ચેતના ઉત્પન્ન થાય છે તે તેઓ પ્રત્યક્ષ ક્યાં અને કેવી રીતે દેખે છે? આર્થાત્ કે પંચમહાભૂતથી ઉત્પન્ન થતી ચેતના તેઓ પ્રત્યક્ષપણે જોઇ શકતાજ નથી, લાકડા અને અગ્નિની ઉત્પત્તિ તો પ્રત્યક્ષ દેખાવવાળી છે. લાકડાથી અગ્નિ

---

જો કે અમૂર્ત્તભાવોના અવલોકનથી આત્મના–સાક્ષાત્ લોકને તમે જાણો છો, જે કારણથી ષટ્કાયના જ્ઞાનથી આ લોકોનું જ્ઞાન થાય છે. આ લોકના ભાવનો આ ષટ્કાય જ્ઞાનનું આધાર છે, મૂળ છે. ॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઉત્પન્ન થતો દેખાયછે, લાકડાથી અગ્નિ ટકી રહેલો પણ દેખાય છે ને લાકડાના નાશ સાથે અગ્નિનો પ્રત્યક્ષ નાશ પણ આપણે દેખીએ છીએ, હવે ખ્યાલ કરો કે પંચમહાભૂતના સંયોગથી ઉત્પન્ન થતી ચેતના, તેના દ્વારા ટકી રહેતી, આગળ વધતી અને છેવટે નાશ પામતી કોઇએ પ્રત્યક્ષપણે જોઇ છે ખરી? નથીજ જોઈ.

**ભૂતભાઈ ભેગા થાય તો જીવ બને?**

જેઓ પ્રત્યક્ષ પ્રમાણુની જ વાત માનવા તૈયાર છે, અને બીજી વાત માનવા તૈયાર જ નથી તેમને આપણે પૂછીએ છીએ કે ભાઇ શું તમે પંચમહાભૂતદ્વારા ઉત્પન્ન થતી, ટકી રહેતી, વૃદ્ધિ પામતી અને છેવટે લય પામતી ચેતના અને તેની એ બધી ક્રિયાઓ પ્રત્યક્ષ રીતે જોઇ છે ખરી? પંચમહાભૂતોદ્વારા ચેતના ઉત્પન્ન થતી પ્રત્યક્ષ પ્રમાણદ્વારા તો ત્યારે જ સાબીત કરી શકાય કે જ્યારે જ્યારે ચેતના જોઈતી હોય ત્યારે ત્યારે પાંચમહાભૂત લાવીને એકઠા કરીએ એટલે તરત જ ચેતના ઉત્પન્ન થાય. પંચમહાભૂતોના સંયોગથી નથી ચેતના પ્રત્યક્ષપણે ઉત્પન્ન થતી, નથી તેની ઉત્પત્તિની ક્રિયા પ્રત્યક્ષ થતી અથવા નથી તેના કારણો પ્રત્યક્ષ થતા તો પછી પાંચભૂતોના સંયોગથીજ ચેતના થાય છે એ કયે આધારે-શાથી માનવામાં આવ્યું તેનો જવાબ આપવો બાકી રહે છે. આ જવાબમાંજ આ બધી કલ્પનાઓનું વિચારવાપણું રહેલું છે.

---

પુણ્યથી ખરીદાયેલી અર્થાત્ પ્રાપ્ત થયેલી આ ત્રિયોગી. (મન. વચન. કાય) છે તે જિનેશ્વર ભગવાનની સેવાથી ફળવાળી છે એ સિવાય અર્થાત્ જિનસેવાથી ફળવાળી ન હોય તો આ ત્રિયોગીથી પાપરૂપી સમુદ્રમાં પતન થાય. જેમ જગતમાં નાવથી બે થાય છે. જિનસેવા રૂપી નાવિકથી પાર પામે અને પર સેવા રૂપી નાવિકથી સંસારમાં ડૂબે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

માનવાની ખાતર માનો છો.

તમે ચેતના માની–ચેતના સ્વીકારી અને ચેતનાના પક્ષકારોએ પોતાનો પક્ષ એવી સુંદર રીતે રજુ કર્યો કે એમને ચેતના માન્યા વિના તો છૂટકોજ ન થયો. હવે તમે ચેતના માની અને એમણે પાંચમહાભૂતો માન્યા. એટલે એ સંબંધમાં એમને કાંઈક રસ્તો લેવોજ પડ્યો એકે અગ્નિ અને લાકડાનું દૃષ્ટાંત લઈ તે દ્વારા ચેતના માની, તો બીજાએ પાણી અને પરપોટાનું દૃષ્ટાંત લઈ તે દ્વારા ચેતના માની. જો ચેતનાને માનવાનું તેમને ગળેજ ન પડયું હોત તો તેમણે આ દૃષ્ટાંતો દ્વારા ચેતના ન માની હોત કારણ કે ચેતના માનવાની તેમને તો જરૂરજ ન હતી, પરંતુ તમે જે વસ્તુ રજુ કરી, તમે જે પ્રશ્ન કર્યો તેના જવાબમાં એને ચેતના માનવાનું બીજ ગળે વળગ્યું અને એ રીતે ચેતનાનો સ્વીકાર પણ કરવોજ પડ્યો. હવે આ રીતે માત્ર માનવાની ખાતરજ ચેતના માની લેવામાં આવે છે તેથી એ માન્યતાનો અર્થ કેટલે દરજ્જે સફળ થાય છે તે જુઓ.

સાચો હીરો ઓળખો.

ઝવેરીનો છોકરો સાચો હીરો લઈ રમે છે એટલે તે જોઈને કાછીયાનો છોકરો પણ કાચના કટકાને હાથમાં પકડીને હીરો હીરો કહીને રમે છે પરંતુ ઝવેરીના છોકરાના હાથમાં રહેલા હીરાથી તો ઝવેરીના છોકરાનો અર્થ સરે છે જ્યારે કાછીયાના છોકરાના હાથમાં રહેલો કાચનો કટકો તો ઉલટો કાછીયાના

---

જગતમાં જેવું અસત્ માર્ગનાં ઉપદેશકોની શ્રેણી અનિષ્ટ કરે છે તેવું અનષ્ટિ અંધકાર કરતું નથી, વળી અંધકાર સૂર્ય વડે સુખપૂર્વક દૂર કરી શકાય તેવું છે, જ્યારે અસત્માર્ગનો ઉપદેશરૂપી અજ્ઞાન આપ્તવચનના સમૂહથી પણ દૂર કરી શકાતું નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

છોકરાનો હાથ કાપી નાખે છે. એજ દશા અહીં પણ નાસ્તિકોની થવા પામે છે. જે ચેતનાને તમે, બીજા આસ્તિકો અને નાસ્તિકો માને છે તે ચેતના ટકો અથવા તેનો નાશ થઇ જાઓ તેની સાથે નાસ્તિકોને કશોજ સંબંધ નથી, માત્ર તમે અમુક પદાર્થને જીવ કહ્યો એટલે ધડ દઈને એમને પણ ઉઠાવીને એ પદાર્થને જીવ કહી દીધો, પરંતુ જીવ એટલે શું? તેની ઉત્પત્તિ છે કે કેમ? તેનું સ્વરૂપ કેવું છે? વગેરે પ્રશ્નોમાં તેમને ગમ નથી. આ પ્રશ્નોને તેમણે ઉકેલ્યા નથી અને આ સઘળા પ્રશ્નો ઉકેલી શકવાની તેમનામાં શક્તિએ નથી, તમે જીવ કહ્યો એટલે સંઘલેળી જાત્રા કરવાના એ સિદ્ધાંતવાળાઓને પણ જીવ કહેવો પડ્યો અને જીવ કહ્યો એટલે પછી તેની અમુક પ્રકારે ઉત્પત્તિ બતાવવાનું પણ તેમને પ્રાપ્ત થયું. અર્થાત્ નાસ્તિકોએ આ રીતે ચેતના માની લીધી હતી અને તેમને કલ્પિત જીવ કહેવો પડ્યો હતો, ઝવેરીનો બાળક હીરાને હીરો કહે છે પરંતુ તે પણ હીરાને હીરા તરીકે ઓળખીને હીરો કહેતો નથી પરંતુ મોટાઓ હીરો કહે છે તે જોઇને તેઓ પણ હીરાને હીરો કહે છે, વાસ્તવિક હીરો કેવો હોય છે, તેથી શો લાભ છે, તેનું સ્વરૂપ કેવું છે તેને તે બાળક જાણતો નથી. એજ દશા અહીં પણ પ્રવર્તે છે. સર્વજ્ઞ ભગવાને આ દેહમાં રહેલી ચેતનાને જીવ તરીકે ઓળખ્યો હતો. એટલેજ આસ્તિકોએ તેને જીવ તરીકે ઓળખાવ્યો હતો. પણ કોઇ એવો પ્રશ્ન કરે કે બીજાઓએજ પહેલાં જીવશબ્દથી ચેતનાને ઓળખાવી હતી અને તે પરથીજ સર્વજ્ઞમહારાજાઓએ એ શબ્દ સ્વીકાર્યો હતો એવું શા માટે ન બન્યું હોય? આવી શંકા કરનારાને શો ઉત્તર આપવો છે તેનો વિચાર કરો.

---

હા! જગતમાં જૈનશાસન ન હોત તો મારી શી ગતિ હોત કારણ કે તે ભવસમુદ્રથી પાર ઉતારવામાં તે સમર્થ નાવ સમાન છે ॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## સાચો પ્રયોગકાર કોણ ?

આપણે પાછળ કહી ગયા છીએ કે હીરોશબ્દ પહેલાં હીરાને જોઈ, તેનું સ્વરૂપ ઓળખી, તેની કિંમત જાણી પછી ઝવેરીઓએ પ્રવર્તાવ્યો હતો અને પછી તેના મુખથી એ શબ્દોનો ઉચ્ચાર થતો જોઈ તે શબ્દ બાળકો બોલતાં શીખ્યા હતા, પરંતુ કોઇ ધૃષ્ટતાપૂર્વક એમ પણ કહી દે કે નહિ. બાળકો જ પહેલાં હીરો શબ્દ બોલ્યા હતા અને તે પછી જ ઝવેરીઓએ તે શબ્દ વ્યવહારમાં વાપરવા માંડ્યો હતો એવા પ્રશ્નનો શો ઉત્તર આપશો ? તેનો વિચાર કરો. પ્રશ્નનો ઉત્તર તદ્દન સરળ છે. ઝવેરી હીરો શબ્દ બોલે છે તે તેનું તોલ માપ કિંમત વગેરે જાણીને બોલે છે. હીરાની મહત્તા શું છે, હીરાથી શો અર્થ સરે છે તે સઘળું તે જાણે છે અને પછી તે હીરો એ શબ્દનો પ્રયોગ કરે છે, જ્યારે ઝવેરીનો બાળક હીરા શબ્દની પ્રવૃત્તિ કરે છે પરંતુ તે તેના અર્થ ભેદ વગેરેને બીલકુલ જાણતો જ નથી. આથી જ બાળક એ હીરાશબ્દની મૂળ પ્રવૃત્તિ કરનારો ગણાતો નથી પરંતુ ઝવેરી જ એ શબ્દનો સાચો પ્રયોગકાર છે એમ ગણાય છે.

## જૈનશાસનની પહેલી શોધ

હીરાના સ્વભાવને ન જાણે, તેનું તોલમાપ ન ઓળખે તેનું સ્વરૂપ ન જાણે અને એ રીતે એ શબ્દની, જે પ્રવૃત્તિ કરે છે તે માત્ર અનુકરણ કરનારો જ ગણાય છે. તે કાંઈ એ શબ્દનો શોધક કે પ્રયોગનો ઉત્પાદક ગણાતો નથી. એવી જ સ્થિતિ અહીં પણ પ્રવર્તે છે. ભગવાન્ શ્રી તીર્થંકરદેવો સિવાય બીજાએ

---

દાન મમત્વના નાશને માટે છે, શીલ ઈન્દ્રિયના નિગ્રહ માટે છે તપ ધૈર્યને માટે છે. અને સંક્લેશના નાશને માટે ભાવ ઈષ્ટ છે ॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જીવશબ્દનું સ્વરૂપ આદિ જાણીને જીવશબ્દ પ્રવર્તાવ્યો નથી, તેમણે માત્ર અનુકરણ જ કરેલું છે. જૈનદર્શનકારો જીવશબ્દ વાપરે છે, અને અન્ય દર્શનવાળાઓ પણ જીવશબ્દ વાપરે છે પરંતુ જીવનું સૂક્ષ્મ, સાચું સ્વરૂપ, ગુણ, સ્થિતિ એ સઘળું જો કોઇના મતમાં જણાવેલું હોય તો તે એકલું જૈનશાસનમાં જ જણાવેલું છે, અન્ય કોઇ પણ સ્થળે આ વસ્તુ જણાવવામાં આવી નથી. બીજા દર્શનો પણ જીવશબ્દ વાપરે છે, જીવની મહત્તા ગાય છે, જીવની પવિત્રતા માન્ય રાખે છે પરંતુ જીવનું બારીક, સંપૂર્ણ સાચું સ્વરૂપ તેઓ કોઇજ દર્શાવી શકતા નથી.

## જીવનું સ્વરૂપ

જીવનું સાચું સ્વરૂપ જો કોઇપણ સ્થળે હોય તો તે એક માત્ર જૈનશાસનમાં જ છે અન્યત્ર નથી. જૈનશાસન કહે છે કે જીવ કેવળજ્ઞાનદર્શનસ્વરૂપવાળો, વીતરાગતામય, અનંતવીર્ય અને અનંત સુખના સ્વરૂપવાળો છે. જીવોના આ ગુણો જૈન-શાસન કહે છે. બીજા દર્શનોવાળા જીવ શબ્દ વાપરે છે પરંતુ જીવનું કેવળજ્ઞાનનું સ્વરૂપ અન્યત્ર કોઇપણ સ્થળે નથી. છ દર્શનો છે–છ જુદા જુદા તત્ત્વજ્ઞાનના સંપ્રદાયો ભારતમાં પ્રવર્તે છે પરંતુ તે એક પણ સંપ્રદાયમાં જીવને કેવળજ્ઞાનાદિ સ્વરૂપ-વાળો માન્યો જ નથી. માત્ર જૈનદર્શન એજ એક દર્શન છે કે એમાં જીવને કેવળજ્ઞાનાદિક સ્વરૂપવાળો માનવામાં આવ્યો છે. હવે કોઈ એવી શંકા કરશે કે બીજા દર્શનોએ પણ જીવને નિત્ય, વિજ્ઞાનવાન્ આનંદરૂપ તો માન્યો જ છે તો પછી જીવનું સ્વરૂપ

---

આશ્ચર્ય છે કે જ્યાં તમારૂં સામર્થ્ય નથી ત્યાં તમારા વચનનું બલ–સામર્થ્ય છે કે જે તે વચન બીજાઓના અને પોતાના પાપોનો સર્વથા ક્ષય કરનારૂં છે. ॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ન માનવામાં આવ્યું હોય તો તેની હરકત શી? અને શા માટે તેમની માન્યતાને સંપૂર્ણ ન માની લેવી?

## જ્ઞાની જીવાત્માના અજ્ઞાની કામો કેમ?

જીવને નિત્ય વિજ્ઞાનવાન્ અને આનંદસ્વરૂપ માનીને જ બેસી રહીએ તો તેથી આપણી ગાડી આગળ ચાલવાની નથી પરંતુ પાછળ જ પડવાની છે. જીવ નિત્ય, જ્ઞાનવાન્ અને આનંદ-સ્વરૂપ છે એમ શ્રુતિઓમાં કહ્યું છે માટે અમે જીવને તેવો માનીએ છીએ એવું બ્રાહ્મણો કહેશે, તેમણે શ્રુતિમાંથી આ વાત કહી છે તે વાસ્તવિક છે પરંતુ જીવના આટલા ગુણો જ કહીને અટકી જવાથી અધ્યાત્મવાદની આખી શોધખોળ જ અધુરી રહી જાય છે. જીવમાં જ્ઞાન છે તો પછી સહજ એવો પ્રશ્ન થાય કે ભાઈ! એ જીવનું જ્ઞાન કયાં જતું રહ્યું? સેંકડો જીવો દુઃખમાં શોકમાં પીડાતા, હાથે કરીને કુવે પડતા, આપઘાત કરતા આપણે જોઈએ છીએ. હવે જો જ્ઞાનવાન્જ છે તો પછી તેને હાથે આવા કામો શા માટે થાય છે? તેનું જ્ઞાન કયાં ગયું? તેના જ્ઞાનનો નાશ કેવી રીતે થયો? અને જો તેના જ્ઞાનનો નાશ નહોતો થયો તો પછી જીવ અજ્ઞાની કામોમાં શા માટે જોડાયો? આ સઘળા પ્રશ્નો ઉભા રહે છે.

## આનંદસ્વરૂપ આત્મા

જૈનદર્શન જીવને નિત્ય, જ્ઞાનવાન્, આનંદસ્વરૂપ કહ્યો છે એટલે બીજા દર્શનવાળાઓએ પણ એજ વાત સરખાપણું જોઈને પોતાનામાં ઘુસાડી દીધી છે પરંતુ અહીં તેમને હાથના કર્યા

હે ભગવાન્! જો સર્વ પાપને નિવારનારૂં તમારૂં શાસન મેં પ્રાપ્ત કર્યું ન હોત તો હા! મારી પાપમાં પરાયણ–તત્પર એવી ગતિ ભવિષ્યમાં થાત ॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હૈયે વાગે છે. એકને ઘેર હજારની મિલ્કત નથી જ્યારે બીજાને ઘેર કરોડોની મિલ્કત છે. આ કરોડોની મિલ્કતવાળો પોતાને ત્યાં દશ લાખનો દસ્તાવેજ કરે અને એ રૂપીઆ તે ભરપાઈ કરી દે એ તદ્દન બનવા જોગ છે પરંતુ પોતાના આ પાડોશીને દશલાખનો દસ્તાવેજ કરતો જોઈને તેનો પાડોશી કે જેની પાસે એક હજારની પણ મિલ્કત નથી તે પણ જો દશલાખનો દસ્તાવેજ કરી આપે તો તેની શી દશા થાય? એની ટાલ જ તૂટી જાય કે બીજું કાંઈ? જેની પાસે કરોડોની મિલ્કત છે તેને દશલાખનો કાંઈ હિસાબ નથી. તેના મોઢા આગળ તો લાખોના દસ્તાવેજની કંઇ ગણતરી પણ નથી પરંતુ તેનું જોઇ હજારવાળો પણ તેવી રીતે વર્તે તો તે માર્યો જ જાય!

બધાએ નકલ કરી છે.

જૈનદર્શનના તત્ત્વજ્ઞાનને જોઇ સરખાપણાએ જીવને જ્ઞાનવાળો કહી દેનારાના મોઢાં અહીં બંધ થઇ જાય છે. જો જીવ જ્ઞાનવાન્ છે એમ અજૈનદર્શનો કહે છે તો પછી તેમનું જ્ઞાન જતું ક્યાં રહે છે એ પ્રશ્ન ઉભો જ રહે છે. હવે જૈનદર્શન આત્માને કેવા પ્રકારે માને છે તે જુઓ. જૈનશાસન પણ આત્માના ગુણો માને છે. જૈનદર્શન તો સ્પષ્ટ રીતે કહે છે કે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન એ પાંચ જ્ઞાનથી આત્મા યુક્ત છે. હવે કોઇ પ્રશ્ન કરશે કે જો જીવ આ પાંચે જ્ઞાનથી યુક્ત છે તો પછી તેનું એ જ્ઞાન ક્યાં જાય છે? આ પ્રશ્નનો ઉત્તર પણ જૈનશાસન પાસે તૈયાર જ છે. જૈનશાસન

---

જિનનામકર્મના બંધથી તીર્થસ્થાપના સુધીની ક્રિયા હોય છે આશ્ચર્ય છે કે તે તીર્થસ્થાપનાની ક્રિયા મારે ફલને માટે થઇ. જે કારણથી આ તીર્થની પ્રાપ્તિથી હું મોક્ષમાં જઈશ ॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આત્માને જ્ઞાનવાન્ માને છે પરંતુ તેજ સાથે જૈનશાસન પાંચ પ્રકારના જ્ઞાનાવરણીય કર્મ પણ માને છે અને એવો સ્પષ્ટપણે જવાબ આપે છે કે આત્માના પાંચે જ્ઞાનો આ પાંચ પ્રકારના કર્મોથી આવરાએલા રહે છે.

**આત્માની પોતાની મિલ્કત**

આત્માના આ પાંચે જ્ઞાન પોતાની મિલ્કત રૂપ હોવા છતાં આત્મા તેનો ઉપયોગ કરી શકતો નથી. કોઈ કહેશે કે જો એ પાંચે જ્ઞાન એ આત્માની જ મિલ્કત છે તો પછી આત્મા એનો ઉપયોગ શા માટે કરી શકતો નથી ? જવાબ એ છે કે લાખ રૂપીઆનો દાગીનો આપણો પોતાનો હોય, આપણી માલીકીનો હોય, આપણા સિવાય તેનો બીજો કોઈ સ્વામિત્વાધિકારી ન હોય છતાં પણ જો એ દાગીનો આગળ ગીરે મૂક્યો હોય તો તેના ઉપર આપણી સત્તા ચાલતી નથી. આપણો દાગીનો પણ આપણે ગીરે મૂક્યો હોય તો તેના ઉપર આપણી સત્તા નહિ જ ચાલે. તમે જ્યારે એ દાગીનો પાછો છોડાવી લાવો છો ત્યારે જ એ દાગીના ઉપર તમારી સત્તા ચાલે છે. એજ પ્રમાણે જીવ અને તેના જ્ઞાનના સંબંધમાં પણ સમજવાનું છે. જીવના પાંચ જ્ઞાન એ તેની પોતાની માલિકીની જ મિલ્કત છે પરંતુ તેની એ મિલ્કત જ્ઞાનાવરણીયકર્મ મારવાડીને ત્યાં ગીરે મૂકાએલી છે.

**જૈનતત્વજ્ઞાન સમજો.**

જ્ઞાનવાન્ જીવની જ્ઞાનરૂપી મિલ્કત કેવી રીતે ગીરો મૂકાએલી

---

ક્રિયા જ્યાં હોય તેમાં ફલ હોય અને જે વચન છે તે ક્રિયાથી થયેલું છે ફલને આશ્રયી જેમાં વિચાર કરીએ તો એ તમારા વચનનું ફલ મને આ ફલમાં નિમિત્તપણે પ્રાપ્ત થયું અર્થાત્ વચન ક્રિયા તમારી અને ફળ પ્રાપ્તિ મને આથી ઉપરોકત નિયમ નથી દેખાતો. ॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

છે તે હવે તપાસીએ. જ્ઞાનાવરણીય કર્મો પણ પાંચ પ્રકારના છે એમ જૈનશાસન માને છે. આત્માનું કેવળજ્ઞાન એ કર્મોથી રોકાએલું–ગીરો મૂકાએલું છે તેથી જ એ જ્ઞાનનો ઉપયોગ આત્માથી કરી શકાતો નથી. બીજા શાસનવાળાઓએ જ્ઞાન માન્યા છે પરંતુ જ્ઞાનનો કર્મથી અવરોધ થાય છે અને એ કર્મોના ક્ષયાદિક થઈ શકે છે એવું કોઈપણ શાસનવાળાએ માન્યું નથી. એકપણ દર્શનની વિચારણા એટલે સુધી જવા પામી નથી કે જેણે આત્માનું જ્ઞાન માનીને તેનો ક્ષયોપશમ કે ક્ષય માન્યા હોય! ફક્ત જૈનદર્શન એજ એક એવું મહાન્શાસન છે કે જેણે આત્માના ક્ષયોપશમ અને ક્ષય માન્યા છે. બીજા દર્શનો એ આત્માને જ્ઞાનવાળો માને છે, આનંદસ્વરૂપ માને છે. નિત્ય માને છે, પરંતુ ત્યાં તેમનો રસ્તો અટકી જાય છે પછી તેઓ આગળ ચાલી શકતા નથી.

## જાણ્યા વિના બોલવાનો હક નથી

જૈનદર્શન એ સઘળાની આગળ ચાલ્યું છે અને તેણે આ વસ્તુનો અંત સુધીનો નીકાલ આણી નાખ્યો છે. આત્મામાં આવાં જ્ઞાન છે પરંતુ તે આ પ્રકારના કર્મોદ્વારા રોકાએલાં છે. એનો ક્ષયોપશમાદિક આ રીતે થાય છે. પરિણામે કર્મના બંધો તૂટે છે અને ત્યારે જ આત્માનો જ્ઞાનગુણ પૂર્ણ રીતે પ્રકાશે છે એ વસ્તુ જૈનશાસન સિવાય બીજા કોઇએ કહી જ નથી. કહો કે બીજા કોઈનો આ વિષયમાં ચંચુપ્રવેશ જ થઇ શક્યો નથી આત્માના જ્ઞાનની આ ફિલસોફી જેણે જાણી નથી તેને ખરી રીતે આત્મામાં આવાં જ્ઞાન છે એ બોલવાનો જ અધિકાર

---

મોટાઓનો સંગ ઘણા પુણ્ય કાર્ય વગર પ્રાપ્ત થતો નથી. આ વાત સર્વ સમ્મત છે. પણ આશ્ચર્ય છે કે તમારો સંગમ–મીલન કર્મશ્રેણીના નાશ કરવાથી પ્રાપ્ત થયો છે. ॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પહોંચતો નથી ભીંતની અંદર એક નાનો ગોખલો બનાવ્યો હોય અને એ ગોખલામાં દીવો મૂકયો હોય તો એ દીવો તેજ જાણી શકે છે કે જેણે એ ગોખલો જાણ્યો છે. જેણે ભીંત જાણી નથી, ભીંતની અંદર મૂકેલો ગોખલો પણ જાણ્યો નથી તે ગોખલામાં મૂકેલો દીવો તો ન જ જાણી શકે એ સાધારણ વાત છે.

## આત્માનું સ્વરૂપ ઓળખો.

ગોખલાને જાણ્યા વિના જેમ ગોખલામાં રહેલો દીવો જાણી શકાતો નથી તેજ પ્રમાણે જ્ઞાનના ભેદો, તેને રોકનારા કર્મો, તેના ક્ષયોપશમાદિક જાણ્યા નથી તે આત્માના જ્ઞાનસ્વરૂપને પણ જાણી શકતોજ નથી અને જેણે આત્માના સ્વરૂપને જાણ્યું નથી તેણે આત્માને પણ જાણ્યોજ નથી. કોઇ કહેશે કે આત્માના જ્ઞાનગુણને જાણ્યો એટલે બસ છે. વળી તેને રોકનારા કર્મો વગેરે જાણવાની શી જરૂર છે ? આ શંકા કેવી મિથ્યા છે તે સહેલાઇથી જાણી શકાય છે. જેણે જીવનું સ્વરૂપ જાણી લીધું હોય-જેણે જીવને જાણ્યો હોય, તેણે તો જીવની દરેક દશાને પણ જાણેલી હોવીજ જોઈએ એ સ્પષ્ટ છે. હવે જે વ્યક્તિએ જીવની સઘળી દશાઓ જાણેલી હોય તેણે તો સિદ્ધદશાનો જીવ અને સંસારીદશાનો જીવ એ બંનેને પણ જાણેલા હોવાજ જોઇએ અને જેણે સિદ્ધદશાનો અને સંસારીદશાનો જીવ

---

મોક્ષમાં ગએલા પણ પંડિતોથી તમે કેમ પૂજાવ છો. કારણ કે સર્વ અદષ્ટ-કર્મના નાશથી તે મોક્ષ છે. સત્પુરૂષોને ગુણાનુરાગ ખરેખર ક્ષયોપશમથી છે. અને તેથી જ હે જિન તમારી પૂજા કરે છે. અર્થાત્ કર્મ રાગદ્વેષથી રહિત જ પૂજાને યોગ્ય છે ॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જાણ્યો છે તેને એજ માર્ગના વધુ તત્ત્વોની પણ જાણ હોય એ સ્વભાવિક છે.

## કર્મ અને જીવ

એક વ્યક્તિ એવી હોય કે તેણે સંસારીદશાનો જીવ પણ જાણ્યો હોય અને સિદ્ધદશાનો જીવ પણ જાણ્યો હોય તો સંસારીદશાનો જીવ સિદ્ધદશામાં કેમ જઇ શક્યો નથી, સિદ્ધ-દશામાં ગયેલો જીવ સંસારી દશામાંથી કયા સંયોગોમાં સિદ્ધદશામાં ગયો છે વગેરે હકીકત પણ તે વ્યક્તિએ જાણેલી હોવી જ જોઈએ અને તો તો પછી આત્માના જ્ઞાનને રોકનારા કર્મો, એ કર્મોના ક્ષયથી થતો જ્ઞાનનો પ્રકાશ એ સઘળું પણ તે વ્યક્તિએ જાણેલું હોવું જ જોઇએ. જો તેણે આ બધી બાબતો પણ જાણેલી હોય તો તો સમ્યક્ત્વમોહનીય કર્મ, ચારિત્રમોહનીય કર્મ વગેરે પણ તેણે જાણેલાં હોવાંજ જોઈએ અને તે વ્યક્તિ એ સઘળું માનવાવાળી પણ હોવી જ જોઈએ. ઠીક હવે કદાચ કોઈ એવી શંકા કરનારો નીકળશે કે મોહનીય શું? અને બીજા કર્મો શું? બધું ઠીકાઠીક છે. આ કર્મો, તેના દ્વારા થતી આત્માના ગુણોની રોકાણ, આત્માના ગુણો વગેરે બધું કલ્પિત છે અને આ એક મિથ્યા કલ્પનાનું મકાન ઉભું કરવામાં આવ્યું છે, તો હવે આ શંકાવાદીને આપણે શું ઉત્તર આપવો તે વિચારવાની જરૂર છે.

## કર્મ નથી, જીવ નથી, કાંઇ નથી.

જે આત્મા આ પ્રકારની શંકા કરે છે કે કર્મ નથી અને કાંઈ નથી, આત્માના ગુણો વગેરે નથી તેઓ ખરી રીતે પોતાને જ ઠગનારા છે. દરેક જીવ પોતે એટલું તો સમજે જ છે કે

---

અનાદિ કાળથી હું ભવસમુદ્રમાં રહેલો જહાજ સમાન તમારું વચન જો મારે ન હોત તો હા! જેનું વર્ણન થઈ શકે નહિ એવી કોઇક અવસ્થાને હું પામ્યો હોત.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સાંભળવાથી, આંખો વડે જોવાથી, નાક વડે સુંઘવાથી, ચામડીદ્વારા સ્પર્શ કરવાથી આત્માને જ્ઞાન થાય છે. આત્માને શરીરની આ ઇંદ્રિયોદ્વારા જે જ્ઞાન થાય છે તે જ્ઞાન તો આખું જગત જાણે છે. અરે! જગતનો પ્રત્યેક આત્મા એ જ્ઞાનને જાણે છે. દરેક સામાન્ય સંસારીજીવ હોય તેને પણ ઇંદ્રિયોદ્વારા થતા આ જ્ઞાનનો તો અનુભવ થાય છેજ તમે એક વસ્તુને અમુક નામથી સંબોધો છો, અમુક શબ્દ બોલવાથી તમોને અમુક વસ્તુનું જ્ઞાન થાય છે એવું નામ પણ જ્ઞાન જ છે. ઉદાહરણ તરીકે તમે "દાબડી" શબ્દ બોલો છો અથવા કોઈના મોઢેથી દાબડી શબ્દ સાંભળો છો એટલે તમોને અમુક ચોક્કસ વસ્તુનું જ્ઞાન થાય છે. "દાબડી"ની ઉપર કાંઇ "હું દાબડી છું" એવું વાક્ય લખેલું નથી પરંતુ દાબડીશબ્દ બોલાયો એટલે અમુક આકારવાળી અમુક પ્રકારની ચીજ એવું તમોને જ્ઞાન થવા પામે છે.

ઇન્દ્રિયગમ્ય જ્ઞાન કેવું છે?

તમે વિચાર કરી જોશો તો માલમ પડી આવશે કે તમોને ઇન્દ્રિયોદ્વારા જે જ્ઞાન થયું હતું તે જ્ઞાન અને આ રીતે વાચ્ય-વાચકદ્વારાએ થતું જ્ઞાન એ બંને જ્ઞાન સવથા જુદા જ છે તે એક જ પ્રકારના નથી જ. મતિશ્રુત પુદ્ગલદ્વારાએ જે જ્ઞાન થાય છે તે જ્ઞાનને માન્ય રાખ્યા વિના તો કોઈનો પણ છુટકો જ થવાનો નથી આ જ્ઞાન એટલું બધું પ્રત્યક્ષ છે અને તેની ચોકૃખી અસર વહેવારમાં એવી સ્પષ્ટપણે માલમ પડી આવે છે કે એ જ્ઞાનની કબુલાત ગમે તેવો નાસ્તિક હોય પરંતુ તે છતાં તેને માન્ય રાખવી જ પડે છે, તમે દાબડી શબ્દ કહો છો એટલે તે

જે આ પ્રભુ ભવ્યજીવોનું ભવસમુદ્રથી રક્ષણ કરે છે આવો લોકથી પ્રવાદ તમારો સાંભળીને તમારા ચરણકમળમાં આવ્યો છું હે આપ્ત! હવે સંસારથી મને કેમ તારતા નથી?

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સાંભળનારને તેથી અમુક પ્રકારનું જ્ઞાન થાય છે. તમે દાબડી શબ્દ સાંભળો છો એટલે તમોને પણ અમુક પ્રકારનું જ્ઞાન થવા પામે છે. અમુક આકાર, અમુક દેખાવ અને અમુક ઢબવાળી જે વસ્તુ છે તે દાબડી છે એવું આપણે જાણીએ છીએ. સૌથી પહેલાં ઈંદ્રિયોદ્વારા જે જ્ઞાન થાય છે તે આપણે કબુલ રાખ્યું છે એટલે તે પછી તેની આગળ થતા જ્ઞાનને પણ કબુલ રાખવું જ પડે છે.

### નૈયાયિકો : વૈશેષિકો

ઈંદ્રિયોથી થતા જ્ઞાનને જે કબુલ રાખે છે અને તેની આગળ વાચ્યવાચકતા દ્વારા થતા જ્ઞાનનો જે ઇન્કાર કરે છે તે ખરૂં કહીએ તો નાસ્તિકનો ભાઈ જ છે. જ્ઞાન એ ઈંદ્રિયોથી થનારી વસ્તુ છે છતાં અવધિઆદિ જ્ઞાન ન માનીએ તો તે પરમનાસ્તિકતાજ છે બીજું કાંઈ નથી. અવધિજ્ઞાન આદિનેજ જો ન માનીએ તો તો પછી જ્ઞાન એ આત્માનો સ્વભાવ છે એવું કહેવાનો વખત જ રહેતો નથી. અવધિજ્ઞાન આદિને જ જે માનવાની ના પાડે છે તે કયે મોઢે એમ કહી શકે કે આત્માનો સ્વભાવ જ્ઞાન છે? સંકેતદ્વારાએ જે બોધ થાય છે તે જ્ઞાન છે, સ્વતંત્ર આત્માદ્વારાએ જે બોધ થાય છે તે જ્ઞાન છે, પરંતુ એ બધું કહેવાનો અને માનવાનો પેલાને તો સમય જ મળતો નથી કે જેથી અવધિજ્ઞાન આદિજ્ઞાનને માનવાનો જ ઈન્કાર કરે છે. નાસ્તિકતાવાદીઓના વિચારોનું મિથ્યાપણું અહીં જણાઈ આવે છે. હવે નૈયાયિકો અને વૈશેષિકોનો મત કેવો છે તે તપાસી જોઈએ.

---

હે જિન! તમારો આત્મા સંસારસમુદ્રમાંથી જીવોને તારવાની ભાવના વડે ઘણા જન્મથી ભાવિત છે તે આપે અન્ત્યભવમાં પ્રગટ કરી તેથી જ સમસ્ત જગતના ઉદ્ધાર માટે તમે તીર્થને પ્રગટ કર્યું-સ્થાપ્યું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## મોક્ષ કે મૂર્ખાઇ

નૈયાયિક અને વૈશેષિકના મત પ્રમાણે જે આત્મા મોક્ષે જાય છે તે આત્માના જ્ઞાન અને સુખ પણ છુટી જાય છે. આ લોકોના આ વિચિત્રવાદની મૂર્ખાઈથી જ વૈષ્ણવોએ તેમની મશ્કરી કરી છે, વૈષ્ણવોએ તેમની મશ્કરી કરતાં કહ્યું છે કે वरं. અર્થાત્ મથુરાક્ષેત્રની પાસે આવેલા વૃંદાવનમાં શિયાળનો અવતાર ધારણ કરવો એ સારો છે. પણ નૈયાયિક વૈશેષિકના મતોનો મોક્ષ મેળવવો એ નકામો છે અર્થાત્ ન્યાયવાદીઓ અને વૈશેષિકોના મોક્ષ કરતાં તો વૈષ્ણવોએ માનેલા પવિત્રધામ મથુરાની પાસે શિયાળ થઇને જન્મવું એ વધારે સારૂં છે. ન્યાયવાદિઓનો મોક્ષ મળે તો તો સુખ પણ ભાગી જાય છે, તો પછી કાંઇ નહિ તો છેવટે સુખ મળ્યા કરે એવો શિયાળનો અવતાર શું ખોટો ? આવા વ્યંગ શબ્દો કહીને વૈષ્ણવોએ ન્યાય-વિશેષતાવાદીઓની મશ્કરી જ કરી છે તે યોગ્ય જ છે. જે મોક્ષમાં સુખનું સત્યાનાશ છે અને જ્યાં જ્ઞાનનો પણ નાશ થાય છે તે મોક્ષનો વૈષ્ણવો તિરસ્કાર કરે એમાં આશ્ચર્ય જ નથી. ખરી રીતે વૈષ્ણવોએ આ રીતે કટાક્ષ કરીને ન્યાયવાદીનો મોક્ષ એ સુખ અને જ્ઞાનથી શૂન્ય હોવાથી તે કેવો પોકળ અને મિથ્યા છે તેજ બતાવી આપવાનો પ્રયાસ કરેલો છે અને એ મોક્ષની મૂર્ખાઇને પ્રકટ રીતે દર્શાવી આપી છે.

## શું આત્મા નિર્ગુણ છે ?

બીજી બાજુએ ઇન્દ્રિઓ અને પદાર્થોના સંયોગો દ્વારાએજ જે જ્ઞાન થાય છે, તેને જ એક માત્ર જ્ઞાન માનીએ; તો

---

હે જિન ! તમારી વાણી સાંભળીને આખો સંસાર એ રંગભૂમિ મેં માની છે કર્મનર્તકની આજ્ઞાથી સર્વે પ્રાણીઓ તેમાં રંગભૂમિ રૂપ સંસારમાં નૃત્ય કરે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આત્માના સ્વરૂપદ્વારા એ જે જ્ઞાન થાય છે, તે જ્ઞાનને માનવાને અવકાશ જ રહેતો નથી. પ્રત્યક્ષ ઇંદ્રિયોને પદાર્થનો સ્પર્શ થાય અને તેથી જ જે જાગૃતિ થાય તેજ એકલું જ્ઞાન હોય અને બીજાને જ્ઞાન માનવાની ના પાડવામાં આવતી હોય તો આત્માના સ્વભાવદ્વારા સેંકડો વસ્તુઓનું જ્ઞાન થાય છે એ સઘળા જ્ઞાનને આપણે ફેંકી દેવું પડે છે. એ રીતે ન્યાયવાદીઓનો વાદ નકામો થઈ પડે છે. હવે સાંખ્યદર્શનના વિચારો કેવા છે તે તપાસી જોઈએ. સાંખ્યદર્શનકારનો મત જોઈએ તો તેઓ આત્માને નિર્ગુણ માને છે. આત્માને તેઓ કર્તાએ નથી માનતા અને ગુણવાળો નથી માનતા. આત્માને તેઓ નિર્ગુણ માને છે એટલે આત્મામાં કેવળજ્ઞાન રહેલું છે એ કહેવાનો પણ તેમને અવકાશજ રહેવા પામતો નથી.

## બૌદ્ધોની બુદ્ધિની બાલીશતા

ન્યાયવાદીઓ, વૈશેષિકો, સાંખ્યવાદીઓની આ વિષયમાં શું માન્યતા છે તે આપણે જોઇ ગયા અને તેમની માન્યતાનું પોકળપણુ પણ આપણે જોઇ લીધું, હવે મીમાંસકો તો પોતાને મોઢેજ એકરાર કરે છે કે देवो न विद्यते कोऽपि सर्वज्ञादि-विशेषणो અર્થાત્ સર્વજ્ઞ માનો છો તેવો કોઈ દેવજ જગતમાં નથી, એટલે કોઈના પણ અભિપ્રાયને આત્મામાં કેવળજ્ઞાન છે એ વસ્તુજ રહેતી નથી. બૌદ્ધો તો વળી આ વિષયમાં બધા કરતાં કાંઈ જુદીજ વાંસળી વગાડે છે. તેમનો સિદ્ધાંત "વર મર્યો કે જાન બળી ગઈ" તેના જેવો છે. બૌદ્ધ કહે છે કે વસ્તુનો સર્વથા અભાવ થવો તેનુંજ નામ મોક્ષ છે. હવે વિચાર કરવાની

---

હે જિન! કર્મ સમૂહ તમારે આધીન નથી તેમજ ભવિષ્યમાં આધીન થશે પણ નહિ. તેથી તે કર્મ સમૂહને આવતા અટકાવનારા અને ક્ષય કરનાર ઉદ્યોગ-ઉદ્યમ તમે કહ્યો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વાત છે કે વસ્તુનો અભાવ એનેજ જો મોક્ષ માની લઈએ તો તો એમજ માનવું પડે છે કે મોક્ષ એટલે આત્માનો અભાવ !

## આત્માનો અભાવ તે મોક્ષ ?

આત્માનો અભાવ એનેજ જો મોક્ષ માની લઈએ તો તો પછી કેવળજ્ઞાન જેવી ચીજ માનવાનીજ બાકી રહેતી નથી. મોક્ષમાં જ્યાં જીવના સદ્‌ભુતપણાનો સંપૂર્ણ અભાવ છે ત્યાં કેવળજ્ઞાનવાળા જીવનું અસ્તિત્વ પણ માની શકાતું જ નથી. હવે આ બધા તત્વજ્ઞાનીઓના તત્વોનો વિચાર કરીએ તો માલમ પડે છે કે જીવનું સાચું સ્વરૂપ આ બધામાંથી એકના ખ્યાલમાં આવ્યું નથી, અર્થાત્ આ બધાઓએ શરીરમાં રહેલી ચેતનાને જીવ કહી દીધો છે. તે માત્ર સર્વજ્ઞ ભગવાનોના અનુકરણ રૂપે છે, અથવા માત્ર ખ્યાલ રૂપે છે. પરંતુ જીવ શબ્દનો પ્રયોગ જીવનું સાચું સ્વરૂપ જાણીને તો એકેય દર્શનવાદીએ કરેલો જાણવામાં નથી. અરે કર્યો જ નથી. જીવનું સ્વરૂપ વિચારીને તેના જ્ઞાનગુણને જાણીને તેની ચેતનાને જાણીને તેને અનુભવીને તેને જ્ઞાનથી પ્રત્યક્ષ રીતે જોઈને તત્પશ્ચાત્ જીવશબ્દનો પ્રયોગ જો કોઈએ પણ કરેલો હોય તો તે એક માત્ર જૈનદર્શનેજ કરેલો છે, બીજાઓએ કરેલો નથી.

## હીરાને ઝવેરીજ જાણે

જીવનું સાચું સ્વરૂપ જાણીને જીવને કોઈએ જીવ કહ્યોજ નથી, ઝવેરીના બચ્ચાના ઉદાહરણને અહીં યાદ કરો. ઝવેરીનો બચ્ચો સાચા હીરાને હીરો કહે છે, પરંતુ તે તોલ, માપ, તેજ,

---

હે જિન ! જન્મ-જરા-મરણના યંત્ર રૂપ સંસારમાં જીવો પીડાય છે પણ તમારી વાણી તેઓને તે યંત્રથી અનન્ય રૂપ એવી વાણી ફરી તેમાં આવવું ન પડે તેમ મૂકાવે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેનું મૂલ્ય એમાંનું કશુંજ જાણતો નથી, તે હીરાને હીરો કહે છે તેમાં તેની ભવિતવ્યતાજ કારણભૂત છે. ભવિતવ્યતાને યોગે તે હીરાને હીરો કહે છે, પરંતુ હીરાના સ્વરૂપ વગેરેને તે જરાય જાણતો નથી, હીરાના સ્વરૂપને અને તેના તોલમાપને તો માત્ર ઝવેરી હોય તેજ જાણે છે. એજ પ્રમાણે જૈનદર્શને અને અન્યદર્શનોએ સંબોધેલ જીવ શબ્દ પરત્વે સમજવાનું છે. જૈનોના સંસર્ગથી અન્યદર્શનવાદીઓએ જીવને જીવ કહી દીધો છે, પરંતુ વાસ્તવીક રીતે જીવ એ શું છે, તે કેવો છે, તેના શા લક્ષણો છે, તેના કયા કયા ગુણો છે, એ વાત જાણીને જીવને જીવ કહ્યો હોય એવું એક માત્ર સર્વજ્ઞ ભગવાન સિવાય બીજા કોઇના સંબંધમાં બનવા પામ્યું નથી.

**એકલો જીવ જાણે બસ નથી.**

જીવને અને તેના જ્ઞાનગુણને જાણવો એટલુંજ બસ નથી. જીવને જાણવો તેના જ્ઞાનગુણ આદિને જાણવા તેને રોકનારા કર્મોને જાણવા, તેનો ક્ષયોપશમ વગેરે જાણવું, એ સઘળું જાણીને જીવને જીવ કહેવો એ જૈનશાસ્ત્ર સિવાય અન્યત્ર કોઈ પણ સ્થળે બનવા પામ્યું નથી. કોઈ પણ દર્શનવાદિનો વિચાર એટલે સુધી જઇ શકયો નથી. સ્વરૂપ વગેરેને જાણયા વિનાજ અન્યઆસ્તિકોએ જૈનોના સંસર્ગથી જીવને જીવ કહી દીધો છે, એટલેજ એ વિષયમાં જૈનશાસ્ત્ર સર્વોપરિતા ભોગવે છે. આ ક્ષેત્રમાં બીજા શાસનોને મુકાબલે જૈનશાસ્ત્ર સર્વોપરિતા ભોગવે છે તેનું કારણ શું? એ હવે વિચારીએ. બીજા શાસ્ત્રો તેમના વિચારસાગરના છેક છેલ્લે હિલોળે પણ, જીવ તેનું સ્વરૂપ અને

---

કર્મના બંધ વખતે કરેલો વિચાર ભવિષ્યના સારા માટે છે, ઉદયની વખતે તો એક જ માર્ગ છે જે ફલનું વેદવું.-ભોગવવું બીજો કોઇ માર્ગ નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કર્મ ફીલોસોફીને જાણતા નથી. ત્યારે એજ વાત સર્વજ્ઞજિનેશ્વર ભગવાન્ તેમજ આસન્નોપકારી શ્રીપાર્શ્વનાથજી અને ભગવાન્ શ્રીમહાવીરદેવના શાસ્ત્રમાં પહેલેજ પગથીએ શીખવાની હોય છે.

**બાળપણાની ગળથુથી.**

જૈનશાસનની દૃષ્ટિએ તો બાળપણમાં જ ગળથુથીમાંજ એ વસ્તુ આપવાની છે કે જીવ અનાદિનો છે, ભવ અનાદિનો છે, અને કર્મસંયોગ પણ અનાદિનો છે, જીવના અન્યાન્યગુણો સમજવાને માટે પણ સૌથી પહેલાં જીવ અનાદિનો છે. એ વાત જાણવાની જરૂર છે. જ્યાં સુધી જીવ અનાદિનો છે એ તમે સમજી શકવાના નથી. ત્યાં સુધી જીવના ગુણ અને તે ગુણના આવરણરૂપ કર્મો પણ અનાદિનાં છે, એ વાત તમે સમજી શકવાના નથી. જીવને તો અનાદિનો માનીએ. તો પર્યાયે એમ પણ માનવું જ પડે છે કે જીવનો જે ગુણ છે તે પણ અનાદિનો છે, અને જો જીવનો કેવળગુણ અનાદિનો છે એમ માનીએ તો જીવના કેવળગુણને રોકનારા કર્મો તે પણ અનાદિના જ છે, એમ માનવું પડે છે. હવે એથીય આગળ વધો. જીવને તમે અનાદિનો માન્યો જીવના કેવળગુણને પણ તમે અનાદિનો માન્યો અને એ કેવળગુણને રોકનારા કર્મો પણ અનાદિના તમે માન્યા તો એ ત્રણ પરથી એક ચોથી વાત તમારે માનવી જ રહે છે.

**આત્મા અનાદિનો ખરો કે નહિ ?**

એ ચોથી વાત કઇ તેનો વિચાર કરો. એ ચોથી વાત તે એ છે, કે જો જીવ તેનું કેવળજ્ઞાન અને તેને રોકનારાં કર્મો

---

ખેડુતે ખેતી કરતાં કણ-બી નાંખતા, વાવતાં વિચાર કર્યો હોય તો તે ભવિષ્યમાં સારા માટે થાય. જ્યારે પછીથી ફલ વખતે અપોહ-વિચાર કરવો નિરર્થક-નકામો છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પણ અનાદિના છે, તો પછી એની મેળે જ સિદ્ધ થાય છે કે ભવભ્રમણ એ પણ અનાદિનું જ છે. જીવ અનાદિનો છે, કર્મ સંયોગ અનાદિનો છે, ભવભ્રમણ અનાદિનું છે. એ સઘળું અનાદિનું ક્યારે માની શકાય, કે જ્યારે આત્માને તમે અનાદિનો માનો તો, જો આત્મા અનાદિનો નથી તો આમાંનું કાંઈપણ અનાદિનું તમે માની શકતા નથી. અને જો તમારે આ સઘળું અનાદિનું માનવું હોય તો તમારે આત્માને પણ અનાદિનો માને જ છુટકો છે. આપણે આવી પ્રૌઢ માન્યતા ન રાખીએ અને માત્ર આ ભવ પુરતું જ જોયા કરીએ તેમાં આપણો દહાડો વળવાનો નથી. તેની ખાતરી રાખજો. આપણે જે જોઈએ છીએ, તેની આગળ પાછળ જોવાની આપણે તસ્દી લેતા જ નથી. આજ ખરાબ ટેવને પરિણામે આપણે (આગળ) વધી શકતા નથી,

## દુબીંનની જરૂર છે.

જે વસ્તુ આપણી દૃષ્ટિમર્યાદામાં આવી શકે છે તે વસ્તુને આપણે પાંચસો વાર જોઈએ છીએ. પરંતુ જે ચીજ આપણી દૃષ્ટિમર્યાદામાં આવતી નથી તે જોવાને માટે દૂરદર્શકયંત્રની જરૂર પડે છે. દૂરદર્શકયંત્ર વિના આંખો દૂરની ચીજ જોઇ શકતી નથી, તેજ પ્રમાણે શ્રી સર્વજ્ઞ ભગવાનોની વાણીરૂપી દૂરદર્શકયંત્ર વિના આપણે આપણા આગલા પાછલા ભવોને પણ જોઇ શકતા નથી, અર્થાત્ તેને વિષે વિચાર પણ કરી શકતા નથી. પ્રભુ સર્વજ્ઞભગવાનના વચનો એ આપણે માટે દુબિન છે. દુબિનથી દેખાતો પદાર્થ તમે વિના દુર્બિને જોવા પ્રયત્ન કરો તો તમે તે જોઇ શકતા નથી, તેજ પ્રમાણે ભગવાનના વચન વિના આપણે પણ

અશુભ કર્મથી બનેલું એવું તને સુખદુઃખરૂપી ફલ અહીં ઉદયમાં આવ્યું છે તો ક્રમશઃ આ સુખદુઃખના અનુભવરૂપી ચિંતવનને છોડીને શુભભાવનો આશ્રય કર.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ધાર્મિક ક્ષેત્રની વસ્તુઓને વિચારી જોવાને માટે શક્તિમાન નથી. અર્થાત્ ભગવાનના વચનરૂપી દુર્બિનની આપણને અનિવાર્ય આવશ્યકતા છે.

**બિવેકચક્ષુ પણ અહિં નકામા**

વિવેકચક્ષુ એ પણ દુર્બિન વગરની આંખ છે. આપણો જીવ જો ભગવાનની વાણી રૂપી દુર્બિન ન રાખે, તો તેનું પરિણામ એ આવે કે આપણે માત્ર આ જન્મ પુરતું જ દેખી શકીએ. તેથી તે એક અંશ પણ વધારે ન જ જોઇ શકે. દુર્બિન ચઢાવીને દેખીએ તો પણ જેટલી શક્તિવાળી દુર્બિન હોય તેજ પ્રમાણે તેમાંથી જોઇ શકાય તેથી બીજા પ્રકારની વસ્તુ તેમાંથી દેખી શકાતી જ નથી. આંખે દુર્બિન ચઢાવીને જોઈએ છીએ ત્યારે દૂરની વસ્તુને આપણે જોઇ શકીએ છીએ પરંતુ તેજ દુર્બિન જો આંખેથી કાઢી નાંખો તો તમે તત્પશ્ચાત્ પહેલાંનો દેખાવ જોઈ શકતા નથી. આપણા આત્મા માટે એજ રીતે ભગવાનનું વચન તે દુર્બિન છે, જયારે આપણે એ દુર્બિન લગાડીએ છીએ ત્યારે અનાદિનું અતીતકાળનું અને અનાગતકાળનું જ્ઞાન ધરાવી શકીએ છીએ જયાં એ દુર્બિનનો ત્યાગ કરી છીએ કે અતીત અનાગતને દેખતા આપણે બંધ થઇએ છીએ.

**જિનેશ્વરના પ્રવચનની મહત્તા**

દુર્બીનરૂપી ભગવાન શ્રીતીર્થંકરદેવોની વાણી આપણા આત્માના માટે કેટલી ઉપયોગી છે તે આથી જાણી શકાય છે. પરંતુ છતાં આપણે ત્યાં અવળી ખોપરીના એવાં માણસો પડેલા છે કે જેઓ એમ કહેવાને તૈયાર થઇ જાય છે કે આતો દુર્બીનનો

---

આ બે હાથ તમારા ચરણકમળની સેવા કરનારા થયા તેથી તે તમારી ઉપાસ્તિ-સેવા કરનારા હમેશાં સફળ થાય.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કાચ જ નકામો અને ભ્રમ ઉપજાવનારો છે. જે કાચ અલૌકિક ગુણવાળો છે, જે કાચ દૂરની વસ્તુઓને આપણને દેખાડે છે, તે કાચની ઉપયોગિતા સમજી શકાય એવી છે. પરંતુ અજ્ઞાનતાને લીધે કેટલાક મૂર્ખાનંદો એ કાચને જ દોષવાળો કહી દેવા તૈયાર બની ગયા છે. વળી એજ રીતે જૈનપ્રવચન પણ આપણા આત્માને અતીત અનાગત સમયને બતાવે છે, માટે કેટલાક કહે છે કે જૈનપ્રવચન રૂપી એ દુર્બીન લગાડીએ જ નહિ. એ દુર્બીનમાંથી જોવાની તસ્દી જ ન લઈએ તો કેવું સારૂં કે દેખવું યે નહિ અને દાઝવું યે નહિ. આવો વિચાર કરીને કોઇ એ દુર્બીન આંખે લગાડવાની જ ના પાડે તેને કેવી રીતે સમજાવવો તેનો વિચાર કરો.

## તે ફુટેલા ભાગ્યવાળો છે.

જે આવી વાતો કરે છે તેને ફુટેલા ભાગ્યવાળો જ માની લેવો જોઇએ. છતાં તેવાને પણ સમજાવવાનો પ્રયત્ન કરવો એ તો આપણી ફરજ છે જ. જો આપણે એ ફરજ ન બજાવીએ તો આપણે પણ માત્ર ભૂલેલા જ ગણાઈએ, ધારો કે દૂરથી કોઇ એક ભયંકર સિંહ દોડી આવે છે. તમે દુર્બીન લગાડીને એ સિંહને જોશો તો તમારી ખાત્રી થશે કે તમારે માથે અમુક આકરી આપત્તિ આવી પડે છે, અને તેથી તમે એ આપત્તિમાંથી બચવાનો માર્ગ શોધી કાઢશો. પરંતુ તમે એવો વિચાર કરશો કે 'જો, દુર્બીનમાંથી જોઇશું તો સામેથી આવી પડેલી આપત્તિ દેખાશે અને આપત્તિ દેખાશે એટલે તેનો પ્રતિકાર કરવો પડશે,

---

હે તાત–જિન! પુણ્યપ્રભાવથી મારા વડે ત્રસત્વાદિ પ્રાપ્ત કરાયું અને તમારા શાસનના લાભથી મારું તે ત્રસત્વાદિ સફલ થયું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેના કરતા બહેતર છે કે દુર્બીન લગાડવુંજ નહિ, ને આપત્તિ જોવી પણ નહિ અને આપત્તિની ભયંકરતા સમજવી પણ નહિ" તમારા આવા વિચારથી તમારા ઉપર આપત્તિ આવવાની અટકવાની નથી. તમે દુર્બિનમાં જુઓ તો પણ તમારા ઉપર આપત્તિ આવશે અને નહિ જોશો તો પણ તમારા ઉપર આપત્તિ તો આવશે, માત્ર દુર્બીનથી જોવાથી તો એ લાભ થશે કે તમો આપત્તિને જાણી શકશો અને તેમાંથી બચવાને માર્ગ પણ વિચારી તેને વર્તનમાં મૂકી શકશો.

## મોક્ષ અને નિગોદ

દુર્બીનનો આવો ફાયદો છતાં જે મૂર્ખ માણસ એ ફાયદો ઉઠાવવાની ના પાડશે તેને આપણે ડાહ્યો તો નહિજ કહી શકીએ, પરંતુ મૂર્ખોજ કહી શકીએ. તેજ પ્રમાણે જૈનપ્રવચનરૂપી દુર્બીનનો ઉપયોગ કરવાની પણ જે ના પાડે છે તે બેશક મૂર્ખોજ છે? દુર્બીનનો એ ગુણ છે કે જે વસ્તુ સીધી સાદી આંખે દેખી શકાતી નથી તે વસ્તુને દુર્બીન દેખાડી આંપે છે. એજ પ્રમાણે જૈનપ્રવચનરૂપી મહાન્ દુર્બીન પણ જે આપણે આંખે નથી નિહાળી શકતા તે બતાવી આપે છે. આપણો ભૂત અને ભવિષ્ય કાળ આપણે જોઈ શકતા નથી, તેજ પ્રમાણે મોક્ષ અને નિગોદનું સ્વરૂપ પણ આપણે જોઈ શકતા નથી, એ સઘળું જીનેશ્વરના પ્રવચનરૂપ દુર્બીન આપણને બતાવી આપે છે આ દુર્બીન આવું મહાન્ હોવા છતાં જે માણસ આ દુર્બીનનો ઉપયોગ ન કરે અને દુર્બીનનાજ કટકા કરી

---

હે લોકો! ક્રોધ-કામ અરતિનો દ્રોહ કરનારી—નાશ કરનારી એવી તમારી શાંત આકૃતિ જોઈને તેમજ હે વિભો! આ પ્રસન્ન થયેલાં મારા બે નેત્રો તમારી તે મૂર્તિને હમેશાં જુઓ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નાંખવા તૈયાર થાય તેને તમે કેવો કહેશો? કંઈપણ શંકા વગર આપણે એવા માણસને મૂર્ખાનીજ ઉપમા આપવી પડશે.

### વાંદરાને દુર્બીન ન શોભે

દુર્બીન જો માણસ પોતાની આંખે લગાડે તો એનું રહસ્ય તે પામી શકે છે. પરંતુ તેમના કરતાં વાંદરાની આંખોએ દુર્બીન બાંધીએ તો શું થાય? પરિણામે વાંદરો દુર્બીનનો દાટજ વાળી નાંખે? વાંદરાને દુર્બીન બાંધે તો તે સીધોજ ભડકીને કાંઈનું કાંઇ કરી બેસે અને એજ દુર્બીન જો માણસોને આપો તો તેઓ એનો સારો ઉપયોગ કરી લે છે. તો પછી એમાં વાંદરાનો દોષ માનશો કે દુર્બીનનો? કોઇ પણ માણસ સહેલાઇથી કહી શકશે કે વાંદરો દુર્બીનનો દાટ વાળે છે એમાં દુર્બીનનો વાંક નથીજ પરંતુ દૃષ્ટિનોજ દોષ રહેલો છે. એજ રીતે જે દુર્બીનનું મૂલ્ય સમજે છે તેવો વિવેકવાળો જૈનશાસન પામેલો એ દુર્બીનના ઉપયોગ વડે પોતે તરી જાય છે. જ્યારે ચંચળપ્રકૃતિવાળા વિષયકષાયનાજ રસીયાઓ જીનેશ્વરના પ્રવચનરૂપ દુર્બીનનાજ છિદ્રો શોધવા માંડે છે? અને જ્યારે તેમને જૈનપ્રવચનના કાંઇ પણ છિદ્રો નથી મળતા ત્યારે તેઓ પોતાનાજ છિદ્રો પ્રવચનને શીરે ઓઢાડી દેવાને તૈયાર થઇ જાય છે?

### દુર્બીન પછી પડદો આવે તો?

વિવેકવાળો આત્મા જેમ દુર્બીનનું મૂલ્ય આંકી શકે છે છે તેજ પ્રમાણે જેઓ આત્માર્થી છે, જેમને જીવ અને ભવનું સ્વરૂપ જાણવું છે, તેઓ તો આ દુર્બીન ઉપર વારી જવાનાજ

---

આખ્યાતાએ વક્તાએ બોલતાં પહેલાં જ હૃદયમાં પોતાનું સ્વરૂપ સ્થાપન કરવું આથી જ આરંભમાં રક્ત લોકો હા! શુદ્ધ ધર્મને કહેતા નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જવાના. દૂરની વસ્તુ જોવાની આકાંક્ષાવાળાને દુર્બીન હંમેશાં રાખવું એ કર્તવ્ય છે, તેજ પ્રમાણે આત્મકલ્યાણની ઇચ્છાવાળાએ પ્રભુ પ્રવચનરૂપી દુર્બીન હમેશાં રાખવું એ તેનું કર્તવ્ય છે. હવે એ દૂર્બીન હંમેશાં પોતાની પાસે રાખવાની ભાવના કયારે ઉત્પન્ન થાય? તેનો વિચાર કરો. અને એ દુર્બીન હોવા છતાં પણ તે નકામું થઈ પડે એવું કયારે બને? તે વિચારો. તમે દુર્બીન લઇને તે દ્વારા બહાર જોતા હો, તમોને દુર્બીન પ્રિય છે. તમે તે છોડવા પણ માંગતા નથી, અને દુર્બીન વડે દૂરની વસ્તુ જોવાનો પણ તમારો મનોભાવ છે, પરંતુ ધારો કે દુર્બીન પછી એકાદ મોટો પટ આડે આવે તો શું તમારૂ દુર્બીન તમોને કામ આપી શકે ખરૂં? જવાબ એજ મળશે કે નહિજ!

### દુઃસંસ્કાર ટાળો

દુર્બીન પાસે રાખવાની તેનો પુરેપુરો ઉપયોગ કરવાની અને તે દ્વારા દૂરની વસ્તુઓ જોવાની તમારામાં પુરેપુરી આકાંક્ષા હોય તે છતાં જો આડો પટ આવતો હોય તો તમારો મનોરથ તમે પાર પાડી શકતા નથી, તેજ પ્રમાણે જીનેશ્વરપ્રવચન રૂપ દુર્બીન તમારી પાસે હોય તેનો તમે પૂરેપૂરો ઉપયોગ કરવાને ચહાતા હો અને તે દ્વારા તમે ભૂત, ભવિષ્ય, મોક્ષ, નિગોદ આદિ જાણવા માંગતા હો, તે છતાં પણ જો ખરાબ સંસ્કાર રૂપી પડ વચ્ચે આવી જાય તો તમારી ધારણા પૂરેપૂરી ફળી શકે નહિ. એ ખરાબ સંસ્કાર રૂપ પડ વચ્ચે ન આવે તે માટે શો માર્ગ લેવો તે વિચારો. એને માટે શાસ્ત્રકારોએ એજ માર્ગ બતાવ્યો છે કે (૧) આત્મા અનાદિનો છે (૨) કર્મ અનાદિના છે અને

---

બીજાઓના દેવો અને ગુરૂઓ સ્ત્રી અને ધનમાં હંમેશાં રક્ત–આસક્ત હોય છે તેઓ બીજા જીવોને પવિત્ર ધર્મ કેવી રીતે કહે! અર્થાત્ ન કહે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(૩) ભવસંયોગ પણ અનાદિનો છે. એ સંસ્કારો ગળથુથીમાં દરેકને પાવાની જરૂર છે. જેનામાં આ સંસ્કાર પડ્યા હશે તેને ખરાબ સંસ્કાર પડવા પામશેજ નહિ અને તે બહુજ સુખપુર્વક એ દુર્બીનને-જૈન પ્રવચનને વાપરી ભૂત, ભવિષ્ય, મોક્ષ, નિગોદ આદિ જોઈ શકશે. પણ સંસ્કારો પડવાથી કેવી રીતે ફાયદો થાય છે તે હવે જોઈએ.

## વ્યાખ્યાન ત્રીજું

**ધર્મ મોક્ષજ આપે છે, મોક્ષ આપેજ છે–**
**એટલુંજ નહિ પણ અર્થ કામ પણ આપે છે.**

**ધર્મથી મળેલા અર્થ કામ, જીવને કદી ફસાવતા નથી.**

**ધર્મ પૌદ્ગલિક તથા આત્મીય-ઉભય સુખને આપે છે.**

वचन-यदनुष्ठाना-मविरुद्धाद्यथोदितम् ।
मैत्र्यादिभावसंयुक्तं, तद्धर्म इति कीर्त्यते ॥१॥

શાસ્ત્રકાર મહારાજા આચાર્યભગવાન્ શ્રીમાન્ હરિભદ્ર-સૂરીશ્વરજી મહારાજા ભવ્યજીવોના ઉપકાર માટે ધર્મોપદેશ કરતાં ધર્મનું સ્વરૂપ વર્ણવે છે. તેમાં તેઓશ્રી ફરમાવે છે કે આ જગતમાં દરેક જીવ જુદી જુદી ઇચ્છા, રૂચિ કે ધારણાવાળા હોય

જગતમાં લોકની આગળ બુદ્ધિ વગરના એવા આ પરવાદીઓ તમારા અનુકરણને કરતા સતત ઉદયને પામેલા છે. પરંતુ આ પરવાદીઓ સંસારની હાનિ માટે સમર્થ નથી.

છે. દરેકના મનોરથો અલગ અલગ હોય છે, અને એ રીતિએ જો જોવા જઈએ તો અનંતા જીવો હોવાથી ઇચ્છા વિગેરેના પણ અનંતા પ્રકાર ગણાય. કહોને કે જીવ એટલી ઈચ્છા પણ તે તમામ ઈચ્છાઓને, ઈચ્છા વિગેરેના એ અનંતા પ્રકારોને સામાન્ય નીતિકારોએ માત્ર ચાર વર્ગમાં વહેંચેલ છે. ચાર વર્ગમાં તે તમામ પ્રકારોનો સમાવેશ કરેલો છે. જુદા જુદા પદાર્થોમાં જુદા જુદા રંગ છે. તેમાં રંગની તીવ્રતા મંદતાની અપેક્ષાએ વિચારીએ તો રંગના ભેદ પદાર્થો જેટલા થાય એમ કહીએ તો ચાલે, પણ દુનિયાએ વર્ગીકરણ કરીને રંગના તે પ્રકારોને પાંચ પ્રકારમાં સમાવેલ છે. ધારો કે એક પદાર્થ ધોળો (શ્વેત) છે, બીજો પદાર્થ ધોળો ખરો પણ પહેલાથી જુદો પડતો, આછો ધોળો હોય કે વધુ ધોળો હોય તો પણ તેણે ધોળામાં જ ગણી લીધો. એ જ પ્રમાણે શ્યામ (કાળા) વિગેરે રંગોમાં પણ સમજી લેવું. એજ રીતે સંસારના જીવોની રૂચિ, ધારણા, મનોરથ, ઈચ્છા વિગેરે અનંતા છતાં વર્ગીકરણથી તે બધાનો સમાવેશ ચારમાં થાય છે. ચાર વર્ગના નામો ૧. ધર્મ ૨. અર્થ ૩. કામ અને ૪. મોક્ષ છે. એવી કોઈ ઈચ્છા, ધારણા વિગેરે નથી કે જેનો સમાવેશ આ ચારમાંથી એકાદ વર્ગમાં પણ ન થઈ શકે અર્થાત્ એકાદ વર્ગમાં તો કોઇ પણ ઈચ્છા વિગેરે આવે જ છે.

કોઈ પ્રશ્ન કરે કે આ ચાર જ વર્ગ કેમ? એનું સમાધાન કરતાં શાસ્ત્રકાર ફરમાવે છે કે જગત્‌માં સુખ બે પ્રકારનાં છે. રૂચી, મનોરથ વિગેરે છે તો સુખાદિને માટે ને! એટલે તેના

---

હે જિન! તત્ત્વને જણાવનાર તમારું એક જ વચન તરતમ-પણાને ધારણ કરે છે. એક તત્ત્વજ્ઞાનીઓને સંસારથી ઉદ્ધાર-પાર કરનાર બને છે, જ્યારે બીજી અતત્ત્વજ્ઞાનીઓને સંસારમાં પાડનાર બને છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રકાર સાથે ઈચ્છાદિના પ્રકારનો સંબંધ રહેલો છે. બે પ્રકારના સુખમાં એક આત્મીય સુખ છે, કે જે આત્માનું સ્વાભાવિક સુખ છે; અને બીજું પૌદ્ગલિક સુખ છે. આત્મીય સુખનું જ નામ મોક્ષ છે, અને પૌદ્ગલિક સુખનું નામ કામ. કામ એટલે પૌદ્ગલિક સુખ મોક્ષ એટલે આત્મીય સુખ. હવે જરા આગળ વધો ! કામનું સાધન એટલે પૌદ્ગલિક સુખોનું સાધન. એનું નામ જ અર્થ. પછી ગમે તો રોકડને અર્થ ગણો કે ગમે તેવા અન્ય સાધનને અર્થ ગણો. તાત્પર્ય કે અર્થ એ કામનું સાધન છે. આત્માનાં સુખ રૂપ મોક્ષનું સાધન ધર્મ છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારમાં બે સાધ્ય છે, બે સાધન છે. જગતની ઇચ્છાઓનો આ ચાર વર્ગમાં કેમ સમાવેશ થાય તે આથી સમજાશે.

શાસ્ત્રકાર ભગવાન્ એક વાત ભારપૂર્વક કહે છે તે બરાબર ધ્યાનમાં લ્યો અને વિચારપૂર્વક સમજો. ધર્મ, અર્થ, કામ અને મોક્ષમાં એક જ વસ્તુ એવી છે (એક જ વર્ગ એવો છે) કે બાકીનાં ત્રણેયને પ્રાપ્ત કરાવે છે–મેળવી દે છે, અને તે ધર્મ છે. અર્થને પણ ધર્મ મેળવી આપે, કામને પણ ધર્મ મેળવી આપે અને મોક્ષને પણ ધર્મ જ મેળવી આપે છે. આ છે ધર્મની તાકાત ! તાત્પર્ય કે ધર્મ પૌદ્ગલિક સુખને પણ મેળવી આપે છે અને આત્મીય સુખને પણ મેળવી આપે છે. અર્થ કે કામ ધર્મને કે મોક્ષને ન મેળવી આપી શકે. મોક્ષ તો કેવળ સાધ્યજ છે. માત્ર ધર્મમાં જ તે સામર્થ્ય છે કે જેના યોગે તે અર્થ, કામ અને પરંપરાયે મોક્ષને પણ મેળવી આપે છે.

---

હે જીવ ! જગતમાં આ અશરણતા છે જે સર્વની સાક્ષીએ પહેલાં કરેલું કર્મ ભોગવવું જોઈએ, અહિં તારૂ કોઈ પણ રક્ષણ કરનાર નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આચાર્ય ભગવાન્ શ્રીહરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ ધર્મબિન્દુ ગ્રંથની શરૂઆતના પહેલા જ શ્લોકમાં કહ્યું છે કે–

धनदो० इत्यादि

અર્થ–ધનની ઇચ્છાવાલાને ધનદ જેવો બની શકે તેટલું ધન પણ ધર્મ આપે છે, કામની ઇચ્છાવાલાને તે સુખ પણ ધર્મ પુરું પાડે છે અને પરંપરાયે મોક્ષાર્થીને મોક્ષ પણ ધર્મ જ આપે છે. શું ધર્મ મહા અનર્થનું મૂલ નહિ? એ ભયંકર ગેરસમજ છે.

હવે અહિં શંકા થઈ શકે છે, અર્થાત્ શંકાકાર શંકા કરી શકે છે કે–'ઋદ્ધિ, સમૃદ્ધિ, પૌદ્‌ગળિક સુખના વિપાકને તો જ્યારે વિરસ ગણાવવામાં આવે છે ત્યારે તો એ મેળવી આપનાર ધર્મ જ ખાડામાં પાડે છે ને? ધર્મ જ ઋદ્ધિ વિગેરેના ફાંસામાં ફસાવી નાશ કરે છે ને?'

ઉપદેશમાલામાં શ્રીધર્મદાસગણીજી કહે છે કે અર્થ અનર્થનું મૂલ છે, અને એ વાત જગતમાં પણ સિદ્ધ છે દુનિયાદારીમાં નજર કરો ફોજદારી, દિવાની કોર્ટો નિર્ધન પર નભે છે કે ધનવાળાં પર? વકીલ બારીસ્ટર, સોલીસીટરોની પેઢીઓ ધનવાનથી ચાલે છે કે નિર્ધનોથી? ઋદ્ધિ–ધન વિગેરે તો મોહરાજાનો ઉંદર છે. ઉંદર સીધો કરડેજ જાય એમ બનતું નથી. કીડી, મંકોડો તો ચટકા જ મારે એટલે તેના પહેલા જ ચટકે સાવચેત થવાય પણ ઉંદર તો આખો અંગુઠો કરડી જાય તોયે ખબર ન પડે, કારણ કે તે માત્ર કરડતો નથી પણ કરડીને ફુંકે છે; ફુંકી ફુંકીને કરડે છે એટલે તેના ડંખની ખબર જ પડતી નથી. એજ રીતિએ

---

વગર વિચારે કરેલું પાપ રક્ષણરહિત હે જીવ! તે કર્મના ફળને તું ભોગવ. જો તું સુજ્ઞ સમજુ હોય તો આગળ બીજું બાંધીશ નહિ. જો સુખની ઇચ્છાવાળો હોય તો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઋદ્ધિ, સમૃદ્ધિ પણ ફુંકી ફુંકીને ડંખ મારે છે, અર્થાત્ રાજી કરીને, નચાવીને કુદાવીને પતન પમાડે છે.

પેલો શંકાકાર પોતાની શંકાને વધુ સ્પષ્ટ કરે છે કે– "અર્થ જ્યારે અનર્થનું મૂળ અને તેવો અર્થ જો ધર્મ મેળવી આપે તો તે ધર્મજ મહા અનર્થનું મૂળ ગણાય, અને જે કામને દુર્ગતિની, નરકની નીસરણી કહેવામાં આવે તેવા કામને જો ધર્મ મેળવી આપે તો તે ધર્મજ નરકે જવાનાં મોટા પગથીઆંરૂપ ગણાય ધર્મજ નરકનો રાજમાર્ગ ગણાય કામ તો છીંડી ગણાય. આવો ધર્મ તો છાંડવા લાયક કે આદરવા લાયક? ધનના ધોકા મરાવનાર, કામના કારાગારમાં પુરનાર અર્થાત્ ધનદ્વારા ધોકા મરાવનાર, કામદ્વારા દુર્ગતિના કેદખાનામાં ઘસડનારો ધર્મ આદરવા યોગ્ય શી રીતે?" શંકાકાર પોતાના સમર્થનમાં સિંદુર પ્રકરણનો શ્લોક પણ રજુ કરે છે કે:—

"त्रिवर्गसंसाधनमन्तरेण० इत्यादि—

અર્થ: "ત્રણેય વર્ગની સાધના વગરના મનુષ્યનું જીવન જનાવર જેવું છે તેમાંય ધર્મ શ્રેષ્ઠ છે, કેમકે તેના વગર અર્થ કામ પણ મળતા નથી."

શંકાકારને સમાધાન આપતાં શાસ્ત્રકાર કહે છે કે, ભાઈ! પ્રથમ તો આ શ્લોક શાસ્ત્રકારનો નથી તે જરા વિચાર! છેલ્લો શબ્દ પ્રયોગ वदामि के वदावः નથી પણ वदन्ति છે, ત્યાં એમ કહ્યું કે જેમણે મોક્ષ માન્યો નથી, મોક્ષને માટે જેના મનોરથ નથી તેવાઓ પણ ધર્મને શ્રેષ્ઠ માને છે.

પ્રતિક્રમણમાં અઢાર પાપસ્થાનક તો બોલો છો ને! ચોથે મૈથુન તથા પાંચમે પરિગ્રહને તો પાપ માન્યું છે ને!

---

હે જીવ! તારે માટે વેદવું તથા ખપાવવું એમ બે માર્ગ છે તેમાં પહેલો શ્રેયસ્કર છે, જેથી બીજા માર્ગ માટે તું સમર્થ નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ધનદો, कामद् આદિ શબ્દોથી "ધર્મ ધન દે, કામ દે અને અર્થ અનર્થનું મૂલ, કામ નરકે લઈ જાય આથી ધર્મજ મહા અનર્થ કર અને નરકની સીધી સડક માટે તે ત્યાજ્યજ ગણાય" એવી શંકા કરનારનું સમાધાન શાસ્ત્રકાર આ રીતે કરે છે–
**જીવોના ચાર પ્રકાર !**

તમે એટલું તો જાણો છો કે મારતાના હાથ ઝલાય (પકડાય) બોલનારનું મોં હજી બંધ કરાય (ડાચું પકડીને); પણ વિચાર પર, મન પર કાંઈ થાય ખરૂં? ત્યાં કાંઈ અંકુશ છે? એ ન્યાયે શાસ્ત્રકાર મહર્ષિ સમજાવતાં કહે છે—

મહાનુભાવ ! ત્હારા અભિપ્રાય પરત્વે અમારૂં કાંઇ જોર નથી, પણ સમજવું હોય તો સમાધાન એ સ્પષ્ટ છે કે; ધન અને સુખનો ભોગવટો કરનાર ઋદ્ધિ, સમૃદ્ધિ આદિ વડે પૌદ્ગલિક સુખ ભોગવનાર જીવોના ચાર પ્રકાર છે.

૧ કેટલાક જીવો પત્થર (શિલા) ઉપર બેઠેલી માખી જેવા છે.
૨ કેટલાક જીવો શ્લેષ્મ (લીંટ) ઉપર બેઠેલી માખી જેવા છે.
૩ કેટલાક જીવો મધ ઉપર બેઠેલી માખી જેવા છે.
૪ કેટલાક જીવો સાકર ઉપર બેઠેલી માખી જેવા છે–

કયા પ્રકારનું સુખ, કેવું ફળ આપનાર ધન તથા સુખ કયા પ્રકારના ધર્મથી મળે એ સમાધાન આગળ આવશેઃ પ્રથમ તો જીવોના ચાર પ્રકાર વિચારવા આવશ્યક છે.

પત્થર પર બેઠેલી માખીને ત્યાં મીઠાશ કાંઈ નથી તેમજ ધારે ત્યારે ઉડી શકે છે. શ્લેષ્મ પરની માખીને નથી તો મીઠાશ અને

---

જગતનું રક્ષણ કરનાર જિનેશ્વર ભગવાન છે કારણ કે પાપ કરતાં પહેલાં જીવોને તે નિવર્ત્તાવે છે,–પાછા હઠાવે છે અને જો આ પાપ કર્યું તો નક્કી ફલ ભોગવવાનું છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઉડવામાં પણ ફસામણ છે. મધ પરની માખીને મીઠાશ છે પણ ઉડવામાં વાંધા છે, કેમકે ત્યાં ચોંટેલી છે; જ્યારે સાકરપરની માખીને તો મીઠાશ પણ મળે છે અને ધારે ત્યારે તે ઉડી પણ શકે છે તેને ઉડતાં કોઇ રોકી શકતું નથી.

પત્થર ઉપર બેઠેલી માખી જેવા જીવો એવા કે આ લોકમાં ભલે એને મીઠાશ નથી અર્થાત્ ધન, ઋદ્ધિ આદિ મળ્યાં નથી, પૌદ્ગલિક ભોગવટાના સાધનો સાંપડ્યા નથી છતાં પણ આત્મ-કલ્યાણના માર્ગે તેઓ તરત જોડાઇ જાયઃ તે ઉપર-

કઠીઆરાનું દૃષ્ટાંત

પત્થર ઉપરની માખીના પ્રકાર જેવા જીવને અંગે !

રાજગૃહી નગરીમાં ગણધર ભગવાન્ શ્રીસુધર્માસ્વામીજી થોડા દિવસ થયા પધાર્યા છે. એક અપેક્ષાએ ભગવાન્ શ્રી ગૌતમ-સ્વામીજીથી ભગવાન્ શ્રી સુધર્માસ્વામીજીની સ્થિતિ ચડીયાતી ગણાય. ભગવાન્ શ્રી ગૌતમસ્વામીજી મોટા એ કબૂલ, લબ્ધિના નિધાન એ પણ કબૂલ, એમની હયાતીમાં એ તીર્થ રૂપ એ કબૂલ, પણ તેમની પાછળ શાસન કોનું ? શાસનના શિરતાજ તો શ્રી સુધર્માસ્વામીજી જ. પર્યુષણાપર્વમાં સમાચારી પ્રસંગે સાંભળો છો ને-

વર્તમાનમાં જે સાધુ સાધ્વીનો પરિવાર છે તે ભગવાન્ શ્રી સુધર્માસ્વામીજીની પરંપરાનો ગણાય.

---

ભવિષ્યના દુઃખને ભેદનાર-નાશ કરનાર હોવાથી ધર્મ-શરણ-રક્ષણ કરનાર કહેવાય છે, કારણ કે પહેલેથી જ તે ધર્મ આ જીવને શિક્ષા-શિખામણ આપે છે કે જેથી પાપ આવે જ નહિ. પાપ આવે તો દુઃખ થાય.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

जो अज्जो० इत्यादि–

રાજગૃહી નગરી મોટી ગણાય. માસકલ્પને યોગ્ય છતાં થોડાજ દિવસમાં શ્રી સુધર્માસ્વામીજીએ અભયકુમારને કહ્યું કે "અમે વિહાર કરવાના છીએ." આજે જો કોઈ સાધુ વિહાર કરવાનું કહે તો 'રહોને ! રહો, રહો !' આટલું કહેવામાં તમે ઇતિકર્તવ્યતા માની લ્યો છો, પણ ત્યાં વિચારણાને સ્થાન છે. જો કલ્પ (માસ–કલ્પ કે ચાતુર્માસ કલ્પ) પૂરો થયો હોય તો વિનતિનો કાંઈ અર્થ નથી, અને કલ્પ હોવા છતાં ઉતાવળે વિહારનું જણાવવામાં આવે તો તેનું કારણ જાણવું તથા કારણના નિવારણ માટે બનતું કરવું જરૂરી છે. બુદ્ધિના નિધાન અભયકુમાર વિનંતી કરતાં કહે છે કે ભગવન્ ! રાજગૃહી સરખી નગરી છતાં આપ ગણધર ભગવાન્, માસકલ્પ પૂરો થયા પહેલાં વિહાર કરો છો તેનું કાંઈ કારણ ? કૃપયા જણાવશો ?

ભગવાન્ શ્રી સુધર્માસ્વામીજીએ જણાવ્યું : 'સાધુને ઉપદ્રવ એજ અમારે વિહારનું કારણ છે." આ સાંભળી અભયકુમારને દુઃખ થયું. અભયકુમાર એટલે કોણ ? ચાર બુદ્ધિનો નિધાન, શ્રેણિક ઉપર ચૌદ ચૌદ રાજાઓ ચઢી આવે છતાં રક્ષા કરવા સમર્થ. જ્યાં રાજા અને સમસ્ત પ્રધાનમંડળ મુંઝાય ત્યાં માર્ગ કાઢનાર. કોણિકની માતાનો દોહદ પૂરો કરવામાં રાજા અને તમામ મુંઝાયાજ હતા ! અભયકુમારની બુદ્ધિજ ત્યાં કારગત થઈ હતી. અભયકુમારના મનમાં પોતાનુ વ્યક્તિત્વ વિચારવા પૂર્વક થયું કે–"મારી રાજ-ગૃહીમાં સાધુ મહારાજને પીડા, ઉપદ્રવ, આ શુ ?" પોતે શ્રી ગણધર ભગવાનને વિનંતી કરી. "ભગવન્ ! જો મને જણાવવા

---

જન્મેલાને અવશ્ય મરણ જ શરણ છે. તેમાં મરણસમયે કોઈ પણ મનુષ્ય રક્ષણ કરનાર નથી. તેથી ધર્મી જીવ પ્રણિ-ધાનમાં–પ્રાર્થના સૂત્રમાં સમાધિ મરણની પ્રાર્થના કરે છે.

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

યોગ્ય હોય તો જણાવો દૂર થઈ શકે તેમ હશે તો તે માટે ઉદ્યમ કરીશ." વિચારો ! મુનિનો ઉપદ્રવ જાણવાની ઇચ્છા વ્યક્ત કરી છે તે દૂર કરવા ઉદ્યમની ભાવના ખરી પણ તે માટે અભિમાન દેખાતું નથી. ગણધર ભગવાન્ અભયકુમારને નવદીક્ષિત સાધુ કે જે, દીક્ષા પહેલાં કઠીઆરો હતો તેને લોકો તરફથી થતા ઉપદ્રવની વિગત સમજાવે છે.

રાજગૃહીમાં એક કઠીઆરો હતો. કાષ્ઠનો ભારો વેચી તે પોતાની આજીવિકા ચલાવતો. એણે ગણધર મહારાજા પાસે, વૈરાગ્ય થવાથી દીક્ષા લીધી. રાજગૃહી આખી એને ઓળખતી હતી, કેમકે શેરીએ શેરીએ કાષ્ઠ વેચવા કાયમ ફરતો હતો. રોજ રોજ જુદી જુદી શેરીએ પાંચ સાત ગ્રાહક તો એના હોયજને. એ બધાને ભલે ન ઓળખે પણ એને તો બધાએ ઓળખે. એને દીક્ષિત થયેલો જોઇ લોકો દાઢમાંથી બોલવા લાગ્યા–કહો કે ચીડવવા લાગ્યા. તમને અનુભવ હશે કે 'ધૂળ ફાક મા' એમ સ્પષ્ટ ન કહેતાં કોઈક પ્રસંગે તમે 'ખાંડ ખા મા' એમ બોલો છો ને. એજ રીતિએ રાજગૃહીના લોકો, જ્યાં પેલો સાધુ વહોરવા જાય, નજરે પડે કે તુરત દાઢમાંથી બોલતા કે "આ ઠીક કર્યું", હવે જંગલમાં ભટકવું મટયું, આ ઠીક કર્યું, હવે તારે શેરીએ શેરીએ રખડીને, 'લો ભાઇ લો' લો ભાયલા" એમ બોલવું મટયું, કઠીઆરો જે નવદીક્ષિત સાધુ હતો તે આ સહન કરી શકયો નહિ એટલે એણે તો ગણધર મહારાજાને કહ્યું કે "ભગવન્! મેં દીક્ષા તો લીધી, પાલન પણ કરવી છે પણ અહીં લોકો આ રીતે મને ઉપદ્રવ કરે છે તે હું સહન કરી શકું તેમ નથી; માટે

---

અવશ્ય થવાવાળા મૃત્યુનો સત્પુરૂષો મરણ વખતે જરા પણ શોક કરતા નથી. તેથી હે વિભો! તેઓ સત્પુરૂષો સમાધિ પૂર્વક મરણને ઇચ્છે છે,-વાંછે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જો વિહાર કરવો હોય તોજ મારાથી સંયમ નિર્વાહાય તેમ છે." આથી શ્રી ગણધર મહારાજાએ પણ વિહારનો વિચાર કર્યો હતો જે વિચાર અભયકુમાર પાસે જાહેર કર્યો હતો અભયકુમારે પૂછવાથી આ બધો વ્યતિકર શ્રી ગણધર ભગવાને તેને જણાવી દીધો અને કહ્યું કે–'વિહારનું આજ ખાસ કારણ છે!' મંત્રીશ્વર અભયકુમારે વિનંતી કરી કહ્યું કે–"ભગવન્! આપ માત્ર ત્રણ દિવસ રહો, કૃપા કરી ઉપદ્રવથી બચવા ત્રણ દિવસ એ સાધુને બહાર ન જવા દ્યો, તેટલા વખતમાં મારાથી બનતું કરૂં છું; પછી આપને યોગ્ય લાગે તો વિહાર કરજો અગર સ્થિરતા કરજો." આ રીતે અભયકુમારે વિનયપૂર્વક મહેતલ માગી: શાની? મુનિના ઉપદ્રવ નિવારણ કરવાના ઉદ્યમનું પરિણામ જોવાની.

**ત્રણ ત્રણ કરોડ સોનૈયા લેનાર પણ**
**કોઈ મા'જાયો નીકળ્યો?**

અભયકુમારે ત્રીજોરીમાંથી ત્રણ કરોડ સોનૈયા (કે રત્નો જે કહો તે) લીધા અને રાજગૃહીના મધ્યમાર્ગમાં એક એક કરોડના ત્રણ ઢગલા કર્યા પોતે શહેરમાં જાહેર ઉદ્‌ઘોષણા કરાવી ઢંઢેરો પીટાવ્યો કે–

"અભયકુમાર ત્રણ કરોડ સોના મ્હોરો (જનતાને) જે કાઈ ઇચ્છે તેને આપી દેવા તૈયાર છે તેના ઢગલા પણ બજાર વચ્ચે કરવામાં આવ્યા છે, પણ જે કોઈ કહેલી શરત પ્રમાણે વર્તવા તૈયાર હોય તેને જ લઇ જવાનો હક છે, કરોડ કરોડ સોનૈયાના ઢગલા લેવા કોણ ન આવે? એ કોને ન લલચાવે? સોનૈયા લેવા

---

સમાધિમૃત્યુથી નક્કી બે બાબત પ્રાપ્ત થાય છે. એક સદ્દોદય-મોક્ષ અથવા અલ્પ–રજ કર્મમલવાળું દેવપણું. બાકી ત્રણ ગતિ આને નથી. તેમજ કોઈ પણ દિવસ નિત્યા-દીર્ઘ સ્થિતિ આવતી–બંધાતી નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કરોડો તો પડ્યો પણ શરત સાંભળીને એકેય ઉભો ન રહ્યો. ત્રણ ઢગલા માટે નીચે મુજબની ત્રણ શરત હતી. એક ઢગલા માટે એ શરત હતી કે : "સ્ત્રીનો સમાગમ સર્વથા સર્વદા કરવો નહિ, સ્ત્રી રહેતી હોય ત્યાં ભીંતના આંતરે પણ રહેવું નહિ. સ્ત્રીની સામું પણ જોવું નહિ. સ્ત્રી સંબંધી વાતચીત-કથા પણ કરવી નહિ. તાત્પર્ય કે નવવાડના પાલનપૂર્વક સ્ત્રીસંસર્ગનો સર્વથા જીવનભર ત્યાગ કરવો આ શરતનું પાલન કરે તે કરોડ સોનૈયાનો આ પહેલો ઢગ લઈ જઈ શકે છે." આ શરતે સોનૈયા કોણ લે ? સોનૈયા લઇ જવા કોને માટે ? શાને માટે ? જો સર્વથા સ્ત્રી સમાગમનો જ પ્રતિબંધ હોય તો સોનૈયાને કરવાના યે શું ?

સોનૈયાના બીજા ઢગલા માટેની શરત-"કાચાપાણીનો ઉપયોગ કરવો નહી, પીવું નહિ, સ્પર્શ પણ કરવો નહિ, પીવા માટે કાચા પાણીની વિરાધના કરવી નહિ." આ શરતનું પાલન કરે તે આ બીજો ઢગલો લઇ જઈ શકે છે. કયો ગૃહસ્થ આ શરત પાલી શકે ? બીજો ઢગલો લેવા કોઇએ કબુલ્યું નહિ.

સોનૈયાના ત્રીજા ઢગલા માટેની શરત 'અગ્નિનો સ્પર્શ કરવો નહિ, અગ્નિની (અગ્નિકાયની) સર્વથા વિરાધના કરવી નહિ' આ શરતનું જીવન ભર પાલન કરે તે આ ત્રીજો ઢગલો લઈ શકે છે. અગ્નિ વિના કયા સંસારીને ચાલે ? રસોઈ અગ્નિથી જ થાય, બત્તી, દીપક અગ્નિ જ છેને ! તેથી ત્રીજો ઢગલો લેવાને પણ કોઇ તૈયાર થયું નહિ.

---

જો વીતરાગ-રાગદ્વેષરહિત એવા દેવ ન હોત તો સ્ત્રી-શસ્ત્ર અને કામ-વિષયોમાં આસક્ત એવો કયો દેવ મોહથી થયેલો અંધતમસ મોહરૂપી ગાઢ અંધકારનો સમૂહ તેને કોણ નાશ કરવા સમર્થ થાય.

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

જ્યારે કોઈ જ શરત પાલવા અને સોનૈયા લેવા તૈયાર ન થયું ત્યારે અભયકુમારે કરેલા સંકેત મુજબ કઠીઆરા (નૂતન મુનિ) ત્યાંથી પસાર થાય છે. લોકોના દેખતાં મંત્રીશ્વર અભયકુમાર કઠીઆરાને (નૂતન મુનિને) પણ આ શરત (સોનૈયા માટેની) સંભળાવે છે–સમજાવે છે. એ મુનિ (કઠીઆરો કહે છેઃ 'મારે તમારી ત્રણેય શરતો યાવજ્જીવ મંજૂર છે. પણ સાથે એક શરત એ વધારે છે કે આમાંથી એક પણ સોનૈયો મારે લેવો નહિ' એકત્રિત સમૂહને ઉદ્દેશીને અભયકુમાર કહે છેઃ 'તમારામાંથી ક્રોડ સોનૈયાને લઈને પણ એક પણ શરત પાલવા કોઇ તૈયાર નથી. જ્યારે આ ધન્યભાગ્ય પુણ્યાત્મા એક પણ સોનૈયો લીધા વિના ત્રણેય શરતો જીવનભર પાલવા બંધાય છે વિચારો ! તમારા કરતાં એ કેટલી ચઢીયાતી સ્થિતિએ છે ! ખબરદાર ! જો આવા ઉચ્ચ આત્માને કોઇએ ઉપદ્રવ કરવો નહિ !'

મંત્રીશ્વર અભયકુમારે આ રીતિએ, પ્રયત્ન પૂર્વક લોકોને સમજાવવા પૂર્વક, સાથે સાથે આદેશપૂર્વક નૂતનમુનિનો ઉપદ્રવ દૂર કર્યો ગણધર ભગવાનના કલ્પ પહેલાના વિહારના કારણનો પરિહાર કર્યો.

## પચ્ચખ્ખાણ 'સત્'ના કે 'અસત્'ના ?

હજી પ્રશ્ન થઈ શકે કે સત્ (છતા) પદાર્થના પચ્ચખ્ખાણ કે અસત્‌ના પણ ? સમાધાન એ છે કે પોતાની પાસેથી ચીજ છોડવાના પચ્ચખ્ખાણ અને ન હોય તેના પણ પચ્ચખ્ખાણ છે કેમકે પદાર્થ ભલે નથી પણ ત્યાં ઈચ્છા તો છે ને ! તમારી પાસે

---

હે વીતરાગ ! જે તમારી ઉપરની ભક્તિ છે તે વિઘ્નોને દૂર કરે છે, પણ જે ભક્તિ કામ ક્રોધ રૂપી અશાંતિથી દુષ્ટ અલંકાર–વાળી ન હોય તે વિઘ્નોને દૂર કરે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પચાસ હજાર રૂપીયા હોય છતાં ઇચ્છા શી ? લાખની વધારે ખરીને ! આ માટે ભગવાન્ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા શ્રી દશવૈકાલિક સૂત્રની ટીકામાં ફરમાવે છે કે, અર્થાત્

'अपि' શબ્દનો પ્રયોગ કરીને 'તે પણ ત્યાગી' એમ કહે છે. જો એમ ન માનો તો વિચારો, મરણ સમયે ઉપવાસ, છઠ્ઠ વિગેરેનું પચ્ચખ્ખાણ કરાવો છો. જેને પચ્ચખ્ખાણ ન માનવું હોય તેની વાત શી ? કેમકે તે વખતે તો ગળે પાણીનું ટીપું પણ ઉતરતું નથી.

સભામાંથી પ્રશ્ન—છતવાળો પચ્ચખ્ખાણ કરે, ત્યાગ કરે તેમાં અને અછતવાળો ત્યાગ પચ્ચખ્ખાણ કરે તેમાં ફરક ખરો કે નહિ ?

દુનિયામાં. જનતામાં છાયા પડે તે વાત જૂદી બાકી પરિણામ દૃષ્ટિએ, આત્મીય દૃષ્ટિએ લેશ પણ ફરક નથી. ચક્રવર્તી દીક્ષા લે તો મોક્ષે જાય અને તેનો ચાકર દીક્ષા લે, કોઈ દરિદ્રી દીક્ષા લે તો મોક્ષે ન જાય તેમ નથી. જ્યારે ધનવાન, રાજા કે ચક્રવર્તી ત્યાગ કરે ત્યારે ધર્મની પ્રશંસા થાય, જનતામાં છાયા પડે તે વાત ખરી બાકી ફલની સમાનતાએ લગીર પણ ફરક નથી.

હવે મુદ્દાની વાત પર આવો. જીવોના ચાર પ્રકારમાં પ્રથમ પ્રકાર પત્થર ઉપરની માખી જેવા જીવોનો છે. તે પરથી આ કઠીઆરાનું દૃષ્ટાંત કહ્યું: એ જીવો આ લોકમાં નિર્ધન હોય; પાપોદયે કાંઈ મળ્યું ન હોય એટલે ભોગવટો ન હોય પણ ધર્મ માર્ગે તરત વળી જાય.

---

જો તમે સૂર્ય સમાન પ્રભાવાળા દેવ અહિં જગતમાં ન હોત તો અહિં અન્ય તીર્થિક રૂપી ઘુવડોનું ચક્રિપણું હોત અર્થાત સૂર્યની પ્રભા ન હોય ત્યાં જ ઘુવડોનો પ્રચાર હોય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## શ્લેષ્મ ઉપરની માખી જેવા જીવો.

બીજા પ્રકારમાં કેટલાક જીવો શ્લેષ્મ (લીંટ) ઉપરની માખી જેવા છે એ માખીને ત્યાં મીઠાશ પણ નથી અને ઉડી પણ શકતી નથીઃ ઉડવામાં ફસામણ છે. એ જ રીતે આ પ્રકારના કેટલાક જીવો એવા છે કે પોતે મહા મહેનતે, અધમ કરી, જુઠું બોલી, ચોરી કરી પરાણે પાપે પેટ ભરે છે છતાં તેમને ત્યાગના, ધર્મના પરિણામ આવતા નથી.

## મધ ઉપરની માખી જેવા જીવો.

ત્રીજા પ્રકારના જીવો મધ ઉપરની માખી જેવા છે. મધ ઉપર બેઠેલી માખીને મીઠાશ જરૂર પણ ઉડી શકે નહિ. આ પ્રકારના જીવોમા રાજા, મહારાજા, વાસુદેવો, ચક્રવર્તીઓ વિગેરે ગણાય. આમને ઋદ્ધિ, સમૃદ્ધિ, ભોગનાં સાધનો વિપુલ પણ પરિણામ શું ? એ જ સાધનો નરક ગતિમાં રખડાવનારાં થાય છે આ વાત સમજશો તો બરાબર ખ્યાલમાં આવશે શાસ્ત્રકારો કહે છે કે 'ચક્રવર્તી મરીને નરકે જ જાય.' ઉપર કહેલા કારણથી જ આવું વિધાન શાસ્ત્રકારોનું છે. શાસ્ત્રકાર 'જ'કાર વાપરે છે કે ચક્રવર્તી મરીને નરકેજ જાય. તમે આથી ચમકશો, પણ ચમકતા ના. જરા વિચાર કરજો તમને પ્રશ્ન થશે કે–એજ શાસ્ત્ર જણાવે છે કે ભરત મહારાજા આદ્ય ચક્રવર્તી મોક્ષે ગયા, સાગર મહારાજા એ ચક્રવર્તી પણ મોક્ષે ગયા, કોઇ ચક્રવર્તી દેવલોકે ગયા; અને વળી 'નરકેજ જાય' એમ પણ 'જ'કાર પૂર્વક શાસ્ત્ર નરક ગતિ બતાવે ત્યારે સાચું શું ? અને માનવું કયું ? જરા

---

હે જિનેશ્વર ! તમારા પ્રભાવથી રાગ દ્વેષ અને મોહથી રહિત દેવ, હિંસાદિ પાપોનો ત્યાગ કરનારા ગુરૂ, તેમજ નિર્દોષ પાપ રૂપી કચરાથી રહિત ધર્મનો મેં આશ્રય કર્યો છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બુદ્ધિનો ઉપયોગ કરવામાં આવે તો સમજી શકાય એક દૃષ્ટાંત છે તે વિચારો.

એક રાજાએ, સોનીઓ સોનું કોઇ પણ પ્રકારે ચોરી ન કરે, સેરવી ન દે તેટલા માટે તેમને અલંકારો ઘડવા પોતાના મહેલમાં, ભોંયરામાં બેસાડ્યા અને બહાર મજબુત ચોકી પહેરો રાખ્યો, ખાવા પીવા વિગેરેની વ્યવસ્થા અંદર જ રાખી ભોંયરૂં કેવું ? એક પણ જાળી નહિ, બારી નહિ, એક પણ છિદ્ર નહિ કે જ્યાંથી હવા, અજવાળું આવે. આવે સ્થાને, સોનું ઘડતાં ઘડતાં જ્યારે રાત્રી પડી ત્યારે એક સોનીએ કહ્યું: 'સૂર્ય આથમ્યો !' વિચારો કે તેણે કયા આધારે કહ્યું ? ભોંયરામાં તો એ જાણી શકાય તેવી હાલત હતી જ નહિ. શું ગપ્પું માર્યું ને સાચું પડ્યું ? કાકતાલીય ન્યાયે સાચું પડ્યું ? ત્યારે ! જેણે એ કહ્યું હતું તે સોની રાત્ર્યંધ (રતાંધળો) માટે એ નિયમ કે સૂર્ય આથમે એટલે એ દેખતો બંધ થઇ જાય. એ દેખતો બંધ થયો એટલે એણે સૂર્ય આથમ્યાનું કહ્યું. આ વાત બુદ્ધિનો ઉપયોગ કરે તેને ન સમજાય ? સમજી શકાય.

તેજ રીતિએ ચક્રવર્તી મરીને નરકેજ જાય એ કથનમાં અને ચક્રવર્તીઓ મોક્ષે પણ ગયા છે, સ્વર્ગે પણ ગયા છે એ વાતના પરસ્પર વિરોધનો પરિહાર પણ બુદ્ધિથીજ થઇ શકે. જરા ઉંડા ઉતરો તો સમજાય. ચક્રવર્તી એટલે નરદેવ ! એ નરદેવ જો નરદેવપણામાંજ (ચક્રવર્તીપણામાંજ) કાલ કરે તો નરકેજ જાય. ભરત મહારાજા, સગર મહારાજા, મોક્ષે જનારા તથા દેવલોકે જનારા ચક્રવર્તીઓ નરદેવ મટી ધર્મદેવ બન્યા

---

બીજા દેવો મોહમાયાથી રહિત નથી, અન્ય સાધુઓ હંમેશાં સ્ત્રીઓમાં રક્ત છે, અને બીજો ધર્મ જે જીવહિંસાદિથી યુક્ત છે જ્યારે અહિ ધર્મમાં શુદ્ધ તત્ત્વની શ્રેણી પ્રાપ્ત થાય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હતા. નરદેવપણાનો ત્યાગ કરતાંજ નરકનું નિવારણ થઇ ગયું. સાધુ એટલે ધર્મદેવ! શ્રી જિનેશ્વર ભગવાન્ તો દેવાધિદેવ! નરદેવપણું (ચક્રવર્તીપણું) વાસુદેવપણુ એ તો નરકનું નોતરૂં છે. મહારંભ, મહાપરિગ્રહ, માંસાહાર, હિંસા વિગેરે નરકના નોતરાં છે.

**સાકર ઉપરની માખી જેવા જીવો.**

ચોથા પ્રકારના જીવો સાકર ઉપરની માખી જેવા છે. એ માખીને મીઠાશ પણ મળે અને એ ધારે ત્યારે ઉડી શકે છેઃ એને ઉડતાં કોઈ રોકી શકતું નથી આ પ્રકારના જીવો ઋદ્ધિ સમૃદ્ધિ ભોગવે પણ ખરા અને તેનો ત્યાગ કરી ચાલી પણ નીકળે. ભરતચક્રી, સગરચક્રી જેવા પુણ્યાત્માઓ આ કોટિમાં ગણાય. તેઓ નરદેવ પણ હતા; અને ધર્મદેવ પણ થયા હતા. ભરત મહારાજાને શી કમીના હતી? અર્થ ઉચી કોટિનો હતો. કામ ઉત્કૃષ્ટ કોટિનો હતો કેમકે ચક્રવર્તી હતા, વૈભવનો પાર ન હોતો આદ્યચક્રી હતા તીર્થંકરદેવના પુત્ર હતા. ઈંદ્ર મહારાજાએ તો જેનો અભિષેક કરેલો હતો. હાર, મુકુટાદિ અલંકારો ઈંદ્ર મહારાજાએ ભેટ આપેલા હતા આવી સમૃદ્ધિનો ક્ષણમાં ત્યાગ કરી એ નરદેવ મટી ધર્મદેવ બન્યા હતા!

શંકાકારને શાસ્ત્રકાર સમજાવે છે કે તું શંકા કરે છે કે 'અર્થ અનર્થનું મૂળ અને ધર્મ અર્થ આપે માટે એ મહા અનર્થનું મૂળ અને કામ નરક આપે તેથી નરકની નીસરણી અને ધર્મ કામ આપે માટે ધર્મ એજ કામનો રાજમાર્ગ પણ એ તારી શંકા ખોટી છે. ભરત મહારાજા આદિના દૃષ્ટાંતો જરા વિચારી

---

હે પ્રભુ! જો તમે ન મળ્યા હોત તો મારો આત્મા હંમેશાં કુદેવ-કુગુરૂ અને કુધર્મોનો આશ્રય કરીને હા! સંસાર સમૂહને પામ્યો હોત.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જો, તો સમજાશે કે તારૂં એ માનવું સરાસર ખોટું છે. ધર્મથી મળેલી ઋદ્ધિ, ધર્મથી મળેલાં સુખ, અને અર્થ, તથા કામ કદી ફસાવનારાં હોતાંજ નથી. ભરતમહારાજાને આરિસાભુવનમાં, આરિસામાં મોં જોતાં કેવળજ્ઞાન થાય છે ને! વિચારો કે ત્યાં વૈરાગ્યના છાંટાનો એ સંભવ છે? પોતે આખા દેહે અલંકૃત છેઃ મુકુટાદિ ધારણ કરેલ છે. સ્થળ આરિસાભુવન છે. અને ઉપયોગ મુખ નિરખવામાં-શોભા જોવામાં છે. આવા સ્થલમાં આવી પ્રવૃત્તિમાં વૈરાગ્ય શી રીતે આવ્યો? કારણ એજ કે આ બધું તેમને ધર્મથીજ મળેલું હતું. કયા પ્રકારના ધર્મથી મળ્યું હતું એજ વિચારવા યોગ્ય છે. હવે ભરતમહારાજાનું દૃષ્ટાંત પુરૂં અવલોકીએ. બન્યું એમ કે હાથ જરા નીચો જવાથી હાથની છેલ્લી આંગળીએથી વીંટી સરકી પડીઃ હાથ ઉંચો થયો ત્યાં જોતાં, આરીસામાં જોતાં, બાકીની આંગળીઓમાં વીંટી હોવાથી, પેલી વીંટી વગરની આંગળી શોભા વિનાની લાગી. ચક્રવર્તી વિચારે છે કે "અરે! આ શોભા કોની? ઘરાણાની. દુનિયામાં નિયમ છે કે નિર્ધન પારકાં માગીને પહેરે પણ શ્રીમંતને એ શોભે? નહિ જ. ત્યારે શું હું પારકાની શોભાથી શોભાઉં? ચક્રવર્તીએ એક પછી એક અલંકારો માંડ્યા ઉતારવા હાર ઉતર્યો, કુંડલ ઉતર્યા, મુગટ ઉતર્યો ચક્રવર્તી વિચારણામાં આગળ વધ્યા-અલંકારો એ દેહની શોભા. દેહ બાહ્ય છે. જડ છે. અલંકારો બાહ્યનું પણ બાહ્ય. આ દેહ પણ મારે માટે, આ આત્મા માટે બાહ્યજ છે ને? અને આ દેહમાં છે શું? હાડકાં, માંસ, રૂધિર વિગેરેજને?"

---

સ્યાદ્વાદ મુદ્રાથી સુંદર એવું હે જિન! તમારૂં વચન જગતમાં ન હોત તો જે સ્થિર અથવા અસ્થિર આત્મામાં મોક્ષ પ્રાપ્તિ-પર્યાય હોવાથી તે મોક્ષપ્રાપ્તિને કોણ માનત અર્થાત્ એકાંત સ્થિર-અસ્થિર આત્મામાં મોક્ષપ્રાપ્તિ ઘટી શકે નહિ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મ્યુનીસીપાલીટીની મેલાની ગાડી.

કાયા કલેવર કારમું. ગંદકીનો ગાડવો.

વાત પણ ખરી છે, તમે વિચારો. આ શરીર એટલે મ્યુનીસીપાલીટીની મેલાની ગાડી, ઉપર સુશોભિત ઢાંકણાથી ભલે બજારમાંથી પસાર થતી વખતે લાગે સુંદર, તેમાંયે ઉપરથી સૂર્યના તેજથી ઝગઝગારો મારે પણ એ ઢાંકણું જરા ખસે, ઉઘડે તો દુકાનદારો બુમાબુમ કરે છે ને. આ શરીર પણ તે રીતે ચામડીરૂપી પતરાંથી મઢાએલું છે, પણ અંદર શું છે તે તપાસો. દાક્તરો ઓપરેશન કરે છે ત્યારે તે જોઈને કેઈને ચીતરી ચઢે છે ને! પાંચ–સાત કુંપીઆભાર લોહી નીકળતાં જોઇને ચકરી આવે છે ને? કલોરોફોર્મ શાથી સુંઘાડાય છે? એ લોહી, એ માંસ, એ આ (કાયારૂપી) મહેલનોજ માલ છે ને! હાડકાંના થાંભલાઓ ઉભા કરી, તેને નાડીઓની દોરીએથી બાંધી, તેમાં મલમૂત્ર, લોહી, માંસ ભરીને આ દેહરૂપી પૂતળું ઉભું કરવામાં આવ્યું છે એના અંગે ગાજવા વાજવાનું હોય?

ભરત મહારાજા આ પ્રકારે દેહની અશુચિ ભાવના ભાવતાં ભાવતાં ત્યાં જ કેવલજ્ઞાન પામ્યા!

વિચારો કે ઉંચામાં ઉંચી કોટીનાં અર્થ, કામ ભરતમહારાજાને ફસાવનાર કેમ ન થયા? કેમકે તે સાકર ઉપરની માખી જેવા પ્રકારના આત્મા હતા. જે અર્થ, જે કામ ધર્મથી મળ્યા હોય તે ફસાવતા નથી. કયો કામ, કયો અર્થ ફસાવે છે? જે ધર્મથી ન થયા હોય તો હજી પ્રશ્ન થશે કે–અર્થ સુખ મળે છે તો ધર્મથીજને?

---

સ્નેહી મનુષ્ય જે કાંઇ કાર્ય કરે છે તે બધું સારૂ કહેવાય છે પરંતુ તેનો સમાવેશ સ્નેહમાં થાય છે અને જો ન કરે તો તે અપકારમાં પરિણમે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ત્યારે આ વાતનો મેળ કેમ મળે ? એ જ શાસ્ત્રકાર કહે છે કે– 'બાવળીઆનો અગ્નિ પણ બાળે છે. બાવનાચંદનનો અગ્નિ પણ બાળે જ છે તે રીતે ધર્મથી મળેલાં સુખ સમૃદ્ધિ પણ જીવને ફસાવે છે' તો આ વાત અને શાસ્ત્રકારનું તે વચન કે 'ધર્મથી મળેલા અર્થ, કામ, ફસાવેજ નહિ' તે વચન પરસ્પર વિરોધક છે. એ વિરોધનો પરિહાર એ છે કે જે ધર્મ કેવળ ત્યાગવૃત્તિથી કરવામાં આવે, ધર્મ ધર્મખાતર આચરવામાં આવે તો તે ધર્મથી મળેલ ઋદ્ધિ સમૃદ્ધિ ભોગોપભોગ, અર્થ કામ ફસાવનારા હોતા નથી પણ ધર્મની સાથે મેળવવાની મમતાનું મિશ્રણ થયું તો એ મિશ્રણ ફસાવનાર બને છેઃ મિશ્રણવાળા ધર્મથી મળેલાં અર્થ, કામ, ફસાવનાર પેલા મિશ્રણના યોગે બને છે. અર્થ કામ મેળવી આપવાનું કામ ધર્મ કરે છેઃ ફસાવવાનું કામ મમતાનું મિશ્રણ કરે છે. વાસુદેવો, કેટલાક ચક્રીઓ કે જેમણે પૂર્વભવમાં ધર્મ આચર્યો પણ નિયાણાં કર્યાં એટલે આચરેલા ધર્મયોગે મળ્યું બરાબર પણ નિયાણાથી નોતરેલી નરકગતિ જાય કયાં ? ધર્મ કરતી વખતે, પદાર્થની ઇચ્છા થઇ કે જીવ ફસાવવાનો.

હવે ફરી મુખ્ય વાત પર આવો. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર વિભાગમાં, ચાર વર્ગમાં ધર્મજ એવો છે કે ધન દે, સુખ [કામ] દે અને પરંપરાએ મોક્ષ પણ દે છે, ત્રણેયનું કારણ ધર્મ છે. ત્રણેય પુરૂષાર્થ, અર્થ, કામ અને મોક્ષ કાર્યરૂપ જ્યારે ધર્મજ કારણરૂપ છે, એટલુંજ નહિ પણ હજી આગળ વધો. કેળાં વાવો, કેળાં થાય, એ કેળાં ખાઈ જાઓ પછી વવાય ?

---

હે ભગવન્ તમારા કહેવાથી સિદ્ધ થયેલા જોયા નથી અને બીજાના કહેવાથી સંસારમાં ડૂબતા જોયા નથી. હિત વચનથી હું વાકય માનું છું.

જ્યારે આંબા રસ ખાઓ, અને ગોટલા વાવો એટલે ફરી આંબા. એ રીતે ધર્મ પણ અર્થ, સુખ, અને મોક્ષના સાધન-રૂપ માત્ર નહિ પણ પાછો ધર્મનો ઉત્પાદક પણ છે.

**ધર્મ, માત્ર મેળવી જ આપે છે એમ નથી પણ ફરી ઉત્પાદન સામર્થ્ય પણ ધરાવે છે.**

શાસ્ત્રકાર મહારાજા કહે છે કે–

क्षायोपशमिकभावे या क्रिया० इत्यादि

એક છોકરો રાત્રે ભણવા બેઠો અને એકથી દશ સુધી ભણ્યો: રાત્રે દશ વાગે સુઇ ગયો. સવારે એ અગીયારથી ભણે છે. વચમાં રાત્રી ગઈ છતાં બીજે દીવસે તેણે એકથી અભ્યાસ શરૂ ન કર્યો કહો કે રાત્રી તો વિશ્રામ રૂપ. રાત્રી જવાથી એકથી દશનો અભ્યાસ નકામો નથી થયો: વિશ્રામ પુરો થતાં રાત્રી જતાં અભ્યાસ આગળ વધ્યો. એ રીતિએ ક્ષાયોપશમિક ક્રિયાથી વચ્ચે દેવલોક મળે ત્યાં ભલે ધર્મ ન થાય પણ ત્યાંથી નીકળ્યા પછી ફરી ધર્મપ્રાપ્ત થાય છે એટલે કે એ દેવલોક પેલા છોકરાની રાત જેવો છે. એવો જીવ લોકમાંથી મનુષ્ય થાય, ફરી એને ત્યાગના ભાવ જાગે, દીક્ષાની, વ્યાખ્યાન વાંચવાની વિગેરે ભાવનાઓ પ્રગટ થાય. સંસ્કાર શું છે એ આથી સમજાશે. જેણે કાંઈ કર્યું જ નથી તેનામાં એ સંસ્કાર ક્યાંથી આવવાના ? દુનિયાદારીનું દૃષ્ટાંત વિચારો. એક નાના છોકરાને તેની મા કહે છે 'બેટા ! ગોરી વહુ લાવશું' તો તે રાજી થાય છે, અને 'તારે માટે કાળી વહુ લાવશું' એમ ચીડવવા કહે છે

---

હે ભગવન્, કોઇપણ ઠેકાણે હિંસાદિને પ્રવર્તાવનાર તમારૂં શાસ્ત્ર આગમ જોવામાં આવતું નથી પરંતુ વચન સમતારસથી ભરેલું જોવાય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તો તે રડવા માંડે છેઃ ગોરી કે કાળી એકેય વહુ આવી નથી, આવવાનીય વખતે નથીઃ માત્ર વાત જ છે છતાં હસવા, રડવાનો ઉત્પાત શાથી ? એ છોકરો શું સમજ્યો ? કહો કે પ્રથમનો સંસ્કાર છે. એજ રીતે ધર્મને અંગે પણ તથાવિધ સંસ્કાર સમજી લેવો.

એક માને પેટે અવતરેલા છોકરાઓમાં, અરે જોડીઆ ભાઈઓમાં, વર્તનમાં કેટલો ભેદ હોય છે ? એકને ધર્મ રૂચે, એકને પાપ રૂચે. શાથી ? કહો કે સંસ્કાર.

આથી એ સિદ્ધ થયું કે–મમતા રહિત ધર્મથી મળેલા, અર્થ, કામ જીવને કદી ફસાવતા નથી. ફસાવનાર મમતા છે. મમતા વગરનો વિશુદ્ધ ધર્મ, નહિ ફસાવનાર અર્થને આપે છે; નહિ ફસાવનાર કામને આપે છે અને પરંપરાએ મોક્ષને પણ આપે છે. ધર્મ આવો કિંમતિ છે.

સાથે એ વાત પણ ધ્યાનમાં રાખજો કે–મારાઓ રાજા પાછળ હોય છે. ભીખારી પાછળ હોતા નથી. શાહજાદો આવ્યો ત્યારે કેટલી ચોકીનો પ્રબંધ હતો ? વોઈસરોયની સવારી નીકળે ત્યારે પહેરો કેવો હોય છે ? માનો કે જેમ મોટો માલદાર, માનીતો થયો તેમ તેની આજુબાજુ વિઘ્નના વંટોળીઆ વધવાના. એજ રીતે આવી ઉંચી કોટિવાળા ધર્મ માટે પણ તેની આજુ-બાજુ કયા મારાઓ છે, કયા વિઘ્નો છે. તે તથા ધર્મનું લક્ષણ વિગેરે જણાવવું જરૂરી છે કે જેથી જીવ વિઘ્નોથી બચી શકે. અને સાચો ધર્મ મેળવી શકે, તે બધું, અનુષ્ઠાનધર્મ, વિચાર–ધર્મ વિગેરેનું લક્ષણ અગ્રે વર્તમાન.

---

હે ભગવન્ ! સંસારની શાંતિને માટે તમારા શાસ્ત્ર–આગમમાં બે બાબત ભરેલી છે, હંમેશાં આશ્રવોની હાનિ અને સંવરની શ્રેણીનું ગ્રહણ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વ્યાખ્યાન ચોથું

## આજ્ઞાગ્રાહ્ય પદાર્થને પીછાણવાની રીત, જીવોનું મૂલ-સ્થાન, વિજ્ઞાન ભૂમિકાની વિશિષ્ટતાઓ; ધર્મરત્ન મેળવવાની અમોઘ કળા.

### આજ્ઞા-ગ્રાહ્ય પદાર્થ.

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ શાંતિચંદ્રસૂરીશ્વરજી મહારાજ ધર્મરત્નપ્રકરણ કરતાં થકાં આગળ ૨૧ ગુણ તથા તેનું સ્વરૂપ દૃષ્ટાંતાદિ જણાવ્યા. તેથી શ્રવણભૂમિ અને જ્ઞાનભૂમિ પોતાને પ્રાપ્ત થવી તે પણ વસ્તુ આ જીવને નવી નથી. સામાન્ય દૃષ્ટિએ ભલે નવું હોય પણ આર્યક્ષેત્રાદિ મળે ત્યારેજ શ્રવણ-જ્ઞાન મળે છે, એ અપેક્ષાએ આશ્ચર્ય છે. રખડતાં જે અનંતોકાળ ગયો તે અપેક્ષાએ શ્રવણ-જ્ઞાન પ્રાપ્ત થાય તે આશ્ચર્ય નથી. તે અનંતી વખત મળી ગયું. જેને વ્યવહાર રાશીમાં આવ્યા અનંતોકાળ થયો છે તેને માટે આ વાત છે. જેઓને વ્યવહારરાશિમાં સંખ્યાતો અસંખ્યાતો કાળ થયો હોય તેને માટે આ વાત નથી. અનંતી વખત સમ્યક્ત્વની કરણી કરી સર્વવિરતિ દેશ-વિરતી આદરી દેવલોક ગ્રૈવેયકમાં ગયો. અવ્યવહારમાંથી નીકળી વ્યવહારમાં આવ્યાને અનંતોકાળ થયો છે તેવા માટે જ આ વાત છે વ્યવહારરાશી અવ્યવહારરાશીના જીવો કયા? એ કયારે ઓળખીએ? સમજો વ્યવહારરાશીમાં એ લોકોનુભાવે સ્થિતિ છે. જેટલા જીવ મોક્ષે જાય તેટલા જીવ અવ્યવહારરાશીમાંથી

· તમારા વડે સર્વ પ્રાણીઓને હિતકારી ધર્મ ઉદ્ઘોષ્યો-પ્રરૂપાયો તેમજ તે ભાગ્યશાળી મુનિઓ કે જેઓએ તે ધર્મને પ્રવર્તાવ્યો (પરંપરાથી ફેલાવ્યો)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વ્યવહારરાશીમાં આવે. એવું બંધારણ શા કામનું? વ્યવહારરાશીમાંથી મોક્ષે જાય તેથી ઓછા આવે અગર વધારે આવે તો અડચણ શી? વ્યવહારરાશીમાંથી મોક્ષે જાય તેટલા અવ્યવહારમાંથી વ્યવહારરાશીમાં આવે. આ નિયમ બાંધ્યો છે. આ પદાર્થ આજ્ઞાગ્રાહ્ય છે, અને જગતનો સ્વભાવ એવો દેખ્યો તેને અંગે નિરૂપણ કર્યું છે. સામાન્ય રીતે આજ્ઞાગ્રાહ્ય પદાર્થ અંગે આજ્ઞાથી જે પદાર્થ જાણી શકાય તેવો હોય જેમાં દૃષ્ટાંતનો વિષય ન હોય. પદાર્થ બે પ્રકારના છે કેટલાક આજ્ઞાથી માની શકાય તેવા અને કેટલાક દૃષ્ટાંત યુક્તિથી માની શકાય તેવા એટલે તેમાં દૃષ્ટાંત યુક્તિ હોય. દૃષ્ટાંત ને યુક્તિ એ આજ્ઞાથી વિરોધી છે એમ નહીં. આજ્ઞા દૃષ્ટાંત યુક્તિથી વિરોધી નથી તો પછી બે ભાગ કેમ? કેટલાક પદાર્થો એકલા આજ્ઞાથીજ માનવાના હોય. કેટલાક આજ્ઞાથી માનવા સાથે એમાં દૃષ્ટાંત યુક્તિ પણ હોય. આજ્ઞાગ્રાહ્ય તરીકે લઈએ તો તીર્થંકરોએ અને કેવળીઓએ લોકસ્વભાવ દેખી નિરૂપણ કર્યું કે જેટલા જીવો વ્યવહારરાશીમાંથી મોક્ષે જાય તેટલા અવ્યવહારરાશીમાંથી વ્યવહારરાશીમાં આવે. કેવળજ્ઞાની સર્વકાળ જીવ અને અવસ્થા દેખનારા હોવાથી તેમણે આ નિયમ ઘડી કાઢયો એમના કેવળજ્ઞાને સર્વકાળ એવા દેખ્યા. એક સરખી સંખ્યા દેખી ત્યારે નિયમ બાંધ્યો કે વ્યવહારરાશીમાંથી મોક્ષે જાય તેટલા અવ્યવહારરાશીમાંથી વ્યવહારરાશીમાં આવે. જેમ સૂર્યનો ઉદય થાય એટલે દિવસ ઉગે. દિવસ ઉગવાનો હોય તો સૂર્યનો ઉદય થાય. સૂર્ય કારણ અને દિવસ કાર્ય, તેમ કાર્ય–કારણભાવ અહીં નથી. મોક્ષે જવાનું

હે જિન! તમારા ભદ્રિક ભક્તો આઠ રસથી યુક્ત સંગને–છોડીને સંગ વગરના એવા તમને સતત શાંતિને–શાંતરસને ઇચ્છતા અંગીકાર કરે છે. ॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તે પોતાના સમ્યગ્દર્શનાદિના પ્રતાપે અને વ્યવહારરાશીમાં આવવાનું તે અકામનિર્જરાના પ્રભાવે. બન્ને સ્વતંત્ર બનવાવાળા છતાં છે નિયમિત. મોક્ષે જવું એવી જ આત્મામાંની સ્થિતિ હોય છતાં પરસ્પર કાર્ય–કારણભાવ નથી, પરન્તુ સંખ્યાના નિયમ છે. સિદ્ધપણાનું કાર્ય–કારણપણું નથી તો નિયમિતપણું શી રીતે માનવું ? તે માટે તેને આજ્ઞાગ્રાહ્ય લઈએ છીએ. કેવળજ્ઞાનથી જે સ્થિતિ દેખી તે અહીં જણાવી છે. કેટલાક સહચરિત પદાર્થો હોય છે. સહચરિત પદાર્થોમાં રસ થાય તો રૂપ થાય છે. જો કે રૂપ રસનું કારણ નથી અને રસ રૂપનું કારણ નથી. રસ રૂપ એ ફળમાં થનારી સ્વતંત્ર ચીજ છે. રસ રૂપને નથી કરતો અને રૂપ રસને નથી કરતો છતાં બન્ને થનારા હોય છે. આંબના બન્ને ડોળા સહચરિતપણે એવી રીતે વર્તે છે. જ્યારે એક આમ જાય ત્યારે બીજો ડોળો આમ આવે તે પરસ્પર કાર્ય–કારણપણે નથી તો પણ સાથે જરૂર થાય છે, તેમ એક જીવનું મોક્ષે જવું ને અવ્યવહારમાંથી વ્યવહારરાશીમાં એકનું આવવું. જેટલા મોક્ષે જાય તેટલા વ્યવહારરાશીમાં આવે. સિદ્ધપણું થાય તે અવ્યવહારીને વ્યવહારી કરી દેતો નથી. પરસ્પર કાર્ય–કારણભાવ જન્ય–જનકભાવ નથી, છતાં નિયમિત છે, તે આજ્ઞાથી સમજી શકાય છે. છતાં દૃષ્ટાંત ઉપર વિચારીએ તો કહી શકીએ કે વ્યવહારરાશીને લાયક જીવ તેટલા રહેવા જોઈએ કે જેટલા ઓછા થાય.

## સંસારનગર ખાલી થઈ જશે.

ઉપમિતિભવ–પ્રપંચામાં જણાવ્યું છે કે–એક જીવને મોક્ષે મોકલ્યો, મારો સંસાર ખાલી થશે. આ ધર્મરાજા કેડ બાંધીને

---

જગતમાં સારભૂત વચન તે જ છે કે–જે શ્રોતાસમૂહને વિશ્વાસ પમાડે અનાદિ અનન્ત અર્થવાળું તમારૂં વચન માનું છું જેથી અહિં મારી બુદ્ધિ સ્થિર છે ॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બેઠેલો એક એકને પાછો અહીં મોઢું ન બતાવે તેમ નિવૃત્તિ નગરીએ લઈ જાય છે. મારે વસ્તી ખૂટે છે હવે શું કરવું? લોકસ્થિતિ કર્મરાજા પાસે ગઈ. કર્મરાજા તેને કહે છે કે તારા ઘરની તને માલમ નથી. ત્યાં જઈ નિગોદના ઓરડા બતાવ્યા. એ કેટલા લઈ જશે ને અહીં કેટલા છે? ત્યાં લોકસ્થિતિ સ્તબ્ધ થઈ ગઈ. ધર્મરાજાના બાપના બાપ આવે ચાહે જેટલા લઈ જાય તો પણ મારા ઓરડા ખાલી થાય એમ નથી. એક ઓરડાનો અનંતમો ભાગ હજુ ખાલી થયો છે, એવા અસંખ્ય ઓરડા છે, તેવા અસંખ્યાત ઓરડાઓ તે પણ બે પ્રકારના ઓરડા, એક જાહેર ને એક ખાનગી, સૂક્ષ્મનિગોદ અસંખ્યાતી, જેમાં એકમાં અનંતા જીવ તે ખાનગી મીલકત અને જાહેર મીલકત જે બાદર, લીલફુલ, જમીન કંદ તે બાદર ઓરડાઓ, તે બેમાંથી કોઈ પણ તપાસી લો. એકનો અસંખ્યાતમો ભાગ હજુ લઈ જઈ શકયો નથી. વેપારમાં વપરાતી લક્ષ્મી ઓછી થાય તો પણ શું? ભોંયરામાં એ પડેલી આબરૂ ન રાખે? જરૂર રાખે. ફરતી લક્ષ્મી આબરૂ રાખે તો શું પુરી મૂકેલી લક્ષ્મી કામ ન આવે?; જરૂર આવે જ.

## વ્યવહારરાશી વેપારની ફરતી મૂડી.

બાદર-સૂક્ષ્મ નિગોદીયા ભંડારની મૂડી. ફરતીમાં જેટલું ખૂટે તેટલું ખાનગી ભંડારમાંથી ઉમેરવું તો વેપાર ધીકતો રહે. તેમ આ જાહેર મૂડી તેમાંથી જેટલા મોક્ષે જાય ને ઘટ થાય તેટલો ભાગ ખાનગી મીલકતમાંથી લાવી વેપારમાં ઉમેરે. જ્યાં દેખે છે ત્યાં સ્તબ્ધ થાય છે. આપણામાં પણ કહે છે કે આ ચોવીશીમાં અસંખ્યાતા

---

આ જીવે અનાદિથી બાહ્યપદાર્થોમાં સુખ માટે પ્રયત્ન કર્યો છે પણ તમે કોઈ નવા છો કે જે અનાદિ સંસાર ને બાહ્ય-પદાર્થમાં સુખના યત્ન એ બેયને છોડીને ભવિજીવોને સતત ધર્મને આપો છો.

ગયા ને આવતી ચોવીશીમાં અસંખ્યાતા જશે. એમ દરેક કાળે અસંખ્યાતા જશે. નવા જીવ સંસારમાં આવવાના નથી. તો અસંખ્યાતા જતા કોઇક ને કોઇક દહાડો તો છેડો આવશેને?

## ટાંકણી પર આવેલ પાણીનું બિંદુ.

આવું કહેનારાને સમજવાનું છે. મોતીભાઇ દરીયાના કીનારે હતા. કસ્તુરભાઈ આવ્યા. ટાંકણી કાઢી પાણીમાં બોળી ખંખેરી નાંખી. ટાંકણી પાછી ઘાલી દીધી. તમારા જેવા હજારો આવે ને આમ દરિયામાં ટાંકણી ઘાલે તો આખો દરીયો ખાલી થઈ જાય? એકજ મુદ્દાથી ટાંકણી ઉપર પાણી કઈ સ્થિતિનું ને કેટલું હોય કે જેમાં દરીયો ખાલી થઈ જાય તેવી કલ્પના કોણ કરે? દરીયાનું સ્વરૂપ ન સમજે તે. દરીયાનું સ્વરૂપ જાણનાર ખાલી થવાની કલ્પના ન કરે. ટાંકણી બોળવાથી દરીયો ખાલી થવાની કલ્પના શી રીતે કરી? એક ટાંકણી ઉપર જે પાણી આવ્યું તે દરીયાનું પાણી જેટલા ગણું વધારે છે તેનો ગુણાકાર કરી જુઓ અને ટાંકણી ઉપર લાગેલા પાણી કરતાં દરિયાનું પાણી કેટલા ગણું છે? તે વિચારો. જંબુદ્વીપની આસપાસ રહેલો લવણસમુદ્ર બે લાખ જોજન એવો મોટો છતાં એ દરીયો જેટલો મોટો છે તેના કરતા મોક્ષ ગએલા જશે ને જાય છે એ બધાને ભેળાં કરો તો અસંખ્યાતી બાદર સૂક્ષ્મ નિગોદને તો રહેવા દો પણ એકજ નિગોદના જીવ સામા મૂકો તો ગયા જશે ને જાય છે તેટલાને ટાંકણી જેટલા ગણો તો નિગોદના જીવ દરિયા કરતાં મોટી સંખ્યાવાળા છે. તમારી કલ્પનામાં લેવાય તેટલા જીવો કલ્પો. કેવળજ્ઞાનીના જ્ઞાનમાં કેટલી ચોવીશી જે અનાદિકાળના મોક્ષે

---

દરેક ભવ્યો ક્રિયાને ધારણ કરતા હંમેશાં અહંતાને આશ્રયીને પ્રવર્ત્યાં હતા તે જ્ઞાનથી હીન એવા મહાદેવ વિગેરે પણ પોતાની સર્વજ્ઞતાને કેમ કહે છે?

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ગયા ને જશે (કેવળીની દૃષ્ટિથી જે જશે તે) તે બધા એકઠા કરીએ તો એક ટાંકણીનું પાણી છે. અનંતી ચોવીશી થઈ ગઈ, અને થશે તે બધામાં જે મોક્ષે ગયા તે એક ટાંકણીના પાણી જેટલા. બધા જીવો એટલે દરિયો. જે મોક્ષે ગયા ને જશે તે એકજ નિગોદની સાથે હિસાબમાં લઈએ તો ટાંકણી ને દરિયા વચ્ચે જે આંતરૂં છે તે કરતાં મુક્ત ને સંસારીનું વધારે આંતરૂં છે.

## જીવનું મૂળસ્થાન.

આટલા જીવો કેમ મનાય? મોક્ષે જવાનું જે જ્ઞાનીએ દેખ્યું છે અને જીવનું સ્વરૂપ જે જ્ઞાનીએ દેખ્યું છે તે જ્ઞાનીઓ જીવના યથાર્થ પ્રમાણને કહેનારા છે. જીવ મોક્ષે જાય તે માનવું છે, ને પ્રમાણ નથી માનવું તે કેમ બને? માટે જેટલા જીવ વ્યવહાર–રાશીમાંથી મોક્ષે જાય તેટલા અવ્યવહારરાશીમાંથી વ્યવહાર–રાશીમાં આવે એ માનવું જોઈએ. અહીં એક વાત ધ્યાનમાં રાખવાની છે. સૂત્રકાર સર્વજીવોને અવ્યવહારરાશીમાં જણાવે છે. જીવનું મૂળસ્થાન અવ્યવહારરાશી છે. આ અપેક્ષાએ બે મત પડે છે. એક મત એ કે અવ્યવહારરાશી મૂળ હોય તો અવ્યવહારમાંથી મોક્ષે જાય તેજ વ્યવહારમાં આવે. બન્ને પ્રકારની નિગોદોના જીવોને અવ્યવહારમાં લેવા. એક નિગોદનો અંનતમો ભાગ મોક્ષે ગયો તો બાદર નિગોદો જેટલા મોક્ષે ગયા નથી તેને તમારે વ્યવહારરાશીમાં ગણવા છે, તેટલા જીવો મોક્ષે જનારા છે એમ માનવું પડે છે. બાદરને વ્યવહારરાશીમાં માની લ્યો તો વ્યવહારરાશીમાં જેટલાં મોક્ષે જાય તેટલા માનવા પડે. જ્યારે ન માનો તો બાદરનિગોદ અને સૂક્ષ્મનિગોદને અવ્યવહારરાશીવાળા માનવા પડે. વ્યવહારરાશિ અનાદિની છે.

---

સંસારમાં ભમતા સર્વે જીવો સુખ–દુઃખથી થતી વેદના ને અનુભવે છે પણ બીજા દેવો તેના મૂળને જાણતા–નથી ॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વ્યવહારરાશીમાં રહેલાને. વ્યવહારને અનાદિ માને તો સૂક્ષ્મ બાદર બન્ને નિગોદ અવ્યવહાર છે. કેટલાકો બાદરનિગોદને વ્યવહારમાં માને છે. લોકોના વ્યવહારમાં પૃથ્વીકાયાદિક આવ્યા તે વ્યવહારરાશીવાળા. કેટલાક એકલા સૂક્ષ્મપૃથ્વીકાયાદિકને વ્યવહાર માને છે. કેટલાક સૂક્ષ્મ પૃથ્વી વિગેરે તથા બાદર સૂક્ષ્મ નિગોદને અવ્યવહારરાશી માને છે. કેટલાક માત્ર સૂક્ષ્મ નિગોદને અવ્યવહારરાશી માને છે. કેટલાક ત્રણેને અવ્યવહાર રાશી માને છે. બાદર પૃથ્વીકાયને વ્યવહાર માને તો બધા અવ્યવહારમાં હતા તેમ માની શકે. મોક્ષે ગયા તેટલા આવતા ગયા. એટલે બાદર પૃથ્વીકાયપણે ઉત્પન્ન થાય તો તે માનનારની અપેક્ષાએ વ્યવહારરાશીમાં આવ્યા ગણાય. કેટલાક સૂક્ષ્મ વનસ્પતિ બાદરનિગોદને સૂક્ષ્મપૃથ્વીકાય આદિને વ્યવહાર માનવા. કેટલાક સૂક્ષ્મનિગોદને વ્યવહારરાશી માને છે.

## વિજ્ઞાન ભૂમિની વિશિષ્ટતા

વ્યવહારરાશીમાં આવ્યાને જેને અનંતો કાળ થયો. કોઈ કયા સંજોગે કઈ સ્થીતિએ અને કોઈ કયા સંજોગે કઈ સ્થિતિએ એમ અનંતી વખત સમ્યકત્વની કરણીની, દેશવિરતિ, સર્વ–વિરતિની સ્થીતિ આવી ગઈ તે દરેક વખતે શ્રવણ અને જ્ઞાન એ ચીજ તો મળેલી છે. આમ શ્રવણ–જ્ઞાનની સ્થિતિ આવ્યા છતાં પણ વ્યવહારરાશીમાં આવ્યા અને અનંતોકાળ થયો છે તેને પણ શ્રવણ અને જ્ઞાન એ ભૂમિકા તો ઘણી વખત આવી છે, તો પણ વિજ્ઞાનભૂમિકા આવી ગઇ નથી. હવે ચેતો તો બસ છે. અનંતી વખત શ્રવણ અને જ્ઞાનમાં રહ્યા અત્યારે ત્રીજી

હંમેશા પોતાને વેદવા યોગ્ય દુઃખ–સુખાત્મકે જે ક્રિયા તેને મૂલસહિત જાણ્યા વગર જ બીજા દેવો સર્વજ્ઞતાને ધારણ કરે છે તે આશ્ચર્ય છે. અર્થાત્ તેનું મૂલ શું તે જાણતા નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ભૂમિકામાં રાખી શકે તો પાર ઉતરી ગયા. વિજ્ઞાનની ભૂમિકામાં આઠ વખત સ્થિર રહે તો ચોક્કસ મોક્ષ મેળવે. મધ્યમતાથી ચાર વખત ને ઉત્કૃષ્ટ રીતિએ એકજ વખત સ્થિર રહ્યા તો તેજ ભવે મોક્ષ મેળવે તે વિજ્ઞાનભૂમિકા કઈ? એજ પ્રથમ માલમ પડવી જોઈ એ.

ઝવેરાત કોને કહેવું? તે ન જાણતો હોય તેનું શું થાય? ગાય, ભેંસ, જાનવર વિગેરે અજ્ઞાનીઓને ઝવેરાતની માલમ નહીં તો ઝવેરાતમાં લાખો મેળવવાની વાત કયાં? વિજ્ઞાનભૂમિકા કહેવી કોને? તે માટે ટીકાકાર જણાવે છે કે-ધર્મરત્ન-ધર્મ એજ રત્ન, જગતમાં આત્માને સાધ્યદૃષ્ટિ કયાં હોય? કેવળ ધર્મમાં. મુસાફરી કરનારને મતલબ સાથે કામ. ગામ પહોંચવા ઉપર જ લક્ષ્ય હોય છે, રસ્તે ચાલતા ઘાસ અડયું કે ન અડયું તેમાં મતલબ હોતી નથી. જગતના તમામ પદાર્થો મુસાફરને અડતાં ઘાસ જેવા લાગે. અડયું તોય શું! ન અડયું તોય શું! આ સ્થિતિ આવે તો વિજ્ઞાનની ભૂમિકા આવે. ૨૪ કલાકની ચાહે રસોઈ કરો, ચાહે ખાઓ પીઓ, ઘર ચણાવો, ચાહે જો કાર્ય કરો, બધી વખત આ સ્થિતિ હોવી જોઈ એ. આ ચોવીસ કલાકની સ્થિતિ ન હોય તો सम्मत्तंमि उ लद्धे કહેવાય છે તે સમ્યક્ત્વ પ્રાપ્ત થયું. આનું નામ ત્રીજી ભૂમિકા મલી તે ભૂમિકાવાળો જીવ વૈમાનિક સિવાય આયુષ્ય બાંધે નહિં. આયુષ્ય દેરામાં ઉપાશ્રયમાં હોય ત્યારે જ બંધાય તેવો નિયમ નથી. તે તો ૨૪ કલાક છુટો છે તમે ચોવીશ કલાક બંધાએલા છો. રસોઈ કરતાં ખાતાં પીતાં ચાહે ત્યારે આયુષ્ય બંધાય

---

પોતપોતાના જ્ઞાનને તેના આચ્છાદકને જાણ્યા વગર મનુષ્ય કેમ? 'મને સર્વજ્ઞપણું પ્રાપ્ત થયું છે' એમ માને છે-પ્રકાશે છે અર્થાત્ તે મનન અને પ્રકાશન અજ્ઞાનમૂલક છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અમુક સ્થિતિમાં જ આયુષ્ય બંધાય. તેવો નિયમ નથી. તો વૈમાનિકપણાનો નિયમ કેમ કર્યો ? શુભલેશ્યા વગર વૈમાનિકપણાનું આયુષ્ય બંધાતું નથી. શુભલેશ્યાવગર વૈમાનિકમાં કાળ કરીને જવાતું નથી. જે લેશ્યામાં આયુષ્ય બંધાય તે લેશ્યાની સ્થિતિમાં કાળ કરી જવાનો શુભલેશ્યા પદ્મલેશ્યા પીતલેશ્યા આ શુભલેશ્યા સ્થિરતાપૂર્વકની હોય તો વૈમાનિકમાં જાય. ૨૪ કલાક શુભલેશ્યા તરફ નિશાનવાળા હો, વચમાં એ શુભના ચમકારા થઈ જાય. લેશ્યાસ્થિરતાથી તિર્યંચ-મનુષ્યને અંતર્મુહૂર્તથી વધારે રહેવાની નથી. શુભલેશ્યા સ્થિરતાવાળી રહે તો સમ્યગ્દૃષ્ટિ વૈમાનિક સિવાય બીજું આયુષ્ય બાંધે નહિ એ નિયમીત થયું. જીવનની જ્યોતિ હોય અને ફેરફાર વિનાની હોય. આવી સ્થિતિ વિજ્ઞાનભૂમિકામાં હોય છે. તે માટે ધર્મરત્ન-ધર્મ એજ રત્ન, ચાહે શ્રવણમાં હોય કે મનમાં હોય ગમે તેમાં હોય, હીરાને ચાહે ધૂળમાં, કોયલામાં, ઘીમાં, તેલમાં, પાણીમાં જ્યાં નાંખો ત્યાં હીરો પોતાના સ્વભાવને પલટતો નથી. આ રીતે હીરો જેમ ચાહે તેવા સંયોગમાં આવી જવા છતાં પણ સ્વભાવને પલટાવતો નથી, તેમ સમયગ્દૃષ્ટિ પણ મૂળ સ્વભાવને ગમે તેવા સંયોગોમાં આવી જાય તો પણ પલટે નહિ, આથી જે વૈમાનિક સિવાય બીજું આયુષ્ય ન બાંધે. આ નિયમ ત્યારે જ લઈ શકાય કે હીરાની માફક ગમે તે સંયોગ થાય તો પણ સ્વભાવ પલટે નહિં. વિજ્ઞાનભૂમિકામાં દાખલ થયા પછી સંયોગ આધીન સ્થિતિનો પલટો ન કરે.

---

સંસાર અનુભવથી બહાર નથી તેને મૂલથી જો જાણતા નથી. તો પછી પોતાને વિષે સાહસથી આ લોકો સર્વજ્ઞપણાને ધારણ કેમ કરે છે ? અર્થાત્ સર્વજ્ઞપણાને ધારણ કરવું તે સાહસ છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## ધર્મના અસંખ્યાત યોગો

ધર્મના અસંખ્યાત યોગ છે. પૂજામાં રસ આવે છે ને વખાણમાં રસ નથી આવતો. આ શું ? ધર્મના અસંખ્યાત જોગ છે. તેમાંના એક એક જોગ ઉપર રત્ન તરીકે આદર હોવો જોઈએ. ચાહે તેટલા પહેલ હોય તેમાં હીરાપણાની ખામી ન ગણાય. મને આનંદ કે રસ નથી આવતો તે ધર્મરત્નની માન્યતામાં ખામી છે, કર્તવ્યમાં ન્યૂનતા અધિકતા હોય પણ માન્યતામાં કે ફળદાયકપણામાં એક સરખી સ્થિતી હોવી જોઇએ. ફક્ત મને આમાં વીર્યોલ્લાસ થાય છે ને આમાં થતો નથી પણ આ અસંખ્યાત ધર્મયોગને તે રત્ન સમાન ગણે. ધર્મના અસંખ્યાત યોગો ને રત્નની કોટિમાં મૂકે. ધર્મ એજ રત્ન છે, ધર્મજ રત્ન છે. ધર્મ સિવાય બીજા રત્ન છેજ નહિં. ધર્મ સિવાય બીજી જગોએ રત્ન બુદ્ધિ ન થાય. આ સ્થિતિ આવે તો તેનો અર્થી થાય એટલે માગણ–યાચક નહીં પણ તે મેળવવા મથનારો. એક વસ્તુ માટે અર્થી થયો હોય ને તે ન મળે ત્યાંસુધી અગર ન મળે તો કેમ થાય છે ? જેમ તમે અર્થી બન્યા હો, લેવાના નિશ્ચયમાં આવ્યા હો, તો કેવો નિશ્ચય થાય છે, તેનેજ મેળવવાની ઈચ્છા.

### ધર્મ–રત્નની માંગણી.

ધર્મરત્ન માંગવાથી મળી જાય નહીં. માંગવાથી મીઠું મરચું પણ મળે, રત્ન માંગવાથી ન મળે. મોતીના ૧૦૦ દાણા લ્યો છતાં એક પણ દાણો માંગ્યો તુગ્યો ન હોય. દુનિયામાં કીંમતી ચીજ માંગી તુંગી ન મળે તો ધર્મ જેવી કિંમતી ચીજ

---

અનાદિ કાળથી ભવ્યજીવોને સ્પર્શનાદિ ઈંદ્રિયોથી થયેલા સુખનું જ્ઞાન છે. કલ્પી ન શકાય તેવું આત્મસ્વરૂપ તે તમે ભવ્યોને હંમેશા કહો છો ॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

માંગી તુંગી શી રીતે મળે ! માટે તેને લેવાની ઇચ્છાવાળા થાવ, એને લાવવાની ઇચ્છા કરો, કેરી કેળામાં પણ બેઠા માંગો તો ન મળે. જેવી તેવી ચીજોનો પણ બહાર રહ્યો ભાગ લઈ શકતો નથી, તો ધર્મ જેવી ચીજ માટે પોતે પ્રયત્ન ન કરે તો ક્યાંથી મળે ? માટે ધર્મરત્ન મેળવવા ઈચ્છાવાળાએ લેવાની ઈચ્છા કેમ થાય છે, મળે છે કઈ રીતે ટકે છે કઇ રીતે ? અને તે ઈચ્છાવાળાનું વર્તન અને જીવન કેવાં હોય ? તે અગ્રે વર્તમાન.

## વ્યાખ્યાન પાંચમું

## પડવાના ભયે દીક્ષા ન રોકાય

શાસ્ત્રકાર મહારાજા ભવ્યજીવોના કલ્યાણાર્થે ધર્મોપદેશ આવતાં એક વાત વારંવાર જણાવી ગયા છે કે–આ આત્મા પડે તેથી તેણે ચઢવાનું માંડી વાળવાનું નથી. બાળકો નિશાળે બેસે છે, ત્યારે તેઓ ભણવાનો આરંભ કરે છે. તેઓ શાળામાં જેટલું ભણે છે તે સઘળું કાંઇ તેઓ યાદ રાખી શકતા નથી. ઘણું ખરૂં ભણેલું તેઓ ભૂલી જાય છે, પરંતુ તેથી કોઈ એવો ઠરાવ કરી શકતું નથી કે જે ભૂલે છે તેમને ભણાવવા જ નહિ. જો કોઇ સ્થળે એવો કાયદો થાય કે ભૂલે એવા વિદ્યાર્થીને ભણાવવાજ નહિ, તો તેનું પરિણામ એજ આવે કે સ્થળે સ્થળે નિશાળોને તાળાં જ પડે અને નિશાળો જ જ્યાં બંધ થાય એટલે ભૂલનારા તો ભણવાના બંધ જ થાય. પરંતુ તેની સાથે ન ભૂલનારાને પણ

---

હે વીતરાગ ! તમને ઈચ્છા નથી આશ્રય કરનારને ત્યાગ બતાવો છો તો ખરેખર તમારા શાસનમાં સેવ્ય–સેવકભાવ વૃથા કહ્યો નથી ॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ભણતા બંધ થવું જ પડે આ સ્થિતિ ન ઉભી થાય તે માટે સમજુ માણસોની એ ફરજ છે કે તેમણે ભૂલનારાને માટે પણ જે પ્રમાણે ભણનારાને માટે શાળામાં દાખલ થવાપણું અને શાળા ચાલુ રાખવાપણું છે તે પ્રમાણે રાખવું જોઈએ.

એજ પ્રમાણે તમારે શાસનક્ષેત્રમાં પણ સમજવાનું છે. જેઓ ક્ષાયોપશમિક ભાવવાળા આત્માઓ છે તેઓ ચઢતે ગુણ-સ્થાનકે પહોંચેલા નથી. તેવા આત્માઓને ક્ષાયોપશમિક ભાવ રહેવાનો જ અને તેમને દૂષણ તથા અતિચાર આદિ પણ સહન કરવા પડે એવો સંભવ પણ રહેવાનો જ. ક્ષાયોપશમિકભાવ અતિચાર-પતનના સંભવવાળો છે તેથી જ અહીં દૂષણવાળાની હસ્તી પણ સંભવિત છે, આ જગતનો કોઈ પણ જીવ પડયા વિના એકદમ સીધો જ પરમપદે પહોંચી ગયો હોય એવું બન્યું જ નથી. કદાચ કોઈ પડયાં વિના પણ પરમપદે પહોંચી જનારા તરીકે મરૂદેવી માતાનું ઉદાહરણ આપશે તો તેણે સમજવાનું છે કે-મરૂદેવામાતા પડયા વિના પરમપદે પહોંચી ગયાં એ એક જગતના પ્રવાહનો અપવાદ અથવા તો આશ્ચર્ય જ છે, પરંતુ જે આશ્ચર્ય છે તેને આધારે વ્યવહાર નક્કી કરવો એ અશકય છે. મરૂદેવીમાતાના પરમપદગમનને શાસ્ત્રકાર મહારાજાઓએ પણ આશ્ચર્ય ગણ્યું છે, એટલે સિદ્ધ-નક્કી થાય છે કે જગતમાં કોઈપણ જીવ પડયા વિના પરમપદે પહોંચતો જ નથી.

આપણા સઘળા તીર્થંકર ભગવાનોના વૃત્તાંતોને તપાસીશું તો તે ઉપરથી પણ એજ વાત સિદ્ધ થાય છે કે-કોઈપણ તીર્થંકર ભગવાનો ચારિત્ર લીધા વિના જ મોક્ષે ગએલા અથવા તીર્થંકર-પદની પ્રાપ્તિવાળા થયા નથી ત્યારે બીજી તરફ વિરાધકો તો

લોકો સંસારમાં જન્મ-જરા-મરણથી થતા દુઃખને કેમ જોતા નથી? કે જે તેઓ, તેનાથી ઉદ્વિગ્નતાને ધારણ કરતા નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પહેલા ભાવથી જ પાકતા આવેલા છે! તીર્થંકર ભગવાનો પણ પડયા વિના જ પરમપદને પામ્યા છે એવું જો કોઈ કહેતું હોય તો તેનું એ કથન અસત્ય છે. તીર્થંકર ભગવાનોમાંનાં કેટલાક ચારિત્ર લીધા પછી દેવલોકે ગયા છે એનો અર્થ એ છે કે–તેમને મોક્ષ મેળવ્યા પહેલાં ચારિત્ર છોડવાપણાની પ્રાપ્તિ થએલી જ છે. જે ભવમાં પોતાને સમ્યક્ત્વની પ્રાપ્તિ થએલી હોય તેજ ભવમાં પોતે મોક્ષે ગએલા હોય એવું એકપણ તીર્થંકરના સંબંધમાં બન્યું જ નથી. અને તેમણે જે ભવમાં ચારિત્ર લીધું તેજ ભવમાં તેમને મોક્ષ મળ્યો હોય એમ પણ થવા પામ્યું જ નથી. તીર્થંકર ભગવાનોની ભવના ક્ષયે પડવાની વાત દૂર રાખી હવે આપણે વર્તમાન ભવ ઉપર આવીએ.

આજ સુધીના સઘળા તીર્થંકર ભગવાનના જીવનને તપાસીએ તો માલમ પડે છે કે–કોઈપણ તીર્થંકર ભગવાન્ અપ્રમત્ત થયા વગર કેવળજ્ઞાની થયા નથી. પ્રમત્ત અને અપ્રમત્ત ચારિત્ર એ બંને હિંચકા જેવા છે. ચારિત્ર લીધા પછી દૂષિત થવા માત્રથી ચારિત્રને જ અયોગ્ય કહી દઈએ તો તો આ જગતમાં એકે ચારિત્ર બને એવું જ નથી. પોતાનું પતન ન થાય એ તો દરેકને હંમેશાં ઇષ્ટ હોય છે. પોતાનું પતન ન થાઓ એમ બધા ઇચ્છે છે, પરંતુ તેટલા માત્રથી એવો નિયમ બાંધી શકાતો નથી કે–જે ચારિત્ર લીધા પછી ન પડી શકે એવી ખાતરી હોય તેનેજ ચારિત્ર આપવું અને બીજાને આપવું જ નહિ. સાધારણ વાતોથી તમે આ બાબત તપાસશો તો પણ તમારી ખાતરી થશે કે પતનના ભયથી દીક્ષા જ બંધ કરવી જોઈએ એમ કહેવામાં તદ્દન

---

'હું જગતનો સંસાર સમુદ્રથી ઉદ્ધાર કરૂં' આવું પહેલાં નિશ્ચિત કરીને જિનનામકર્મ બાંધ્યું તે જિનનામના પ્રભાવથી દેવેન્દ્રોથી પૂજ્ય તમે થયા. મારો ઉદ્ધાર કર્યો નહિ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જંગલીપણુંજ રહેલું છે. તમે પહેલવહેલાં એકાસણા આપો છો. એ એકાસણા પણ ભાંગે છે પરંતુ એકાસણા ભાંગે છે માટે તે આપવાજ નહિ એવો નિયમ તમે ઠરાવી શકતા નથી. જેમ અહીં તમે નિયમ ઠરાવી શકતા નથી તેજ પ્રમાણે દીક્ષાના સંબંધમાં પણ તમે એવો નિયમ બાંધી શકો નહિ કે જે દીક્ષામાં પતન ન થાય એવું હોય તેજ પ્રસંગમાં દીક્ષા દઇ શકાય છે.

દીક્ષા આપવાના સંબંધમાં તપાસવાની વસ્તુ એ છે કે દીક્ષા લેનાર અને દેનાર એ બંનેના પરિણામો ચોક્ખા હોવા જોઇએ. દીક્ષા સંબંધીનો નિર્ણય પરિણામ ઉપર આધાર રાખે છે, પરંતુ તેનો આધાર ફળ ઉપર રહી શકતો નથી. ફળનો નિશ્ચય કરીને તો આ જગતમાં કોઇપણ કાર્ય બની શકતું નથી. તમે આંબાનું ઝાડ રોપો છો, એ વખતે તમે તેના ફળનો નિર્ધાર કરી શકતા નથી. કોઈપણ સારૂં કાર્ય આરંભો તેથી તમે તેના ફળનો વિચાર કરી શકતા નથી, એજ પ્રમાણે દીક્ષા આપવાનાં સંબંધમાં પણ જો વિચાર કરી શકાતો હોય તો માત્ર પરિણામોનોજ વિચાર શકય છે, ફળનો વિચાર કરવો એ વાસ્તવિક છેજ નહિ. એથીજ ભગવાન્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા સાહેબ કહે છે કે ક્ષાયોપશમિકભાવ વિના ક્ષાયિકભાવ કોઈપણ દિવસ આવી શકવાનોજ નથી. ભગવાન્ હરિભદ્રસૂરીશ્વરજીના આ વચન પરથી પણ એજ સિદ્ધ થાય છે કે ભૂલવાનો સંભવ જોઇને ભણાવવાનુંજ બંધ કરવાનું જેમ બની શકે એમ નથી તેજ પ્રમાણે પતન થશે. દીક્ષા લીધા પછી લેનારો આત્મા તે છોડી દેશે એવા ભયથી દીક્ષા આપવાની પણ બંધ કરી શકાતીજ નથી.

---

સંસારનું મૂળ કર્મ છે અને કર્મોની ઉત્પત્તિ મોહથી છે. મોહનું મૂળ સંગ છે. એમ જાણતો શું સંગવાળા પરબીજાઓ કર્મનો નાશ કરવા સમર્થ છે? અર્થાત્ નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આજ વસ્તુ પંચવસ્તુમાં વિસ્તારપૂર્વક સમજાવવામાં આવી છે અને ત્યાં પણ આજ વાતનું પ્રતિપાદન થયું છે કે દીક્ષા લીધા પછી લેનારો આત્મા મલિન થશે, પતિત થશે, તે દીક્ષાનો ત્યાગ કરવા તૈયાર થઈ જશે એવી શંકાઓથી દીક્ષા આપવાની કદી ટાળી શકાતીજ નથી. પતિત થવાનો ભય કોને રહે છે અને એ ભય કયારે ઉભો થાય છે તેનો સહેજ વિચાર કરશો તો વ્યવહારથી પણ તમોને આ વાતની ખાતરી થશે. જે માણસ ઘોડા ઉપર ચઢે છે તેજ માણસને નીચે પડવાનો ભય ઉભો થાય છે, પરંતુ જે કદી ઘોડા ઉપર ચઢયોજ નથી, તે પડવાનો છે એ કેવી રીતે કહી શકાય? વળી મહાવીર ભગવાન્ જેવાની પાસે દીક્ષા લેવાની હોય તો તો તેઓ અમુક આત્મા ચારિત્ર લે છે તો તે પાળશે કે કેમ એ વાત પણ પોતાના જ્ઞાનના બળથી જાણીજ શકે, પરંતુ જેઓ એવું જ્ઞાન ધરાવતા નથી એવા સાધુ મહારાજાઓ કોઈ વ્યક્તિ દીક્ષા લેવા આવી તો હવે તે દીક્ષા લેનાર દીક્ષા ટકાવી રાખશે કે પતિત થશે એ કેવી રીતે જાણી શકે વારૂ? અને એમજ થાય તો તો તેનું પરિણામ એ આવે કે આપણે દીક્ષા લેતાજ અટકી પડીએ. વળી યાદ રાખવાનું છે કે પોતાના જ્ઞાનથી ચારિત્ર લેનારો અમુક આત્મા પતિત થનાર છે એવું જાણવા છતાં પણ ભગવાન્ મહાવીરે તેવા આત્માને પણ દીક્ષા આપવાની ના નથી પાડી પરંતુ દીક્ષારૂપી અમૃત તેવાને પણ આપ્યુંજ છે.

વ્યવહાર અને ધર્મશાસ્ત્ર બન્ને આ વાતનું પ્રતિપાદનજ કરે છે કે દીક્ષાથી પડશે, દીક્ષા લેનારો દીક્ષાનો ત્યાગ કરશે, તે

---

હે નાથ! તમે જગતનો ઉદ્ધાર કરો છો તે પહેલાં ભોળા સુર અસુરોએ તમને સમગ્ર ભાવથી પૂજ્યા. તેનું ફળ જગતમાં શોભે છે, અર્થાત્ ફલ એકાન્તિક માનેલું છે. ॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દીક્ષા પાળી શકવાનો નથી એવા વિચારોએ દીક્ષા આપવાનો કદી પણ નિષેધ થઈ શકતોજ નથી. આજ કારણથી સાધુ બકુશકુશીલ વગેરેએ લીધેલી દીક્ષાને શાસ્ત્રે માન્ય રાખી છે અને તેમના સાધુપણાને સાધુપણા તરીકે માન્ય રાખ્યું છે. કેટલાક આત્માઓ એવી શંકા કરે છે કે બકુશકુશીલના સાધુપણાને સાધુપણું ન માનવું જોઈએ. શાસ્ત્રકાર મહારાજાઓ આ વાત સાથે મળતા થવાની ના પાડે છે, બકુશકુશીલના સાધુપણાને સાધુત્વ માનવાનું છે તે બીજા કશાથીજ નહિ, પરંતુ એક માત્ર नैर्ग्रंथ्यं प्रति प्रस्थिताः એ મુદ્દાથીજ ત્યાં સાધુપણું છે એ વાત માનવાની છે. શાસ્ત્રકાર મહારાજાઓ સ્પષ્ટ રીતે ફરમાવે છે કે દૃષ્ટિ. ક્ષપકશ્રેણી, ઉપશમશ્રેણી, પરમપદ વગેરે જેના ધ્યેય તરીકે રહેલાં છે તેઓ સાધુજ છે. જો આ સઘળી વસ્તુઓને ધ્યેય તરીકે માનનારો સાધુ પગથીયું ચૂકી ગયો હોય તો તેને પાસથ્થા કુશીલિયા તરીકે માનવાના છે પરંતુ છતાં તેનું સાધુપણું તો શાસ્ત્રે નિર્વિવાદ રીતે સ્વીકારેલુંજ છે.

એક બંદરેથી બંને સ્ટીમરો પોતપોતાના ધારેલા બંદરો તરફ જવા ઉપડે છે. એક સ્ટીમરનો વેગ સારો હોય, તે ઝપાટામાં ચાલનારી હોય, ગમે તેવી સારી ગતિવાળી હોય, પરંતુ જો તે સ્ટીમરની સોય અવળી થઇ ગએલી હશે તો એ સ્ટીમર બંદરે ન પહોંચતાં તે ખરાબામાં જઈને ભાંગીજ જશે! અને જે સ્ટીમરની સોય સીધી હશે તે સ્ટીમર કદાચ તેનો

---

તમારો આગમ સર્વ પ્રાણીઓને હિતનો ઉપદેશ કરે છે તમારી આકૃતિ સ્ત્રી–શસ્ત્ર–માલાથી રહિત છે, તમારૂં વચન સમસ્ત પ્રાણીઓના ઉદ્ધારને કરનારૂં છે. છતાં ખરેખર ખેદની વાત છે કે આખું જગત્ તમને કેમ પૂજતું નથી? અર્થાત્ જગતે તમારી પૂજાજ કરવી જોઈએ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વેગ ઓછો હોય તો પણ ધારેલે બંદરે પહોંચી જશે! સીધી સોયવાળી સ્ટીમર પોતાની ગતિ ધીમી હશે તો પણ પહોંચી જાય છે તો પછી જો એ સ્ટીમરની ગતિ પણ તેજદાર હોય તો તો પછી પૂછવુંજ શું? હવે આ દેહરૂપી સ્ટીમરની સોય તે કઈ વસ્તુ હશે એ વાતનો વિચાર કરો. જે નિર્ગ્રંથપણાની ધારણા છે એજ સોય છે. આ સોય જે સ્થળે સહીસલામત છે તે સ્ટીમરની ગતિ થોડી હોય તો પણ તે સ્ટીમરનો બેડો પાર છે કારણ કે ધીમે ધીમે કરતાં લાંબે વખતે પણ તે સ્ટીમર બંદરે આવીને અટકશે, પરંતુ જે સ્ટીમરની સોયજ ફરી ગઈ હશે તે સ્ટીમર તો કદીપણ પોતાનું ભાવિ સુધારી શકવાની નથી અથવા તો બંદરે જઈ શકવાની નથી.

શાસ્ત્રકાર મહારાજાઓનો આજ સિદ્ધાંત અને સત્ય વસ્તુ હોવાથી જ પુલાક બકુશ કુશીલ એ બધાને ભાવનિર્ગ્રંથ ગણ્યા છે. અર્થાત્ તેઓ ભાવસાધુ ગણાયા છે, પરંતુ તેમને દ્રવ્યસાધુની કોટીમાં લીધા નથી, જો દૃષ્ટિ નિર્ગ્રંથ-પણા ઉપરજ હોય-સોય બરાબર હોય તો એ સાચી સોયવાળો સાધુ તે સાધુ ગણાવાને માટે સર્વથા લાયકજ છે, પરંતુ જો ત્યાંથી દૃષ્ટિ ફરી જાય તો પછી તે સાધુ તે સાધુ નહિ પણ કુસાધુ અને કુગુરુજ છે. પુલાક કુશીલ બકુશના સાધુત્વને સાધુત્વ માનવાનું કારણ એ છે કે તેમનો આધાર તેમનું લક્ષ્ય એ સહુ કાંઈ નિર્ગ્રંથપણાની ધારણાજ હતું. હવે બીજી એક ખાસ વાત યાદ રાખવાની છે તે એ છે કે નિર્દૂષણયુક્ત, શુક્લ-

---

જગતમાં તમેજ એક શરણને આપનારા છો તે શરણનો અર્થી હું તમારી પાસે આવ્યો છું. તમારૂ વચન હે અરિહંત! જગતનો ઉદ્ધાર કરવામાં સમર્થ છે તો પણ મારો કેમ સંસારથી બેડો પાર ન થયો:

લેશ્યાવાળું ચારિત્ર, અવિરાધનાવાળું સાધુપણું, આ સઘળું હોય તો પણ તે પાળનારો આત્મા જો અભવ્ય હોય તો તેને ગુરુપણાની લાઇનમાં સ્વીકારવામાં આવ્યો નથી. એવાઓની સ્ટીમર તૂટેલી સોય વડેજ દોડી રહેલી છે એમ માનવાનું છે. જે અભવ્યો છે, જે મિથ્યાદૃષ્ટિઓ છે તેઓ ચારિત્ર પાળે, શુક્લલેશ્યાવાળું ચારિત્ર પાળે, અને ક્રોડપૂર્વ સુધીનું ચારિત્ર પાળે તો પણ એ ચરિત્ર તે મોઢે તેલ ઘી લગાડ્યા જેવું છે.

જે માણસ પોતે તેલ ઘી ખાય છે તેના તે તેલ ને ઘીથી તેના મોઢા ઉપર એક દહાડામાંજ ચીકાશ અને ચળકાટ આવી જતા નથી પરંતુ જો કોઇ માણસ દરરોજના પાશેર ઘીને હિસાબે આખો માસ ઘી ન ખાતાં એક આંગળી ભરીને ઘીજ જો મોઢે લગાડી દે છે તો તેના મોઢા ઉપર તરતજ ઘીનો ચળકાટ આવી જાય છે, તેજ પ્રમાણે અભવ્યોનું સાધુપણું એ ચળકતુ-દેખાવનું સાધુપણું છે જેઓ પૌદ્‌ગલિક ઇચ્છાને આધીન થઈને, સાધુઓની મહાનતા જોઈને પોતે પણ મુનિ થઈ જવું એવી ઇચ્છાથી અને પૌદ્‌ગલિક ભાવથી દીક્ષા લે છે તેમનું સાધુપણું એ ચળકાટ મારતું સાધુપણું હોઇ તે માત્ર એવા આત્માઓને નવગ્રૈવેયક સુધી લઈ જાય છે. આથીજ પુણ્યપ્રકૃતિને અંગે દ્રવ્યચારિત્ર કરતાં સમ્યક્ત્વને હલકું ગણવામાં આવ્યું છે, અથવા તો તે ચારિત્રને ઘણું ઉત્કૃષ્ટ માનવામાં આવેલું છે પરંતુ એ ચારિત્રની ઉત્કૃષ્ટતા તે જગતને દર્શાવવા માટે બહારથી ડોળ રૂપે કરેલી ઉત્કૃષ્ટતા છે ભવ્ય છે તે સમ્યક્ત્વ પામ્યો છે પરંતુ તેનું સાધુપણું દ્રવ્યથી છે.

**સમકીત છતાં દ્રવ્યસાધુપણું કેમ?**

વૈદ્ય કાંઇ દુઃખી થતો નથી પણ રોગી દુઃખથી પૂર્ણ હોય છે. પરંતુ વૈદ્યે કરેલી ક્રિયા રોગીના ભાગ્યથી ફલ આપનારી થાય છે ॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હવે આ વાત સાંભળ્યા પછી તમોને એવી આશંકા થવા પામશે કે સમ્યક્ત્વધારી જીવ જો ચારિત્ર પામે છે તો તેનું તે ચારિત્ર એ દ્રવ્યસાધુપણું અથવા દ્રવ્ય ચારિત્ર કેમ બનવા પામે છે? જે જીવ સમકીતિ જીવ છે તેવો જીવ પણ પોતાની ઇચ્છા ન હોવા છતાં વગર ઇચ્છાએ જગતની દેખાદેખીએજ ચારિત્ર લે, તો તે ચારિત્ર એ દ્રવ્યચારિત્રજ ઠરે છે. ધારો કે એક સ્ત્રી છે. તે સતી છે. સતી થવાનો કુલાચાર પડ્યો છે એટલે તે સતી થાય છે. એ સ્ત્રી પોતે એમ તો માને છે કે ધણી પાછળ બળી મરવું એ સારૂં છે, પરંતુ તેની બળી મરવાની ઇચ્છા નથી. વસ્તુ સાચી માને છે, વસ્તુ જરૂરી માને છે, વસ્તુ યોગ્ય છે એમ માને છે, પરંતુ તે છતાં એ વસ્તુને આદરવાની પોતાની ઇચ્છા ન હોય અને માત્ર કુળાચારેજ એ વસ્તુને અનુસરવું પડે તો તે દ્રવ્યપણે થયો. જે સ્થળે જૈનોની પ્રચંડ જાહોજલાલી ચાલતી હતી તે વખતે પ્રાચીનકાળમાં ઘણે સ્થળે એવું બન્યું છે કે જો ધણી (રાજા) દીક્ષા લે તો તેની પાછળ તેની રાણીઓ, પ્રધાનો, અનુચરો વગેરે પણ દીક્ષા લેતા હતા. જ્યાં આગળ આવી પદ્ધતિજ પડી જાય છે ત્યાં આગળ તમો ધર્મ કોને કહેશો તે તમારે વિચારવાની વાત છે.

પતિપત્નીનો ધર્મ વિચારીએ તો તેમનો એ ધર્મ જ છે કે પતિને પત્નીએ દુઃખ સુખમાં અનુસરવું જ જોઈએ. કરોડાધિપતિ પુરૂષને તેની પત્ની પરણ્યા પછી કોઈ સંયોગોમાં ઘણી ગરીબ થઈ જાય–રંક થઈ જાય અથવા હાથે પગે અપંગ બને તો કુલીન સ્ત્રી તેને એમ ન કહી શકે કે હું તારા ઘરની સુખ

હંમેશાં પંડિતો વડે લોકોને ઉપદેશ કરાય છે કે પૂર્વે કરેલાં કર્મો અવશ્ય વેદવાના છે. પરંતુ તે પંડિતો વેદનાને જાણતા નથી. વેદન વખતે તે પંડિતો રહેતા નથી કાયર થાય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સાહ્યબી અને નોકરચાકરોને જોઈને તને પરણી હતી, હવે તેમાંનું કાંઇ નથી એટલે મારે તારી સાથે કશી લેવાદેવા નથી. અથવા કુલીન સ્ત્રી પોતાના ધણીને એમ ન કહી શકે કે હું તો તારી નીરોગી દેહ સાથે પરણી હતી, હવે આ રોગી દેહ સાથે મારે કાંઈ લેવા દેવા નથી. સ્ત્રીની અધમ વાંચ્છનાઓ જે પુરી પાડી શકે તેજ ધણી જો તે એવી ઇચ્છાઓને પુરી ન પાડી શકે તો તેને ગણવાનો નથી એવા શબ્દો કદાપિ પણ કુલીન સ્ત્રીના મોઢામાંથી નીકળતા નથી. અને જો એવા શબ્દો સ્ત્રીના મોઢામાંથી નીકળતા જુઓ તો તે કુલીન સ્ત્રીજ નથી. આર્યપતિપત્નીનો ધર્મ એ પાશ્ચિમના વિષયી લોકોના જેવો એક બીજાનો વિષય પુરો પાડવાના કોન્ટ્રાક્ટો નથી અથવા તો તે આજના કહેવાતા સુધારકો કહે છે તેવા સમાન હકના કોલકરારો પણ નથી. હિંદુલગ્ન, આર્યલગ્ન તો એટલા માટે જ છે, ચારિત્ર બધા આત્માઓને માટે અશકય હોય–ચારિત્રને ન અનુસરી શકાતું હોય તેને જ માટે લગ્ન છે. મુખ્ય ધર્મ તો અખંડ બ્રહ્મચર્ય–અખંડ ચારિત્ર એજ છે. આવા લગ્ન વડે પરણેલી આર્યલોહીવાળી સ્ત્રીઓ સતીધર્મ પાળવા અને પતિની સેવા અનુકૂળતા સાચવવાજ બંધાએલી છે. નહિ કે છૂટાછેડાનો દાવો માંડવા.

ધન્નાજીના પ્રસંગમાં એની પત્ની તળાવની માટી ઉઠાવે છે તે સમયે તેના ભાવો કેવા હશે તેનો વિચાર કરો. ધન્નાજીની સ્ત્રી ધન્નાજીને કાયદો બતાવતી નથી. તે જાણે છે કે હું પતિના હુકમને પરણેલી છું અને તેથી પતિની આજ્ઞાને માન્ય રાખવી એ મારો ધર્મ છે. જે સમયે કુલીન સ્ત્રીઓ આવી સ્થિતિએ

હૃદયમાં ઘણી ચિંતા પણ હોય સહકારીના યોગથી વિચિત્ર પ્રયત્નો પણ હોય તો પણ લાભ તો તેટલો જ થાય છે કે જેટલો પોતાના કર્મના યોગથી મળવાનો હોય ॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રહેતી હોય અને પતિ જે કરે તેને અનુસરવામાં જ પોતાનો ધર્મ માનતી હોય તે વખતે પતિ દીક્ષા ધારણ કરે તો સ્ત્રીઓ પણ પતિની સાથેજ દીક્ષા લેતી હતી, રાજા દીક્ષા લઈને દીક્ષિત થાય, તો તેની સાથેજ આખો રાણીવાસ પણ દીક્ષા લેતોજ હતો. હવે રાજાએ દીક્ષા લીધી હોય અને તે પ્રસંગમાં રાણીવાસ આખોજ દીક્ષિત થાય તો તે રાણીવાસની બધીજ રાણીઓમાં એકજ સાથે બધાને સરખો જ ભાવ થવા પામ્યો છે એમ તો નજ બને. આ રાણીઓમાંથી બધીજ રાણીઓને દીક્ષા લેવાનો ભાવ ન થયો હોય અથવા તેમને દીક્ષા પરત્વે અરૂચિ હોય અને તે છતાં તેમણે દીક્ષા લીધી હોય; તોય એટલી વાત તો ચોક્કસજ હતી કે તેઓ દીક્ષા એ વસ્તુ સારી છે એવું તો માનતાજ હતા. એજ પ્રમાણે વસ્તુને અથવા માર્ગને ઉત્તમ જાણ્યાં છતાં ઉત્તમ આચાર પણ અરૂચિએ આચરવો પડે તો તે દ્રવ્યચારિત્ર છે. વધારે સ્પષ્ટ રીતે કહીએ તો જે સમકીતિ આત્મા દીક્ષા સારી છે, તે કલ્યાણ કરનારી છે, મોક્ષ આપનારી છે, એમ જાણે અને તે છતાં અરૂચિએ દીક્ષાનો અંગીકાર કરે તો તે દીક્ષા એ દ્રવ્યચારિત્ર છે.

પર્યુષણાપર્વનો સંવત્સરીનો મહાપવિત્ર દિવસ! એ દિવસે ઉપવાસ કરવો એના જેવું મહાપવિત્ર બીજું કાર્ય નથી. એ ઉપવાસ કરવો સારો છે એમ સમકીતિ માને, તે છતાં હૃદયના ઉલ્લાસથી જો તેણે ઉપવાસ ન કર્યો અને દેખાદેખીથી કર્યો. તો તે કાર્ય એ દ્રવ્યક્રિયા થઈ. દ્રવ્યદેશવિરતિધર્મ અથવા દ્રવ્યસર્વ-વિરતિધર્મ પુણ્ય પ્રકૃતિને તો વધારી મૂકનારોજ બને છે, પરંતુ

હે જિન! તમારી આજ્ઞા રૂપી અમૃતના પાનથી પુષ્ટ એવો સુગતિનો પ્રકામી-ઈચ્છુંક આ જન હમેશાં સ્વપ્નમાં પણ કુભક્ત-કુભોજન માની કુમાર્ગના પ્રવાદોને કોઇપણ વખત ઈચ્છતો નથી.

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

દ્રવ્યધર્મ એ રસાયણની ગરજ સારતો નથી. સમ્યકૃત્વ જેમ આત્માની અંદર ઉતરીને રસાયણની ગરજ સારે છે. તે પ્રમાણે દ્રવ્યચારિત્ર એ રસાયણની ગરજ સારતું નથી, અને તે આત્માની અંદર ઉતરીને આત્માનો જીવનપલટો કરાવતું નથી. જે ચારિત્ર સમ્યકૃત્વ વિનાનું છે તે પણ નિષ્ફળ જાય છે એમ સમજવાનું નથી. જે દ્રવ્યચારિત્ર છે તે પણ પુણ્યપ્રકૃતિને તો વધારનારૂંજ છે. બહારથી લગાડેલું ઘી જેમ ચળકાટ મારે છે તેમ દ્રવ્યચારિત્ર એ બહારથી ચળકાટ મારનારી વસ્તુ છે, જ્યારે ભાવચારિત્ર એ મોક્ષે લઈ જનારી વસ્તુ છે જે કોઈ આત્મા અતિચાર રહિત થાય, લાંબો કાળ એ રીતે અતિચાર રહિત થઈને શુક્લલેશ્યા સહિતનું ચારિત્ર પાળે તે છતાં જો તે આત્મા સમકીતિ ન હોય તો તે મોક્ષ માર્ગે દોરાતો નથી. આથીજ 'દસંણ ભટ્ટો' એ શબ્દો મૂકીને જણાવ્યું છે કે જે આત્મા ચારિત્રથી ખસે છે તે આત્મા મોક્ષ-માર્ગથી પણ દૂરજ જાય છે. આ સઘળી ચર્ચા ઉપરથી જે સિદ્ધાંત નીકળે છે તે એ છે કે:– "જે સમ્યકૃત્વ ચૂક્યો તે મોક્ષમાર્ગ ચૂક્યો." હવે બીજી વાત આ ઉપરથી તમારે એ ધ્યાનમાં લેવાની છે કે જે આત્મા સ્થિતિના ભાગનો અને સંયોગનો વિચાર કરવામાં કચાશવાળો હોય તે આત્મા મોક્ષ-માર્ગમાં ચાલતો હોય તો પણ માર્ગ ચૂકેલોજ છે. મોટો રસ્તો કેટલીક વખત અથડાવાનો થાય છે. તે રસ્તો પ્રવાસીને ખેતર વગડામાં કેમ ફસાવી નાખશે તેનો ભારે ભય રહે છે. એજ પ્રમાણે મિથ્યાત્વી અભવ્યઆત્માઓ સમ્યકૃત્વ છતાં દ્રવ્યવિરતિના ધારક હોવાથી તેઓ ખેતરરૂપ સંસારમાં અને નહિ તો છેવટે નવગ્રૈવેયકમાં રખડી પડે છે. એજ પ્રમાણે આ જગતમાં દ્રવ્ય-

---

આ બધા ધર્માથી પ્રવાદો કામ આદિને અત્યંત આત્માના શત્રુ પણે માને છે. તે કામ ક્રોધ આદિથી પૂર્ણ એવા દેવ–ગુરૂઓને મુમુક્ષુઓ કેમ સ્વીકારે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દેશવિરતિ, દ્રવ્યસર્વવિરતિ ઈત્યાદિ જે જે દ્રવ્યક્રિયાઓ છે તે જે જે સીધી લાઇન વિનાના છે, માર્ગ વિનાના છે, તે બધા મોક્ષભૂમિથી આત્માને દૂર હડસેલી કાઢનારા છે, અને આવી દ્રવ્યક્રિયાઓના ધારકો તે કદી પણ મોક્ષમાર્ગમાં ચાલી શકવાના જ નથી. ખેતરપાધરનો રસ્તો માણસને ક્યારે ભૂલાવીને ચક્કરે ચઢાવી દે છે તેનો કાંઈ પત્તો લાગતો નથી, તેજ પ્રમાણે અભવ્ય મિથ્યાત્વીઓના ચારિત્રનું પણ સમજવાનું છે. અર્થાત્ અભવ્ય મિથ્યાત્વીઓનું ચારિત્ર તે ખેતરપાધરનો મોક્ષમાર્ગ છે અને સ્વરૂપનિશ્ચય એ સીધો મોક્ષમાર્ગ છે.

આત્માને સૌથી પહેલાં સ્વરૂપનો નિશ્ચય થવાની જરૂર છે. તમે કોઈ વસ્તુને ખરીદવા જાઓ તે પહેલાં પણ તમારે એ ચીજનું સ્વરૂપ જાણવું પડે છે. જે ચીજ તમારે ખરીદવાની છે તે ચીજનુંજ જો તમોને નામજ ન આવડતું હોય તો જગલાને બદલે ભગલાનેજ પરણાવી આવો. આમ ન થાય તે માટે તમારે સૌથી પહેલું વસ્તુનું સ્વરૂપ, આત્માનું સ્વરૂપ જાણવાની જરૂર છે. હવે એ સ્વરૂપ તમારે શી રીતે જાણવું તે સમજો. તમે પોતે આ જગતમાં તમારી મેળેજ કોઈ વસ્તુના જાણકાર બનીને અવતરતા નથી, પરંતુ તમોને જન્મપરંપરાના સંસ્કાર અને તમારા પુરોગામીઓના અનુભવ ઉપરજ આધાર રાખવો પડે છે. તમે વસ્તુની પરીક્ષા જેના વચન ઉપર નિર્ભય રહીને કરી શકો એવો માણસ તે વસ્તુ પરત્વેનો પારગામીજ હોવો જોઈએ. મિયાંભાઈનો લડકો અહિંસાનું શાસ્ત્ર ન રચી શકે. એ પ્રમાણે તમારે આત્માનું સ્વરૂપ જાણતાં પહેલાં આત્માના વિષયના પારગામીઓની મદદ લેવાની છે.

---

ખરેખર કાર્યને અનુકૂલ કારણો હોય એવો સર્વઠેકાણે વિદ્વાનોનો પ્રવાદ છે. નિરંજન નિરાકાર એવું મોક્ષપદને પ્રાપ્ત કરાવાની ઇચ્છાવાળો મનુષ્ય કેમ અરિહંતનો ઉપાસક ન થાય?

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એ વાત તો તમોને નવેસરથી કહેવાની જરૂરજ નથી કે આ જગતમાં જો કોઈ આત્માના સંશોધક, તેના દૃષ્ટા અને તેને પ્રત્યક્ષ અનુભવનારા હોય તો તે ભગવાન્ તીર્થંકરદેવો છે. તીર્થંકરદેવોએ પોતે આત્માને જોયો હતો, તેમને આત્મા ને અનુભવ્યો હતો, આત્માનું જ્ઞાનરૂપ તેમણે સિદ્ધ કર્યું હતું અને આ બધું તેમણે જ્ઞાનથી જોયું હતું. અર્થાત્ આત્માના વિષયમાં આ ત્રણે લોકમાં ભગવાન્ તીર્થંકરદેવો પૂર્ણ છે અને તેમણે દર્શાવેલો આત્મધર્મ પણ શંકારહિત અને સંપૂર્ણ છે. એ જિનવાણીને આધારે આત્માએ આત્માનું સ્વરૂપ વિચારવું જોઈએ અને સ્વરૂપનો નિશ્ચય કરવો જોઈએ. જ્યાં સુધી આત્માને તેના સ્વરૂપનો નિશ્ચય જ ન થાય ત્યાં સુધી તે ગુણ-સ્થાનકો, તેની મહત્તા, ત્યાં પહોંચવાના રસ્તા, ત્યાં ગયાથી થતા ફાયદાઓ એ આત્મા કદી સમજી શકે નહિ.

આત્માનું સ્વરૂપ સમજવા માટે આમ જિનવાણી પર શ્રદ્ધા હોવી જોઈએ. હવે એ શ્રદ્ધા શી રીતે થાય અને જળવાય તેનો વિચાર કરો. આ શ્રદ્ધા ઉપજવા અને તે કાયમ રહેવા બાળપણાથી નાના બાળકોને વારંવાર પાછળ કહ્યા પ્રમાણેની ત્રિવિધ ગળ-થુથી આપવી જ રહી. એ ગળથુથી તે એ કે :—

१ आ जीव अनादिनो छे.

२ भव अनादिनो छे.

३ कर्मसंयोग अनादिनो छे.

જે માબાપ પોતાના બાળકોને સદૈવ આ ગળથુથી આપશે તે બાળકો દૃઢપણે જૈનત્વમાં શ્રદ્ધાવાળા, ધર્મનિષ્ઠ અને નીતિવાન્ થશે. પોતાના આત્માનું કલ્યાણ કરશે અને જગતને દૃષ્ટાંતરૂપ થઈ આ પવિત્ર આર્યપ્રજા, આર્યસંસ્કૃતિ અને આર્યદેશ–ભારત વર્ષનો જગતમાં ડંકો વગડાવશે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## વ્યાખ્યાન છઠ્ઠું

"स्वस्थवृत्तेः प्रशान्तस्य, तद्धेयत्वादिनिश्चयम् ।
तत्त्वसंवेदनं सम्यक्, यथाशक्ति फलप्रदम्"

### દેશનાના સારભૂત અવતરણો.

૧. સંયમસાધનાની સુંદર જોગવાઈ જૈન શાસનમાં છે.

૨. સ્વ-પરતારકો આચાર્યો અને ઉપાધ્યાયો છે.

૩. પરતારક પરોપકારપરાયણ તીર્થંકર ભગવન્તના વચનની સેવા કરો.

૪. સાધ્ય-સિદ્ધિરૂપ મોક્ષના વધામણા રૂપ કેવળજ્ઞાનની પ્રાપ્તિ થયા વગર તીર્થંકરો દેશના દેતા નથી.

૫. તીર્થંકર નામ—કર્મના બે ફળ ૧ પૂજ્યતા અને ૨ તીર્થપ્રવૃત્તિ.

૬. શબ્દ પ્રીતિ અને પદાર્થ પ્રીતિનો ફરક સમજ્યા વગર સાધ્યસિદ્ધિનો રાજમાર્ગ સમજાતો નથી.

---

મનથી ચિંતવવું. વચનથી બોલવું અને કાયાથી કરવું થાય છે. આશ્ચર્ય છે કે-મન ચિંતનીય પદાર્થથી થયેલું છે, વીતરાગતા ચિંતવવા યોગ્ય છે ॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૭. વ્યવહારિકજ્ઞાનને જૈન શાસન અગ્રપદે સ્વીકારતું નથી.

૮. સમ્યગ્પદ વિનાના સૂત્રોનો સમન્વય.

૯. શ્રુતજ્ઞાનના શ્રવણ–પઠન–પાઠનથી ફળરૂપે ઉત્પન્ન થતા ભેદોનું વિસ્તૃત–સ્વરૂપ.

અપૂર્વસાધન

શાસ્ત્રકાર મહારાજા ભગવાન્ હરીભદ્રસૂરીશ્વરજી મહારાજા નવમા જ્ઞાનાષ્ટકની રચના કરતાં જણાવે છે કે, જૈનશાસને જ્ઞાનને જ્ઞાન તરીકે અગ્રપદ આપ્યું જ નથી. પરન્તુ અમોઘ ફળ રૂપ મોક્ષના સાધન તરીકે જ્ઞાનને અગ્રપદ આપ્યું છે. કર્મ તોડવા માટે જ્ઞાનને અગ્રપદ આપ્યું છે. કાંટાવાળી જમીન દેખવામાં આંખ એ સાધન છે તેવી રીતે પાપની પ્રવૃત્તિને સમજવામાં જ્ઞાન એ સાધન છે એટલું જ નહિ પણ સમજીને તે પાપથી કેમ બચવું એ માટે જ્ઞાનની અતિ આવશ્યકતા છે.

મતિ–શ્રુત અવધિ એ ત્રણ જ્ઞાન સાથે જન્મેલ ભગવંતો, જ્ઞાનના પ્રબળ પ્રભાવે સ્વયંબુદ્ધ તીર્થંકરો ગૃહસ્થાશ્રમ છોડી, દીક્ષા લે છે. દીક્ષા અવસરે ચોથું મનઃપર્યવ પ્રગટ થાય છે. ચાર જ્ઞાનના માલીક ભગવંતો દીક્ષાદિનથી ઘોર તપસ્યા તપીને, પરિસહ ઉપસર્ગોને સહીને, ઘનઘાતી તોડીને કેવળજ્ઞાન પામે છે. એટલું જ નહિં પણ સાધ્ય સિદ્ધિના વધામણા રૂપ કેવળજ્ઞાન પામી જગત્‌ને સંયમ માર્ગે વાળવા શાસનની સ્થાપના કરે છે. શાસન એટલે સંયમ–ત્યાગ, સંયમ રંગમાં રંગાયેલા આચાર્યો અને ઉપાધ્યાયો સ્વ–પર તારક છે. અર્થાત્ પોતે તરે છે અને સમાગમમાં આવનારાઓને તારે છે. તીર્થંકરો પરતારક છે,

---

બુદ્ધિમાન્ હૃદયથી વીતરાગનું ધ્યાન કરતો વચનથી હમેશાં સ્તુતિ કરતો અને કાયાથી સેવા કરતો અવશ્ય કર્મબંધનથી મૂકાય છે. ॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અર્થાત્ પોતે તરે છે અને સમાગમમાં આવનારાઓને તારે છે. તીર્થંકરો પરતારક છે, કારણ કે સાધ્યસિદ્ધિરૂપ મોક્ષના વધામણા રૂપ કેવળજ્ઞાન થયેલું છે. અને નિયમા મોક્ષે જવાના છે. પરન્તુ કેવળ પરોપકારપરાયણ તીર્થંકરો સકળ જગતને શાસનદ્વારાએ તારવા કટીબદ્ધ થયેલા છે. પરાર્થ–સર્વોત્કૃષ્ટ સિદ્ધિ પ્રાપ્ત થયા વગર સ્વાર્થ સિદ્ધિ થતી નથી, તેથી જ તીર્થંકરો તીર્થની પ્રવૃત્તિ કેવળજ્ઞાન પછી કરે છે. તીર્થંકર નામકર્મના બે ફળ ૧ પૂજ્યતા અને ૨ તીર્થપ્રવૃત્તિ, દશમા દેવલોકથી ચ્યવીને માતાની કુક્ષીમાં આવનારા મહાવીર મહારાજાની પૂજ્યતા શરૂ થઇ. ગર્ભમાં આવ્યા તેને ચ્યવન કલ્યાણક માન્યું. અને ઇન્દ્રાદિ દેવોએ પૂજાના મહોત્સવ કર્યા તેથી ગર્ભની શરૂઆતથી પૂજ્યતાની પ્રસિદ્ધિ થઈ. પૂજ્યતા રૂપ પ્રથમ ફળની શરૂઆત ગર્ભથી હોવા છતાં તીર્થંકર નામકર્મના વાસ્તવિક ફળ રૂપે તીર્થપ્રવૃત્તિ તો કેવળજ્ઞાન પછી. આજ વાતને સ્પષ્ટ કરતાં ચૌદ–પૂર્વધર ભગવન્ત ભદ્રબાહુસ્વામિ આવશ્યક નિર્યુક્તિમાં જણાવે છે કે—अगिलाए धम्मदेसणाए । છદ્મસ્થપણામાં તીર્થંકરો ઉપદેશ કેમ દે નહિ ? આ પ્રશ્નના સમાધાનમાં સમજવું જોઈએ કે બીજાના કહેવાનું કહેવું થાય. તેથી જ કેવળજ્ઞાન પછી દેશનાદિ દે. આ સ્થળે સમજવાની ખાસ જરૂરીયાત છે કે અખતરા કરીને કોઈએ ફળ મેળવ્યા હોય, અને ફળ પ્રાપ્તિ કરનારના કથનના હિસાબે ફળનું સ્વરૂપ કહેવું તથા દેખાડવું હોય તે જુદી વાત છે, પરંતુ સ્વયમેવ અખતરો કરી, કષ્ટ વેઠીને ફળ મેળવ્યું હોય તેવાઓ ફળનું સ્વરૂપ કહે અને દેખાડે તે અદ્વિતીય અપૂર્વ

---

હમેશાં વીતરાગજ લોકોનું રક્ષણ કરવાને સમર્થ છે કારણ કે આ વીતરાગજ નામ–સ્થાપના–દ્રવ્ય–ભાવ વડે કરીને ભવ્ય–પ્રાણીઓને સિદ્ધિ–મોક્ષને આપનારા છે ॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વાત છે અપૂર્વ જ્ઞાન સાધન પ્રાપ્ત થયા છતાં સંયમ વગર સાધ્ય-સિદ્ધિ અને સાધ્યસિદ્ધિના વધામણા સેંકડો કોષ દૂર છે. આ પ્રસંગમાં પ્રત્યક્ષ દૃષ્ટાન્ત રૂપે તીર્થંકરો છે. તેથી અપૂર્વ સાધન જ્ઞાનના પ્રબળ પ્રભાવે કેવળજ્ઞાન રૂપ અપૂર્વ સિદ્ધિ પ્રાપ્ત થઈ.

**શબ્દ પ્રીતિ અને પદાર્થ પ્રીતિ.**

જગતમાં શબ્દ પ્રીતિ તરફ દોડનારા સેંકડો છે. પરન્તુ પદાર્થ પ્રીતિ તરફ ઘસનારા તદ્દન અલ્પ સંખ્યામાં છે. શબ્દ પ્રીતિ અને પદાર્થ પ્રીતિનો ફરક સમજવાની જરૂર છે. સંપ શબ્દ સૌને ગમે છે. તમારા ઘરમાં સંપ છે. એ સાંભળવો સારો લાગે છે. પરન્તુ સંપ ટકે કેમ ? તેનું સ્વરૂપ સમજ્યા નથી. અર્થાત્ સંપ રૂપ પદાર્થ સમજ્યા નથી. સંપ શબ્દની પ્રીતિવાળો સંપ આવે કેમ અને સંપ કુસંપમાં ન પલટાય તેની ફીકર કરતો નથી. પરન્તુ સંપને સુરક્ષિત સાચવવા માટે સંપના ત્રણ પાયા સમજવાની જરૂર છે. ૧. ગુન્હો કરવો નહિ, ૨. ગુન્હાની ગાંઠ બાંધવી નહિ, ૩. ગુન્હેગાર ઉપર ઉપકાર કરવાનો અવસર આવે તો ચૂકવો નહિ. અર્થાત્ બીજી રીતિએ સમજીએ તો બીજાની કશુરમાં આવવું નહિ એટલે કશુર કરવી નહિ, કશુરની માફ એટલે કશુરની ગાંઠ બાંધવી નહિ અને ગુન્હા રૂપ અપકારને ઉપકારમાં ફેરવી લેવો. શબ્દ પ્રીતિ અને અર્થ પ્રીતિ ઉપર બાદશાહ અને બીરબલનું વૃત્તાંત સમજવા જેવું છે. બાદશાહ બીરબલકુ પૂછે છે કે હે. બીરબલ ! બનીયા માતા (શરીરે જાડા અને ચિન્તા વગરના) કેમ દેખાય છે ? બીરબલ કહે ખુદાવિંદ ! બનીયા ગમ ખાય છે. બાદશાહ કહે મેં બા

---

હે જિનેશ ! હરિહર-વિગેરેની દૃષ્ટિ હમેશાં સંસારનો સંબંધ કરાવનારી છે જ્યારે તમારી દૃષ્ટિ શરૂઆતથી માંડીને અંત સુધી મોક્ષને અપાવનારી છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શકું કે નહિ ? બીરબલ કહે ખુદાવિંદ બનીયા ગમ ખાનેકા પદાર્થકું સમજ શકતા હૈ. આપ ગમ શબ્દ શ્રવણ કરી શકતા હો મગર અવસર પર ગમ ખા શકોગે નહિ. બીરબલે ગમ ખાવા સંબંધમાં વાત માંડીને વિસ્તારથી કીધી એટલે બાદશાહ સમજી ગયો કે બનીયા અવસર પર ગમ ખાઇ ગુસ્સો દબાવી શકે છે, કારણ કે તેના પરમાર્થને તે સમજી શકે છે. તેવી રીતે જ્ઞાન શબ્દની પ્રીતિ જગત્‌ને છે પણ જ્ઞાન પદાર્થની પ્રાપ્તિમાં ભલભલાને પણ મુંઝવણ થાય છે. જ્ઞાનીનો વિનય સેવવો, જ્ઞાન મેળવવું, મેળવીને જ્ઞાનને ટકાવવું, ધારવું, વધારવું અને અવસરે તેનો સદુપયોગ કરવો એ બધું જ્ઞાન પદાર્થની પ્રીતિવાળોજ કરી શકે છે.

**સમ્યગ્ પદની વ્યવસ્થા.**

જગત્‌ના વ્યવહારિક જ્ઞાનમાં જ્ઞાન અજ્ઞાનના ભેદ પાડ્યા નથી, છતાં દુનિયાદારીની નુકશાનને અનુભવનારાઓ જ્ઞાન અને અજ્ઞાનનો ભેદ તે અવસરે માને છે. સૂત્રોમાં ज्ञानक्रियाभ्याम् मोक्षः એ ભાવની પંક્તિ આવે છે. તે સ્થળે સમ્યગ્‌જ્ઞાન કે મિથ્યાજ્ઞાન જણાવ્યું નથી, તો શું દરેક જ્ઞાન અને દરેક ક્રિયાથી મોક્ષ થઇ જવાનો ? સમાધાનમાં સમજવું જોઇએ કે તે સૂત્ર જૈનદર્શનની શ્રદ્ધાવાળા માટે છે. આ ઉપરથી જ્ઞાનક્રિયાથી મોક્ષ એ વચન આવીને ઉભું રહે ત્યાં સમ્યગ્‌જ્ઞાન અને સમ્યક્ ક્રિયા સમજીજ લેવી. પરન્તુ જે સ્થળે સમ્યક્ પ્રયોગ કર્યો હોય ત્યાં સમજવું જરૂરીનું છે કે તે સ્થળે જૈન-જૈનેતર સર્વપર્ષદ્ માન્ય તે સૂત્ર રચના છે. દૃષ્ટાન્ત તરીકે सम्यग्दर्शन-ज्ञान-

---

ભયાકુલ આ ભવસમુદ્રથી અનંતા પ્રાણીઓ બચાવ્યા મારા એકના સમુદ્ધારમાં શું મોટો વિચાર હોય ? ॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

चारित्राणि मोक्षमार्ग : એ પ્રથમ સૂત્રની રચના તત્ત્વાર્થગ્રંથની આદિમાં કરી. કારણ કે તે ગ્રન્થનો અભ્યાસ જૈનદર્શનની શ્રદ્ધાવાળો કે શ્રદ્ધા વગરનો ભણે તો તે સ્થળે તે જણાવવાની જરૂર પડે તેથી તે સ્થળે સમ્યગ્ પ્રયોગ કરેલ છે. સૂત્રનું પઠન-પાઠન-શ્રદ્ધા રંગથી રંગાયેલા શ્રમણ ભગવન્તો માટે છે તેથી તે સ્થળે નિર્દેશ ન કર્યો હોય તો સમજી લેવાની જરૂર છે.

**બોલવા સમજવામાં ફરક.**

અનુયોગદ્વારના અંતમાં પણ ज्ञानक्रियाभ्याम् मोक्षः આ સૂત્રનો ભાવ આવે છે. કોઇપણ સ્થળે જ્ઞાનાષ્ટકમાં જણાવેલ ત્રણ વિભાગ આવતા નથી. પરન્તુ આ ત્રણ વિભાગ માર્ગપ્રતિપન્નવાળા માટે છે. વિષયપ્રતિભાસ જ્ઞાન પ્રથમ તે પણ જૈન કુળવાળા માટેજ છે, પણ તે પામીને આગળ વધવાની જરૂર છે. જુઓ આશ્રવના ૪૨ ભેદો ઇન્દ્રિય, કષાયાદિ ગણી ગયા પછી બોલ્યા કરીએ ત્યાં સુધી શબ્દ પ્રીતિ છે. અર્થાત્ વિષયપ્રતિભાસ જ્ઞાન થયું. પરંતુ આશ્રવ પદાર્થની પ્રીતિ નથી અર્થાત્ ઇન્દ્રિય-કષાયથી થતા આશ્રવની ગભરામણ નથી. અચરે અચરે રામ બોલનાર પોપટને રામની મૂર્તિ ઉપર વિષ્ટા કરતાં અરેકાર નથી, તેવી રીતે આશ્રવના ભેદ બોલનાર અને ગણાવનારને આશ્રવની ભયંકરતા અને જવાબદારી, જોખમદારી સમજવાની જરૂર છે. અંતે તેથી સમજણના અભાવમાં અરેકાર આવતો નથી. નિશાળ ભણનાર નિશાળીઆને હિસાબ

---

બીજાઓ પોકાર કરી ને કહે છે કે અમારી પરીક્ષા નકરવી. તેમજ અમારા આગમોની પણ પરીક્ષા ન કરવી તો પણ જનતાનું ભોલપણ આશ્ચર્ય છે કે મોક્ષની ઇચ્છા હોવા છતાં તેઓની પાસે સરલ ભાવે દોડી જાય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ગણતાં આવડે છે પરંતુ હિસાબની લેવડ-દેવડમાં જોખમદારી જવાબદારી સમજાયેલ નથી, તેવી રીતે આશ્રવ-સંવરના ભેદો બોલનાર, સમજનારને નિશાળીઆ જેવી હાલત ન શોભે. પ્રકરણ કર્મગ્રન્થાદિ ભણનારને પદાર્થની પ્રીતિ થાય ત્યારે આત્માની જવાબદારી અને જોખમદારી સમજે છે. અને એ સમજ આવે ત્યારે આત્મપારિણતિ જ્ઞાન થાય. જૈનકુલમાં જન્મેલો આત્મા ઉપાશ્રયમાંજ અને દેરામાંજ આયુષ્ય (બીજા ભવનું) બાંધતો નથી. માટે આશ્રવની હેયતાનો અને સંવરની ઉપાદેયતાનો વિચાર ચોવીશ કલાક કર્યા કરો. બજારમાં ક્રાઈસીસ (નાણાની ભીડ) આવે ત્યારે ઈજ્જતદાર વેપારી ગભરાય છે તેવી રીતે આત્માની હાલત હાલ ચોવીશ કલાક ક્રાઇસીસ જેવી છે માટે દુર્ગતિથી ડરનારા જીવે જરૂર ગભરાવા જેવું છે.

## વિષયપ્રતિભાસાદિ ત્રણ ભેદ.

આ ઉપરથી ફળરૂપે પરિણામ પામતા ત્રણ ભેદો જણાવાય છે. ચાલુ વિષયમાં જ્ઞાનના ત્રણ ભેદોમાં ૧. વિષયપ્રતિભાસ, ૨. આત્મપરિણતિ અને ત્રીજું તત્ત્વસંવેદન જ્ઞાન જણાવે છે. આ સ્થળે સાંભળનારને શંકા થાય કે મતિ શ્રુત અવધિ મનઃ પર્યવ અને કેવળજ્ઞાન એ પાંચ જ્ઞાન છે અને તેના ૫૧ ભેદો છે તે પૈકી કાંઇપણ ભેદ ઉપરમાં આવતો નથી તો તે ભેદ કયાંથી લાવ્યા ? આ શંકાના સમાધાનમાં સમજવું કે પાંચે આવરણ

---

દેવ, આગમ ધર્મ અને ગુરૂઓને હે પ્રાણી ! જો તું હમેશાં અહિં મુક્તિ માટે આરાધતો હોય તો જેઓ ક્લેશના સમૂહથી રહિત હોય તેઓની સેવા કર. કારણ કે સાધ્ય મોક્ષપદ તેને અનુકૂલ હોય તે સેવવા જોઈએ ॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ખસવાથી પ્રગટ થતા-ઉત્પન્ન થતા એ પાંચ ભેદો છે. અને તે પાંચના વિસ્તારથી સ્વરૂપે ૫૧ ભેદ છે. જ્યારે આ ત્રણ ભેદો પરિણુતિના છે. અને વ્યાખ્યાનાદિ શ્રવણુ કર્યા પછી ફળરૂપે પરિણામ પામતાં આ ત્રણ ભેદ છે શ્રવણ કરતા પદાર્થની ઓળખાણ થાય પણ હેય ઉપાદેયના નિર્ણયરૂપ સુધારો ન થાય તે **વિષયપ્રતિભાસ જ્ઞાન** પદાર્થની ઓળખ સાથે તે પદાર્થ આત્માને કેટલો હિતકર અને કેટલો હાનિકર છે એ વિચારણા સાથે આત્મા સાથે વ્હેંચણુ કરે તે **આત્મપરિણતિજ્ઞાન.** અને ત્રીજા **તત્ત્વસંવેદન**માં હેય-ઉપાદેયના નિશ્ચયપૂર્વક યથાશક્તિ પ્રવર્તન હોય છે. પ્રથમ વિષયપ્રતિભાસમાં હેય-ઉપાદેયની વિચારણા વગર માત્ર પદાર્થની ઓળખ. બીજા આત્મપરિણુતિ જ્ઞાનમાં વર્તન વગર હેય-ઉપાદેયની વિચારણા રૂપ પરિણુતિ અને ત્રીજા ભેદમાં હેય-ઉપાદેયના નિશ્ચયપૂર્વક પ્રવર્તન હોય તો તત્વસંવેદન સમજવું. આ ત્રણે ભેદમાં પ્રથમ ભેદ અને બીજા ભેદને અંશે યુક્તિયુક્ત શંકા-સમાધાન દાખલા દૃષ્ટાન્તપૂર્વક સમજી ગયા. હવે ત્રીજા ભેદમાં પ્રવર્તનશીલ થયેલા આત્માઓ કાર્યસિદ્ધિમાં કઈ રીતે આગળ વધે છે તે અગ્રે વર્તમાન.

---

અહિં બધા પંડિતોમાં કોઈપણુ સાધ્યને અનુરૂપ હેતુઓને છોડીને બીજા હેતુઓનો આશ્રય કરતો નથી, તો પણુ મનુષ્ય સરાગ દેવ વિગેરેને મોક્ષ પ્રાપ્તિ માટે કેમ સેવે છે ॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## આગમોદ્ધારકશ્રીના અમૃતવચનો

* અનાદિ કાળથી રાગદ્વેષ જીતવાની સમ્યગ્દર્શનાદિ રત્નત્રયીવાળી એક સરખી પદ્ધતિ ચાલી આવી છે. ચાલે છે અને ચાલશે.

* તીર્થંકરો બધા સ્વયંબુદ્ધજ હોય પણ કેવળીઓ બધા કંઈ સ્વયંબુદ્ધ ન હોય.

* સ્વશક્તિથીજ અને સ્વઆલંબનથીજ તીર્થંકરો કૈવલ્યદશા પ્રાપ્ત કરે છે.

* આત્મીયદૃષ્ટિએ દેવતાનો ભવ પણ આત્મીય શક્તિના આવિર્ભાવને વધારવા માટે અંધાપા સમાન છે.

* ભાવદયાનાં નિર્ઝરણાં ઝરાવવા માટે જૈનદર્શન જગતમાં જન્મ્યું છે.

* અન્યજીવ સંબંધી કર્મથી આવી પડેલાં દુઃખો દેખીને તે દુઃખોને ટાળવાનું મન થાય, તે ટાળવાના પ્રયત્નો થાય અને તે દુઃખો સર્વથા દૂર કરાય તે દ્રવ્યદયા.

* જ્યાં સુધી ભાવદયાનું તત્વ નિહાળનારા નહિ થાઓ ત્યાં સુધી પ્રભુમાર્ગની બધી કાર્યવાહી સાધ્યની સિદ્ધિ કરી શકશે નહિ,

* ભાવદયામાં જનારા કેવલ ભવ્ય જીવોજ હોઈ શકે. દ્રવ્યદયામાં તો ભવ્ય અને અભવ્ય બન્ને હોય પણ ભાવદયામાં ફક્ત એકલા ભવ્યજીવો ભવ્ય પરિણામવાળા હોય તેજ રહી શકે.

---

બધા ભવ કર્મથી થએલા છે. કર્મનું મૂલ કષાયો છે સંસાર કર્મ અને કષાયનો છેદ વીતરાગના આશ્રયથી થાય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust